
કુમાર



અંક ૮૨



તંત્રી રવિશંકર રાવળ; **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.

ચેતવણી

લવાજમ વરસના રૂા. ૬: પરદેશના રૂા. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ–૨

લેખકોઃ જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટૂંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પૂરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.



ઉમાનું તપ

ચિત્રકાર : સોમાલાલ શાહ

'કુમાર'ના આસો ૧૯૮૯ના અંકનું મુખચિત્ર

કુમાર

આસો
ઓગણીસસો
છ્યાશી

આવતી કાલનાં નાગરિકોનું માસિક



બુદ્ધનાં ચક્ષુ

[શિખરિણી]

ભલે ઊગ્યાં વિશ્વે નયન નમણાં એ પ્રભુતણાં,
ઊગ્યાં ને ખીલ્યાં ત્યાં કિરણકણી આછેરી પ્રકટી,
પ્રભા ત્યાં ફેલાઈ જગત પર દિવ્યા મુદતણી,
હસી સૃષ્ટિ, હાસે દલ કમલનાં પ્રફુલ્લ બનિયાં.

પ્રભો! જન્મેજન્મે કર ધરી કંઈ શસ્ત્ર ઊતર્યા,
નખાગ્રે, દંતાગ્રે, દમન કરિયું શબ્દજલથી,
સજ્યૂં કે કોદણ્ડ, ગ્રહી પરશુ, ચક્રે ચિત ધર્યું,
પ્રભો! આ જન્મે તો નયનરસ લેઇ અવતર્યા.

વિધાતાનાં દીધાં નયન કરીને અંધ જગ આ
ભુજાએ ઝૂઝંતુ કુટિલ મનનો આશ્રય લઈ;
પ્રભો! આવી આજે નયન જગને અર્પણ કર્યાં,
ભમંતું અંધારે જગત નવ ચક્ષે જગવિયું.

મથ્યા લોકો ખુલ્લાં નયન કરવા અંધ પ્રભુનાં,
પૂર્યાં કિલ્લે, મ્હેલે, રમણીભુજને પિંજર વિષે;
વિદાર્યાં એ બંધો, નયન ઊઘડ્યાં ચેતનભર્યાં,
ન ઊંઘ્યાં જાગેલાં, મુરછિત દગોને જગવિયાં.

ફરી ખૂણેખૂણે જગત નિરખ્યું નેત્ર સદયે,
લહ્યું: સૃષ્ટિખાડે ખદબદી રહ્યા કીટ જગના,
જરા-વ્યાધિ-મૃત્યુ ત્રિવિધ વમળે ડૂબી મરતા,
અને બીજા જીવો ઉપર નભતા જીવ નિરખ્યા.


ઘૂમ્યાં શાંતિ અર્થે વનવન, તપો તીવ્ર તપિયાં,
ન લાધ્યું ઇચ્છેલું, નયન ભમતાં ત્યાં વિરમિયાં;
સર્યાં તે મીંચાઇ નિજ હૃદયને સાગરતલે,
ફરી આત્માગારે વિરલ લઇ મુક્તા ઊઘડિયાં.

અને આત્માસ્નાને અધિક થઇને આર્દ્ર નયનો
ખુલ્યાં ના ખુલ્યાં ત્યાં પ્રભુયરસગંગા અવતરી,
વહી તે ફેલાતી સભર જડ ને ચેતન વિષે.
કૃપાગંગાસ્નાને અવગતિ ટળી જીવ સહુની.

ઉધારી સૃષ્ટિને નયનજલથી ચક્ષુ પ્રભુએ
શમાવ્યાં, ત્યાં બીજાં નયન જગને અંતર ખુલ્યાં.
પછી ઝંઝાવાતો ઊમટી કદી એને મૂંઝવતા,
તુફાનો દાબી એ દ્વિગુણ બલથી તે ચમકતાં.

હવે ના મીંચાશો, નયન કદી યે જે ઊઘડિયાં,
દયાની ગંગા આ પરમ તપ અંતે ઊતરી, તે
અખંડા વ્હેતી રહો કઠણ તપના સિંચન થકી,
વહો ખંડેખંડે, પ્રતિ ઉર વહો નમ્ર જગને.

'સુન્દરમ'



"એ ભૂમિ હમારી, મૈયા હમારી,
કોણ અવર કહેશે નિજની ?
. . . . . .
ન દેઉં ઉચરવા, ન ચાહું ઉગરવા."

એક વર્ષ પહેલાંની દીપોત્સવી યાદ કરો અને આજ સારા યે દેશમાં પ્રકટેલી આત્મજ્યોતિઓ નીરખો તો યુગનો મહાન ચમત્કાર લાગ્યા વિના નહિ રહે. કોણ જાણતું હતું કે ભારતનો સ્વાતંત્ર્ય-ઘોષ એક જ વર્ષમાં દુનિયાના ખંડે-ખંડમાં ગાજી ઉઠશે ? કોણ જાણતું હતું કે ભારતના યુવાનો દેશના બલિદાન-યજ્ઞમાં અભૂતપૂર્વ દૃષ્ટાંતો દાખવશે ? જૂની આંખોને સ્વપ્નું લાગે એવી અજબ એક કડી આખા દેશમાં સંકળાઈ ગએલી છે. એકતાન અને એકધ્યાન ઘેરે-ઘેર લાગી રહ્યાં છે. અંધનાં પડળ ઉઘડી જાય એમ એકેએક યુવાન અને યુવતી, વિદ્યાર્થી અને કન્યા આઝાદીનો વાયુ માણી રહ્યાં છે. આઝાદી વિના ભાગતર, હોદ્દા, વૈભવ, સત્તા બધાં ધૂળ છે એ વાત દીવા જેવી ચોખ્ખી થઈ ગઇ છે.

દેશની દીવાળી ખરી તો ત્યારે ઉજવાય કે જ્યારે દેશનાં બંદરો પર દીપમાળ કરવાનો આપણો હક્ક હોય, દેશના એકેએક મહાલય પર રાષ્ટ્રધ્વજ નિરંકુશ ફરકી રહ્યો હોય, દેશનો એકેએક બાળક દેશની બનાવટનાં જ વસ્ત્રો ને વસ્તુઓ પર નિભાવ કરવા આતુર હોય દેશની દીવાળી દારૂખાનાનો ધુમાડો ન હોય, પણ દેશના અનેક હુન્નરો, કસબો ને કારીગરીઓને સમૃદ્ધ ને સંવૃદ્ધ કરવાનો મહાન ઉત્સવ હોય. તે દિને દેશનું વાતાવરણ ગગનભેદી નાદથી ગર્જે, આકાશનાં મંડળો સુધી ઝળહળતો પ્રકાશ છાઈ જાય. આપણી હગણાંની દીવાળીઓ તો આપણી અસહાયતા, નિર્બળતા ને પામરતાનાં સરવૈયાં સિવાય બીજું કશું બતાવી શકે તેમ નથી. એ બધી ભૂલો ને આંટીઓ ઉકેલીને રાજદ્વારી આંધીમાથી હિંદી યુવાનને બધી દિશાઓ ખુલ્લી થતી નહિ લાગે ત્યાં સુધી એને હવે આરામ કે આનંદ નથી.

> **પ્રતિજ્ઞા**
>
> નબળાઇ સામે લડવાની તાકાત હૃદયમાંથી જ આવી શકે છે. એ તાકાતને એકઠી કરી અસરકારક રૂપમાં મૂકવી તેનું નામ પ્રતિજ્ઞા. માણસની પ્રતિજ્ઞા એ તેની આબરૂ છે, તેનું સત છે, સ્વમાનનો સાર છે. પ્રતિજ્ઞા એ આપણા જીવનની છેલ્લી શક્તિ છે. જીવને જોખમે પણ તેને સાચવવી જોઇએ.
>
> (કાલેલકર)

ગઇ દીવાળી ને આજની દીવાળી વચ્ચે કેટકેટલા બનાવો બની ગયા ! રાષ્ટ્રે આત્મોદ્ધારનો સિદ્ધાંત સ્વીકાર્યો ત્યારે એક પણ માણસે આજ સુધીના પ્રસંગોની કલ્પના સુદ્ધાં કરી નહિ હોય. દુષ્ટ કાયદાઓનો ભંગ કરતાં જેલ, ત્રાસ, માર ને મૃત્યુ સુદ્ધાંનાં દુઃખો ખમવા પ્રજા તત્પર હશે એમ એ વેળા માનવા પણ કેટલા જણ તૈયાર હતા ?

આજ ઘરઘરના યુવાનો અને વિદ્યાર્થીઓ, સ્ત્રીઓ અને બાલિકાઓ શહેરોમાંથી તથા ગામડાંમાંથી અન્યાય અને પરતંત્રતાની બેડીઓ તોડવા જંગમાં ઝુકાવી રહ્યાં છે; કોઇ દૈવી ચમત્કારની પેઠે ઝાલિમ શાસનનો સજ્જડ પ્રતિકાર કરી રહ્યાં છે. આત્મબલિદાનના પાઠો માટે જાપાન, યુરોપ કે અમેરિકાનાં પુસ્તકો જોવાની હિંદના વિદ્યાર્થીને હવે જરૂર રહી નથી. ગામડા અને શહેરની વચ્ચેના ભેદ ભૂલાવતી છાવણીઓમાંથી હિંદી જનતાનો પ્રાણ સારા યે પ્રાંતમાં ઐક્ય અને ભ્રાતૃભાવનું વાતાવરણ રેલી રહ્યો છે. ત્યાં કોઈ ગરીબ કે અનાથ નથી લાગતું, કોઇ મોટું કે અમીર નથી લાગતું. સર્વે એક જ માતાનાં સંતાન છે. એકબીજાની હુંફે જીવવાનું છે, એ વાત તેમના જીવનમાં પ્રાણમંત્ર ફૂંકી રહી છે. પરદેશના માન-ચાંદ કે પરદેશના વૈભવો તેમને મન લુખ્ખાં નીરસ છોતરાં થઇ પડ્યાં છે.

પણ છતાં હજી કેટલાં યે માબાપો ને કેટલાક વિદ્યાર્થીઓને ખાલી ચિંતા થવા માંડીછે કે કેળવણીનું શું થશે? આ ચિંતા કઈ કેળવણી માટે થાય છે? જે કેળવણીએ આપણને સ્વદેશપ્રેમથી વંચિત રાખ્યા, જે કેળવણીએ આપણા ધંધા ને કારીગરી ભૂલાવ્યાં, જે કેળવણીએ સરકારી નોકરીના મોહમાં સ્વમાન અને જાતીય સંસ્કૃતિ ધૂળ મેળવી નાખ્યાં એ કેળવણી મળે તો યે શું અને ન મળે તો યે શું ?

અમેરિકા, જાપાન અને જર્મનીનાં યુદ્ધો વાંચનારા કેળવણીનો આદર્શ આટલો જ સમજ્યા હોય તો તેમને મળેલી કેળવણી ખોટી છે. સ્વાતંત્ર્યના યુદ્ધમાં જ ખરી કેળવણીનાં બીજકો રહેલાં છે. અને હિંદની કેળવણીનું શુદ્ધ સ્વરૂપ તો આ લડતના પરિણામમાંથી જ જન્મ પામશે. ઇંગ્લંડે હિંદ માટે ઘડેલી બનાવટી કેળવણીની પૂતળી હવે ઓગળવા માંડી છે. તે સજીવ નથી; હિંદના યુવાનોનું સત્ત્વ ચૂસી લેવા કરેલું યાંત્રિક રચનાવાળું ખોખું માત્ર છે. ખર્ચ, આયુષ્યક્ષય ને સત્ત્વહીનતાના પોટલા નીચે દબાવી વિદ્યાર્થીને એક નિરાધાર નિઃસહાય પ્રાણી બનાવી દેનાર એ કેળવણીમાંથી છોડવવા માટે જ જાણે આજનો રાષ્ટ્રજંગ નિર્માયો જણાય છે.

જે વિદ્યાર્થી આજની કેળવણીના માયાવી પાશમાંથી છૂટી રાષ્ટ્રધ્વજ નીચે ચાલી નીકળ્યો છે તેનું દર્શન નેત્રોને તૃપ્ત કરે છે. તેની આંખો નીડરતા અને

નિર્ભયતાનાં તેજે ચમકે છે. સ્વાશ્રયના પાઠોએ તેને સબળ ને સ્વાધીન બનાવ્યો છે. વૈભવ ને આરામનો ત્યાગ કર્યા છતાં તે ઉત્સાહી અને પ્રાણવંતો બન્યો છે. તેનું માનસ હિંદના અસંખ્ય માનવગણનાં દુઃખો ને પરાધીનતાથી તપી રહેલું છતાં અગાધ શક્તિનું બળ મેળવી રહ્યું લાગે છે. તેની ગતિ તીવ્ર બનતી જાય છે. તે મહાન યોજક થયો છે. તે ઝાલિમને હંફાવી રહ્યો છે અને પળેપળે રાષ્ટ્રને સ્વાતંત્ર્યના વાયુની લહરીઓ આપી રહ્યો છે. તે યુગનો આદ્ય દ્રષ્ટા છે, કવિ છે, વીર છે, વિજેતા છે. એનો જ ઉદ્ગાર છે:

‘ કયમ ગાજી ન કહીએ
એ ભૂમિ હમારી, મૈય હમારી?’

રણજીતરામ સુવર્ણચંદ્રક

સ્વ. રણજીતરામ વાવાભાઈ નવયુગના યુવકવર્ગમાં ગુજરાતની અસ્મિતાના આદ્ય પ્રેરક ને ભાવનાવિધાયક હતા. ગુજરાત તેમને મન સજીવ મૂર્તિ હતું, અને તેનું ગૌરવ, તેનું સાંસ્કારિક વ્યક્તિત્વ ને એકતાનતા જમાવવા તેમણે જીવનભર પ્રયાસ કર્યો હતો. તેમના જ પગલે ચાલી તેમની ભાવનાઓ જીવાડવા જેણે જેણે પ્રયાસ કર્યો હોય તેની જાહેર કદર તરીકે રણજીતરામ સ્મારક સમિતિ તરફથી દર વરસે તેમના સ્મરણમાં એક રણજીતરામ સુવર્ણચંદ્રક છેલ્લાં ત્રણ વર્ષથી અપાય છે. આ વર્ષે એ ચંદ્રક તેમણે ‘કુમાર’ના તંત્રીને આપવાનું યોગ્ય ધાર્યું છે. આ હકીકત ‘કુમાર’ના વાચકોને જણાવતાં અમે કૃતજ્ઞ હૃદયે સંતોષ અને આનંદ જાહેર કરીએ છીએ. સ્વ. રણજીતરામ વાવાભાઇ અમારા સ્નેહી અને મિત્ર હતા, સહાયક અને પ્રેરક હતા. એમનું જાહેર સ્મરણચિહ્ન અમારી સંસ્થામાં રાખવાને અમને મળ્યું તે અમારૂં સુભાગ્ય માની ચંદ્રક અર્પનારાઓનો આભાર માનીએ છીએ. આ પ્રસંગના સ્મરણમાં સ્વ. રણજીતરામ વિશે એક નવો પરિચય લેખ આવતા અંકમાં આપી સ્વર્ગસ્થના આત્માને અમારી અંજલી અર્પીશું.

સ્વાસ્થ્ય · શક્તિ · સૌન્દર્ય



આ ગરદન તો જુઓ. કેટલી દૃઢતા! જાણે લોખંડનો થંભ. અને ખભા? છાતીના પુષ્ટ સ્નાયુઓ સાથે મળી જતા એ ખભાની ખીલવણી કેટલી સુરેખ છે! ૧૯ વર્ષના ગભરૂ જવાન ભાઈ જીવણલાલ જેઠવાની બાર મહિનાની તપશ્ચર્યાનું આ ફળ. શરીર સુધારવાની ધૂન વાળાના ચમત્કાર કેવા હોય છે, તેનો થોડો ખ્યાલ આ ચિત્રમાંથી આવશે. ૫'-૪" ઊંચાઇ અને ૧૨૫ રતલ વજન વાળું આખું કાઠું એક સાંકળે ગૂંથાએલું અને અશિથિલ અંગપરંપરા વાળું છે. દેશી વ્યાયામપદ્ધતિના નિયમિત વ્યસની આ યુવાનનું અનુકરણ કેટલા કરે છે?—પણ ક્યાં કોઇને આખા મરદ બનવું છે?

સ્વરાજ્યના સંદેશવાહકો

શહેર-ગામોના સૂગાળવા, ચાગલા અને નાજુક યુવાનો, શ્રીમંતોના પુત્રો, તબીબીના, કાયદાના, સાહિત્યના કે વ્યાપારી અભ્યાસના ગ્રૅજ્યુએટો ને અંડર-ગ્રૅજ્યુએટો, જેમણે નહાવા-ધોવામાં પણ શુદ્ધ નીર અને સાબુ વિના ચલાવ્યું નહિ હોય, તેઓને ભાલનાં ગામડાંઓમાં જરા પણ કચવાટ કે ફરિયાદ વિના ગંદાં કીચડ જેવાં પાણી પીતા તથા જુવારના રોટલાને અડદની દાળ ખાતા દીઠા. રેલવે લાઇનથી ચાલીસ ચાલીસ માઇલ દૂર, એક પણ ઝાડ વગરની સળગતી એ વેરાન ભૂમિમાં, ભૂખલ્યા એક ગામડાની અંદર, સ્નાન વિનાના અને ગંધાતે શરીરે અને વસ્ત્રે, તથા પીવાનાં પણ પાણી વિના, અભ્યાસ છોડી, કુટુંબ છોડી, શહેરના સુખવૈભવ છોડી, ટપાલ પણ જ્યાંથી કોઇ લઇ જનારૂં નથી એવી જગ્યાએ દેશના દિલ-દઝતા યુવાન વગર બીજું કોણ આવીને આવી ભીષણ તપશ્ચર્યા માંડી શકે? આ દુનિયાથી છેદાઇને દૂર ફેંકાએલાં, કોઇ પતિયા-કોઢિયા કરતાં યે બદતર હોય તે રીતે સરકારથી (સિવાય કે કરવેરા લેવા!) ત્યજાએલાં ને સમાજથી તરછોડાએલાં, ખાડીમાં ખદબદતાં માછલાં વગેરે જંતુઓ જેવાં ભાલના લોકોની પાસે સ્વરાજ્યના સંદેશવાહકો બનીને દેશના જુવાનો વિના બીજું કોણ આવે, ને કોણ એક દિવસ પણ કાઢી શકે? મગદૂર નથી સરકારના ભાડુતી પેટભરાઓની, કે અહીં અડ્ડા જમાવી આ ભાવનાની જ્વાળામાં ભસ્મ થઇ જનારા સત્યાગ્રહ-સૈનિકોનો મુકાબલો કરી શકે. સાચેસાચ સ્વરાજ હાથવેંતમાં દેખાઇ રહ્યું છે. (સૌરાષ્ટ્ર)

દરેક પ્રજાનો ઇતિહાસ એટલે તે પ્રજાના મહાન પુરુષોનાં જીવનચરિત્ર. વિવિધ યુગમાં ઉદ્‌ભવેલા મહાન પુરુષોએ પોતાના કાળમાં સામાજિક રાજકીય કે ધાર્મિક વિષયોના વિકાસાર્થે જે ફાળો આપ્યો હોય તે જ કોઇ પણ દેશની ખરી ઇતિહાસ-સમૃદ્ધિ છે.



ગુજરાતની એવી ઇતિહાસ-સમૃદ્ધિમાં આ યુગ તરફથી અગત્યનો ફાળો ઉમેરનાર ગુજરાતના પહેલા ને પ્રતિભાશાળી રસાયણશાસ્ત્રી

ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જર

ભાવિ ગુજરાતનાં પ્રજાજનોના સ્મરણમાં નૂતન યુગના એક મહાન ગુજરાતી તરીકે સદાકાળ ચિરંજીવ રહેશે.

ગુજરાતમાં સુરત શહેરની પ્રાચીનતા પ્રસિદ્ધ છે. દીવ, ઘોઘા ને ખંભાત પછી સુરત હિંદનું અતિ પ્રખ્યાત દરિયાઇ વેપારનું ક્ષેત્ર ગણાતું. તેની કીર્તિ આજના લંડન કે ન્યૂ યૉર્ક જેટલી એ સમયે હતી. કોટ્યાધીશ વ્યાપારીઓ ત્યાં વસતા. દરેક કળામાં નિપુણ માણસોને ત્યાં સારો આશ્રય મળતો, તેથી ચિત્ર, સંગીત, સ્થાપત્ય આદિ કળાના જાણકાર કુટુંબો ત્યાં આવી વસ્યાં. પણ કાળક્રમે અન્ય મોટાં શહેરોની જે દશા થાય છે તે જ સ્થિતિ સુરતની પણ થઇ.

ત્યાં સ્થાપત્યમાં નિપુણ એક ગજ્જર અટકનું વૈશ્ય સુતાર કુટુંબ રહેતું. પૈસેટકે તે બહુ સુખી હતું. આજે પણ ગજ્જર કુટુંબ સર્વ સુતાર જ્ઞાતિઓમાં અગ્રેસર ગણાય છે અને આત્મારામ ગજ્જરનું નામ હજુ પણ પ્રસિદ્ધ છે. તેમના ભાઇના પુત્ર કલ્યાણદાસ પણ મોટા શિલ્પી ગણાતા. એમણે એ કાળે 'શિલ્પ-શાસ્ત્ર' નામનું એક ઉપયોગી પુસ્તક રચ્યું છે, જેની એકાદ વિરલ પ્રત આજે વડોદરાની સેન્ટ્રલ લાયબ્રેરીમાં જોવા મળે છે.

આ કુટુંબમાં ૧૮૬૩ના ઑગસ્ટ માસમાં એક પ્રતિભાવાન પુત્રનો જન્મ થયો. એ જ આપણા પ્રસિદ્ધ રસાયનશાસ્ત્રી પ્રો. ત્રિભુવનદાસ ગજ્જર. કલ્યાણદાસ ગજ્જરના તે સૌથી નાના પુત્ર હતા તેથી પિતાનો સ્નેહ તેમના પ્રત્યે વધુ હતો. બાળવયથી જ તે એટલા ચતુર ને બુદ્ધિશાળી હતા કે ભવિષ્યમાં તે જરૂર કોઈ મહાન નર થશે એવું કુટુંબીઓને લાગતું. વિદ્યાભ્યાસ પ્રત્યે એની અનહદ પ્રીતિ હતી. ઉપરાંત અભ્યાસમાંથી ફુરસદ મળે ત્યારે સુંદર નકસીદાર સુતારી કામ તથા પ્રાચીન ઉપયોગી કળાનું જ્ઞાન પણ પિતા પાસેથી તે મેળવતા. આ જ્ઞાન તેમને ભવિષ્યમાં બહુ ઉપયોગી થયું.

૧૮૫૭–૫૮માં હિંદે સ્વાતંત્ર્ય માટે કરેલા બળવાના છેલ્લા પ્રયત્ન પછી દેશ પર અંગ્રેજ અમલ સદાને માટે કાયમ થતો હતો તે કાળે એમનો જન્મ થયો. એ સમયની દેશની સ્થિતિનો ખ્યાલ સહેજે આવી શકે તેમ છે. રાજ્યકર્તા પ્રજાની ભાષા, સંસ્કાર, કપડાં, રહેણીકરણી ઇત્યાદિનું સ્વાભાવિક જ અનુકરણ થવા લાગ્યું. બ્રિટિશ સંસ્કૃતિ અને હિંદી સંસ્કૃતિના સંયોજનથી દેશનું હિત સાધી શકાશે એમ કેટલાક વિચારકોને લાગતું. હિંદના જૂના રીતરિવાજ અને આચારવિચાર કેટલાકને અર્થહીન લાગતા તેથી સંસાર-સુધારક મંડળો સ્થપાયાં. ધાર્મિક વહેમો કંઇક ઓછા થવા લાગ્યા. જીવનમાં બુદ્ધિનું સામ્રાજ્ય સ્થપાવા લાગ્યું. ઘડીઘડી થતા રાજ્યપલટાથી કાયર થએલા લોકો સુખશાંતિ ચાહતા હતા, જે બ્રિટિશ અમલમાં તેમને મળી લાગી. પાશ્ચાત્ય કેળવણીનો પ્રકાશ હિંદમાં પડ્યો.

આ સમયમાં પ્રો. ત્રિભુવનદાસ ગજ્જરનો જન્મ થયો.

યોગ્ય વય થતાં નાના ત્રિભુવનને નિશાળે મોકલ્યા. બાળવયથી જ બુદ્ધિશાળી ને ચપળ હતા તેથી વર્ગમાં પહેલો જ નંબર રાખતા, ને પદ્ધતિસર કામ કરતા તથા ઉદ્યોગી હતા તેથી અભ્યાસમાં તેમને ખૂબ રસ પડતો. શિક્ષકોના પણ તે પ્રિય શિષ્ય બન્યા અને દરેક વર્ગમાં સારાં ઇનામ મેળવતા. સર્વ શિક્ષકો તેમની અસાધારણ બુદ્ધિથી ચકિત થતા. એક ઇનામ 'ગાઇકીની જીઑલૉજી'—ભૂતળવિદ્યાનું પુસ્તક—સુરતના જજ બર્ડવૂડ સાહેબના હાથે મળેલું. તે વખતે હસતાંહસતાં બર્ડવૂડ સાહેબે કહેલું કે 'હું આશા રાખું છું કે તમે મોટા શાસ્ત્રવેત્તા થશો.' નાના ત્રિભુવને મોટપણે વિખ્યાત વિજ્ઞાનવેત્તા બનીને આ ભવિષ્યવાણી ખરી પાડી.

હાઇસ્કૂલમાં હતા ત્યારથી જ વિજ્ઞાનનો તેમને શોખ હતો. વિજ્ઞાનનાં કેટલાંક સાહિત્યો સ્કૂલમાં ઘણા સમયથી નકામાં પડી રહ્યાં હતાં તે તેમણે દુરસ્ત કર્યાં અને ઉપયોગમાં લીધાં. આથી જણાય છે કે તે જિજ્ઞાસુ વૃત્તિના તો પ્રથમથી જ હતા. હેડ માસ્તર મિ. પાઠકને પણ વિજ્ઞાનશાસ્ત્રનો શોખ હતો તેથી તેઓ તેમની પાસે પ્રયોગો કરાવતા. સોળ વર્ષની વયે તે મૅટ્રિક પાસ થયા ને મુંબાઇની એલ્ફિન્સ્ટન કૉલેજમાં દાખલ થયા. વિજ્ઞાનનો શોખ હોવાથી બી.એસસી.નો અભ્યાસ આરંભ્યો. સર ચીમનલાલ હરિલાલ સેતલવાડ તથા સાક્ષર શ્રી કેશવલાલ હર્ષદરાય ધ્રુવ કૉલેજમાં તેમના સહાધ્યાયીઓ હતા. સૌ કૉલેજ–વિદ્યાર્થીગૃહમાં રહેતા. અહીં તેમણે ખંતથી અભ્યાસ કર્યો ને ઘણી શિષ્યવૃત્તિઓ મેળવી. આ સૌ મિત્રોનો સ્નેહ-સબંધ જીવનપર્યંત ટક્યો. આ વેળા ડૉ. દેશમુખ ગ્રાન્ટ મેડિકલ કૉલેજમાં ભણતા તે પણ બી.એસસી.ના અભ્યાસ માટે એલ્ફિન્સ્ટન કૉલેજમાં આવતા. અહીં શ્રી ગજ્જરની સાથે તેમને મિત્રતા બંધાઇ ને એ સંબંધ પણ છેલ્લે સુધી બહુ મીઠો રહ્યો. રસાયનશાસ્ત્રનો અભ્યાસ બંનેએ એક જ પ્રયોગશાળામાં કર્યો. ગજ્જર પણ મેડિકલ કૉલેજમાં જતા. ડૉ. લાયનની તેમના પર ઘણી પ્રીતિ હતી. પોતાની પાસેની ખુરશી પર તેમને બેસાડી પોતાના વ્યાખ્યાનમાં આવતા પ્રયોગો તે ગજ્જર પાસે કરાવતા.

રસાયનશાસ્ત્રના પ્રશ્નપત્રમાં ૩૦૦માંથી ૨૨૫ માર્ક મેળવી બી.એસસી.ની પરીક્ષામાં તેઓ પહેલા વર્ગમાં પાસ થયા અને કૉલેજના જુનીઅર તેમજ સીનીઅર ફેલો નીમાયા. તે દરમ્યાન કૉલેજમાં તે પદાર્થવિજ્ઞાન તથા રસાયનશાસ્ત્ર શીખવતા, અને સાથેસાથે એમ.એ.નો અભ્યાસ પણ કરતા. તે પરીક્ષા પણ પાસ કરી ને ઇજનેરી કૉલેજમાં જોડાવાના ઇરાદાથી ગણિતશાસ્ત્રનો અભ્યાસ આદર્યો. એમ. એ. થયા પછી વિજ્ઞાનશાસ્ત્રી તરીકે કામ કરવાની કંઇ તક ન મળવાથી પોતાના મિત્ર સર ચીમનલાલ સેતલવાડ જોડે તેમણે કાયદાનો અભ્યાસ પણ કરવા માંડેલો, પરંતુ તેમાં કંઇ રસ ન પડવાથી થોડા સમય પછી તે છોડી દીધો.

ઇ. સ. ૧૮૮૦ પછીથી હિંદની આર્થિક દુર્દશા અનેક હિંદી વિદ્વાનોને બહુ ખૂંચતી. હિંદમાંથી અઢળક નાણું પરદેશ ઘસડાઈ જતું જોઇ તેમને દુઃખ થતું. હિંદના દાદા દાદાભાઈ નવરોજજીએ 'હિંદની ગરીબાઇ' નામનું વિખ્યાત પુસ્તક લખી અંગ્રેજ અમલ દરમ્યાન હિંદ કેટલું દીનહીન બનતું જાય છે તે સ્પષ્ટ સાબિત કર્યું હતું. ત્રિભુવનદાસ ગજ્જરના અંતઃકરણમાં પણ હિંદની આ કંગાલ દશા બહુ સાલતી. ઘર ઉપયોગી દરેક વસ્તુ પરદેશથી બનીને આવતી હોવાને કારણે આ દેશના લોક ધંધા વગરના થતા ગયા અને એ વસ્તુઓની ખરીદીથી પ્રજાનો પૈસો પણ પરદેશમાં જવા માંડ્યો. એમણે જોયું કે હિંદમાં દરેક પ્રકારનો કાચો માલ તૈયાર થાય છે, પણ શાસ્ત્રીય પદ્ધતિએ તેનો ઉપયોગ કરીને જોઇતી વસ્તુઓ મોટા પાયા પર તૈયાર કરવાનાં સાધન અહીં નથી. તેથી વિજ્ઞાનશાસ્ત્રનો ક્રિયાત્મક ઉપયોગ કરીને કાપડ, દવાઓ, રંગ ઇત્યાદિ વસ્તુઓ તૈયાર કરવાના હુન્નરો અહીંના યુવકોને શીખવીએ તો એ કેળવાએલા યુવકો દરેક ધંધાનાં કારખાનાં સ્થાપી હિંદના કાચા માલનો ઉપયોગ અહીં જ કરે ને જોઇતી વસ્તુઓ તૈયાર આપે તો દેશની દોલત દેશમાં જ રહે. આ ઉદ્દેશથી તેમણે સુરતમાં એક હુન્નરશાળા સ્થાપી. એ યોજના બહુ વિશાળ ને ખર્ચાળ હતી અને એ શાળાને છેવટ જર્મનીના વિદ્યાપીઠનું રૂપ મળે તેવો તેમનો અંતિમ હેતુ હતો. જર્મનીની કેટલીક હુન્નરઉદ્યોગ શીખવનારી વિદ્યાપીઠોની શરૂઆત આ રીતે જ થએલી છે. પણ આ ખર્ચાળ યોજનાને રાજ્યાશ્રય મળે તો જ તે પાર પડે તેમ હતું, તેથી પૈસાને અભાવે તે અમલમાં મૂકી શકાઇ નહિ.

આ અરસામાં મુંબાઇ ઇલાકાના કેળવણી ખાતાના ડિરેક્ટર મિ. જાઇલ્સે શ્રી ગજ્જરને કરાંચીની સિંધ કૉલેજમાં રૂા. ૩૦૦ની પ્રોફેસરની જગ્યા આપી. પણ આ જ વખતે વડોદરા સરકારે બરોડા કૉલેજમાં રસાયનશાસ્ત્રના પ્રોફેસરની રૂા. ૨૦૦ની જગ્યા આપેલી તેનો હુકમ એમને મળ્યો. શ્રી સયાજીરાવ ગાયકવાડને હુન્નરઉદ્યોગની કેળવણીનો શોખ છે એટલે વડોદરામાં પોતાના વિચાર સારી રીતે અમલમાં મૂકી શકાશે એમ માની રૂ. ૩૦૦ની નોકરી જતી કરી એ વડોદરા આવ્યા. ત્યાંની કૉલેજમાં પોતે કેટલીક મુદત સુધી કામ કર્યું અને અદમ્ય ઉત્સાહ તથા ઉત્કૃષ્ટ કામથી સૌનાં મન આકર્ષ્યાં. તેમના કામથી ખુશ થઇ શ્રીમંત મહારાજા સાહેબે કેટલાક વિદ્યાર્થીઓ સાથે તેમને વિલાયત મોકલવાનો હુકમ બહાર પાડ્યો. પ્રો. ગજ્જરે રાસાયનિક ઉદ્યોગો શીખવા જવા માટે તત્પરતા બતાવી, પણ ગાયકવાડ સરકારે ખેતીવાડીનું કામ શીખી આવવા ઠરાવ્યું. એ વેળા રાજ્યમાં ખેતીવાડીનું કામ શીખી આવેલા કેટલાક વિદ્વાનોને રાજ્યના રેવન્યુ ખાતામાં ગોઠવ્યા હતા એટલે પ્રો. ગજ્જરને લાગ્યું કે પોતાની પણ એ જ દશા થશે, તેથી એ કામ સારૂ વિલાયત જવા પોતે ના પાડી. પાછળથી વડોદરાના અમાત્ય દીવાન બહાદુર મણિભાઈ જશભાઇએ પણ તેમને રેવન્યુ ખાતામાં નાયબ સૂબાની નોકરી આપવા માંડી હતી. તે વખતે એમણે જવાબ આપેલો કે 'નાયબ સૂબા તો ઘણા મળશે, પણ શાસ્ત્ર તથા કળાની કેળવણીની ખંતવાળા માણસો ઓછા મળશે. એવા માણસોને ઉત્તેજન આપી તેમના જ માર્ગે આગળ વધવા દેવા જોઇએ.'

આ પછી ગાયકવાડ સરકારે તેમને વડોદરા રાજ્યના છાપકામ વથા રંગાટીકામનો રિપોર્ટ તૈયાર કરવા ફરમાવ્યું. તે માટે પ્રો.ગજ્જર રાજ્યના દરેક મહાલમાં ખૂબ ફર્યા ને એ હુન્નરની પ્રવૃત્તિ તથા વિકાસને લગતી ઝીણવટથી તપાસ કરી નોંધ તૈયાર કરી. વિલાયતી છાપકામ તથા રંગાટીકામ સાથે સ્પર્ધા કરે તેવા પાયા પર આ ઉદ્યોગ મૂકવા માટે પ્રયાસ આદર્યો, અને એક નાનીસરખી પ્રયોગશાળા પણ કાઢી. વળી જર્મનીના રંગના કારખાનાવાળાઓ જોડે સંબંધ બાંધ્યો તથા રંગ સાહિત્યના ઊંડા અભ્યાસાર્થે પોતાને ત્યાં ઊઘડેલી પ્રયોગશાળામાં રંગરેજ, ભાવસાર વગેરેને એ વિષયનું પશ્ચિમની પદ્ધતિએ શિક્ષણ આપવા માંડ્યું. તથા વિલાયતી સુતારી કામ જેવું ઉત્તમ ફર્નિચર અહીં પણ થઇ શકે છે તે બતાવવા માટે પોતે એક નાનું સરખું કારખાનું ઉઘાડી ઉત્તમ ફર્નિચર બનાવી તે બાબતમાં પણ સરકારની ખાતરી કરી આપી.

હો મહાન

[પદ્મ છંદ   * આ છંદની રચના

ભારતના હો વીર કુમારો!
માની આશ તણા આધારો!
આજ સિતારો છે તમ ન્યારો:
હો મહાન નવજુવાન!
ઉતર્યાં છે આકાશ ફરી આ,
ઉતર્યાં છે નવતેજ સરી આ,
ભારતની પળ આવી ખરી આ:
હો મહાન નવજુવાન!

(ઝીલણપદ)

ધસજો, વીર કુમારો, ધસજો!
સત્ય જીવન છે આજ:
યત્ને સિદ્ધિ : યત્ને ઋદ્ધિ:
યત્ને સત્ય સ્વરાજ્ય!

પ્રભુના અમૃતરસ રેલાતા,
આજે ભારતવીર ભિંજાતા;
કોણ ગણે ત્યાં ઘણુ–ઘા તાતા?
હો મહાન નવજુવાન!
જીવન નવલ ઘડાવા લાગ્યાં,
હૃદય પ્રબળ ઝબકીને જાગ્યાં,
આત્મવિજય ચોઘડિયાં વાગ્યાં:
હો મહાન નવજુવાન!

(ઝીલણપદ)

યુદ્ધ અનાયુધ આ છે એવું,
સત્ય અહિંસાનું બળ કેવું!
દુનિયાને નવલું કંઇ દેવું:
હો મહાન નવજુવાન!

ઉપર કહ્યું તેમ દેશદાઝથી હુન્નર ઉદ્યોગની શાળા સ્થાપવાના આંતરિક ઉદ્દેશથી પ્રેરાઇને જ પોતે વડોદરાની નોકરી સ્વીકારી હતી. એટલે હવે ધીમેધીમે એ ઉદ્દેશ બર લાવવા માટે તે મુદ્દો વડોદરા નરેશ પાસે મૂકવાની તેમણે ઇચ્છા કરી. તે વખતના નાયબ દીવાન શ્રી આઠલ્યે પ્રો. ગજ્જરના મિત્ર હતા. મુંબાઇ અભ્યાસ કરતા ત્યારે જ બંને વચ્ચે સ્નેહસંબંધ બંધાએલો. શ્રી આઠલ્યે તથા શ્રી ખાસેરાવ જાધવ દ્વારા શ્રીમંત ગાયકવાડ સરકાર પાસે એ વાત મૂકવામાં આવી. સર સયાજીરાવ તો દેશદાઝથી પ્રેરાઇને સતત હિંદના કલ્યાણ અર્થે અનેક યોજનાઓ વિચારતા જ હતા. હિંદની આર્થિક ઉન્નતિ દેશના જ હુન્નર ઉદ્યોગની ખીલવણીથી થઈ શકશે એમ તેઓ દૃઢતાથી માનતા. તેથી હુન્નર ઉદ્યોગ શીખવવાની સંસ્થા સ્થાપવા બાબત પ્રો. ગજ્જરે તેમની પાસે આ વિષય છણ્યો કે તરત જ મહારાજા સાહેબે રાજ્ય તરફથી 'કળાભવન' કાઢવાનો હુકમ (સને ૧૮૯૦ના જૂન માસમાં) કાઢ્યો. તે હુકમનો અમલ દીવાન બહાદુર મણિભાઇ જશભાઇ સાહેબની કારકીર્દિની શરૂઆતમાં જ થયો. જે દિવસે દીવાન બહાદુરને દીવાનગીરીનો પોશાક મળ્યો તે જ દિવસે કળાભવનની મંજૂરીનો હુકમ બહાર પડ્યો. પ્રો. ગજ્જરે કળાભવનનું કામ શરૂ કર્યું. પહેલું બોધકપત્ર પ્રકટ થયું તે સાથે જ ૮૦૦ વિદ્યાર્થીઓ પ્રવેશક પરીક્ષાને સારૂ આવ્યા! વિદ્યાર્થીઓ સારૂ જગ્યા પૂરતી નહોતી તેથી તંબુ ઊભા કરીને તેમને સારૂ સગવડ કરવી પડેલી. કળાભવનની શરૂઆતના આ દિવસોમાં પોતે રાતદિવસ અથાગ શ્રમ ઉઠાવ્યો. કળાભવનનું કામ કેમ સંગીન થાય, વિદ્યાર્થીઓને કેમ ખૂબ લાભ થાય અને કળાભવનની સાચી કીર્તિ કેમ વધે તેના ચિંતન યોજના અને કાર્યમાં એમણે અવિશ્રાંત ઝહેમત ખેડી. કેટલાક ગરીબ વિદ્યાર્થીઓને તો પોતાને ઘેર જમાડતા અને કેટલાકને પોતે પદરની શિષ્યવૃત્તિ આપતા તથા એવા અન્ય વિદ્યાર્થીઓના નિર્વાહ માટે વગવાળા મિત્રોમાં યોગ્ય સ્થળે ભલામણ કરતા.

ઉપર કહ્યું તેમ વિજ્ઞાનનો ક્રિયાત્મક ઉપયોગ કરી જીવનમાં સુખ આપનારી અનેક વસ્તુઓ યાંત્રિક બળ વડે થોકબંધ ઉત્પન્ન કરવા માટે કલાભવન સ્થાપવામાં આવ્યું હતું. તેમાં હિંદની પ્રાચીન કળા અને સંસ્કાર જોડવાથી અનેરૂં કામ થઇ શકશે એવી તેમને ખાતરી હતી. તેથી કળાભવનમાં સાદા સુતારી કામથી માંડી અનેક પ્રકારની યાંત્રિક બનાવટ સુધીનું કામ શીખવવાનો તેમણે પ્રબંધ કર્યો. ચિત્રકામ, સ્થાપત્ય, મકાનનું બાંધકામ, યાંત્રિકકામ, વણાટ, રંગાટ, રસાયનશાસ્ત્ર, ભૌતિકવિદ્યા ઇત્યાદિ વિવિધ હુન્નર-વિજ્ઞાનનું

નવજુવાન!

ઝીલણપદ (કોરસ) સાથે નવી કીધી છે.]

આજ નથી કો રમત અખાડો,
આજ નથી રસગ્રંથ પવાડો—
આજે શૂરવીરોનો દહાડો!
હો મહાન નવજુવાન!

(ઝીલણપદ)

જીવન કે નવ કાળ અટકશે,
હાથે આવી બાજી છટકશે,
જીવનભર ત્યાં હૈયું ખટકશે:
હો મહાન નવજુવાન!
જ્યોતિ જગાવો તિમિર નિચોવી,
જીવન જમાવો મૃત્યુ વલોવી!
રહેશે કોણ જુવાની વગોવી?—
હો મહાન નવજુવાન!

(ઝીલણપદ)

ભારતના હો વીર કુમારો!
અંતરના તાણો સૌ તારો!
તારક સૂરજ ચંદ્ર ઉતારો!
હો મહાન નવજુવાન!
જીવન તો છે આજે, આજે!
ધસો અદલ સૌ ભારત કાજે!
પ્રભુ ને સત્યે વિજય વિરાજે!
હો મહાન નવજુવાન!

(ઝીલણપદ)

અરદેશર ફ. ખબરદાર

જ્ઞાન વિદ્યાર્થીઓ પ્રાપ્ત કરે તેવી બધી વ્યવસ્થા પોતે જાતિદેખરેખ નીચે ઊભી કરી.

પણ હવે એક બીજી મુશ્કેલી નડી. આ સર્વ પ્રકારની વિદ્યા માટે જોઈતાં પાઠ્ય પુસ્તકો માતૃભાષા ગુજરાતીમાં નહોતાં અને સંગીન કેળવણી તો માતૃભાષા દ્વારા જ પ્રાપ્ત થઇ શકે એમ પ્રથમથી જ પોતે માનતા. દરેક દેશમાં માતૃભાષા દ્વારા જ કેળવણી અપાય છે અને હિંદમાં પણ તેમ થવું જોઇએ; જેથી સામાન્ય વર્ગના યુવકો પણ કોઈ પણ ધંધાનું જ્ઞાન સહેલાઇથી સંપાદન કરી શકે. એટલે હવે તેમણે આ વિવિધ વિદ્યાઓનાં પુસ્તકો ગુજરાતીમાં તૈયાર કરાવવાની યોજના ઘડી.

ગુજરાતીમાં વૈજ્ઞાનિક સાહિત્ય

આ કાર્યમાં સહાયરૂપ થઇ તે પાર ઉતારે એવા. વિષદ્‌ભોગ્ય તેમજ સામાન્ય જનસમાજને સમજ પડે તેવી સુંદર ભાષામાં પુસ્તકો રચવા માટે કોઇ વિદ્યારસિક પુરુષની તેમને જરૂર લાગી તેથી સ્વ. મણિશંકર રત્નજી ભટ્ટ (કાન્ત)ને તેમણે પોતાની પાસે રાખી લીધા અને કળાભવનના શિક્ષણ વિભાગના મુખ્ય અધિકારીની તેમને પદવી આપી. એમની પાસે ગુજરાતીમાં વિજ્ઞાનનું સાહિત્ય લખાવવાની પ્રો. ગજ્જરની આંતરિક ઇચ્છા હતી. એટલે પ્રો. ગજ્જરે એ વિષેની વિસ્તૃત યોજના ઘડીને શ્રીમંત મહારાજા સાહેબ સયાજીરાવ પાસે મૂકી. એમને તરત જ આવા સાહિત્યની ઉપયોગિતા પૂરી સમજાઇ ગઈ અને ઉદાર ઉત્સાહપૂર્વક રૂપિયા ૫૦,૦૦૦ પચાસ હજારની મોટી રકમ મંજુર કરી. તેમાંથી 'સયાજી જ્ઞાનમંજુષા' તથા 'લઘુજ્ઞાન મંજુષા' નામની વિજ્ઞાન તથા અન્ય ઉદ્યોગનાં શાસ્ત્રીય પુસ્તકોની બે માળાઓ ગુજરાતીમાં તૈયાર થવા માંડી અને ગુજરાતીમાં અજોડ અને અદ્વિતીય પુસ્તકો પ્રસિદ્ધ થવા લાગ્યાં. આમાં મુખ્ય મુશ્કેલી ગૂઢ અર્થવાળી 'ટેકનિકલ' શબ્દોના ગુજરાતી પારિભાષિક શબ્દો રચવાની હતી. દરેક વિદ્યામાં આવા શબ્દોની આવશ્યકતા હોય છે તેથી તેમણે ઘણા વિદ્વાનોની મદદ લઇને 'પારિભાષિક કોષ'નું કામ પણ શરૂ કર્યું, જે યોજના તેમનો કળાભવન સાથેનો સબંધ ૨૮૯૬માં છૂટી જતાં અટકી પડી અને હજુ પણ અપૂર્ણ જ છે, વિજ્ઞાનના સાહિત્યનાં પુસ્તકોનો આટલો મોટો સમૂહ ગુજરાતી ભાષામાં હજુ સુધી અન્ય કોઇ આપી શકયું નથી. આ કાર્યમાં શ્રી. મણિશંકર રત્નજી ભટ્ટ તથા અન્ય ગુજરાતી ને દક્ષિણી વિદ્વાન સહયોગીઓ તેમને ખરા તનમનથી મદદ કરતા.

વળી પાછી એની એ જ વાત
નામની આ અંક સાથે જોડેલી પત્રિકા
તરફ સૌ ગ્રાહકોનું ધ્યાન ખેંચીએ છીએ

રંગાટની વિદ્યા

વૈજ્ઞાનિક સાહિત્ય જર્મન ભાષામાં સારૂં લખાએલું છે, તેથી કલાભવનની સ્થાપના પછી પોતે એ ભાષા શીખવા માંડી. કામમાં કરકસર કરીને જે કંઇ વખત બચાવી શકાતો તેનો ઉપયોગ એ ભાષાનું જ્ઞાન સંપાદન કરવામાં તેમણે ગાળ્યો, અને પછી રંગ પર લખાએલાં એ ભાષાના ઉત્તમ પુસ્તકોનો ઝીણવટથી અભ્યાસ કર્યો તથા રંગોની બનાવટ અને વિવિધ સંયોજનથી કેવાકેવા રંગ થાય તેમજ કાપડ પર કે સુતર પર તે કેમ ખીલી ઊઠે ઇત્યાદિ વિષયોનું ઊંડું જ્ઞાન પ્રાપ્ત કર્યું. વળી આ વિષયમાં રસ લેનાર અને એ પ્રકારનાં કામ કરનાર આપણા દેશી કારીગરો—છીપા, રંગારા ઇત્યાદિમાં એ વિષયનું અદ્યતન જ્ઞાન પ્રચલિત થાય તે સારૂ તેમણે 'રંગરહસ્ય' નામનું એક નિયમિત ત્રૈમાસિક પત્ર કાઢવા માંડયું, જેમાં પોતે એ વિષયના સુંદર લેખ આપતા. આથી કલાભવન ખૂબ પ્રખ્યાતિ પામ્યું. એ શાળાની પ્રવૃત્તિ હિંદના મહાન વિદ્વાનો ને વૈજ્ઞાનિકો આતુર આનંદથી નિહાળતા ને ત્યાંથી જ્ઞાન પ્રાપ્ત કરી બહાર આવેલા વિદ્યાર્થીઓની માગણી આખા હિંદમાં ધંધાઉદ્યોગનાં કારખાનાંઓમાં થતી;—તેમાં યે ખાસ કરીને કાપડ સુતરની મીલોના રંગાટ ખાતામાં તો અહીં કેળવાએલા યુવકો જ ગોઠવાતા. હજુ આજ પણ ઘણેખરે સ્થળે કાપડની મીલોમાં રંગાટ ખાતાની દેખરેખ રાખનાર અને શાસ્ત્રીય પદ્ધતિએ એ કામ કરનાર પ્રો. ગજ્જરના વિદ્યાર્થીઓ જ જોવામાં આવે છે.

[ચાલુ]

રેવાશંકર ઓ. સોમપુરા



પ્રો. ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જર



માતા

રંક જીવનનું એક રેખાકાવ્ય

ચિત્રકાર : રસિકલાલ ન. પરીખ



ફ્રાન્સનો વતની લુવ્રના ચિત્રાલયની વાત જાણતો ન હોય, કોઇ અંગ્રેજ જો ઇંગ્લંડની નૅશનલ ગૅલેરી (પ્રજાકીય ચિત્રાલય)નું નામ સમજતો ન હોય તો તે તેમના સમાજમાં સંસ્કારહીન ગણાઈ જાય. હિંદુસ્તાનના દુર્ભાગ્યે હિંદીવાનો કલા અને કલાધામોની ચર્ચા કોઇ નવરા બેફિકરા કે આરામપ્રેમીઓને માટે જ છે એમ માની બેઠા જણાય છે.

દુનિયાના ત્રીજા ભાગ ઉપરાંતના પ્રદેશમાં સૌથી મહાન ધર્મ તરીકે પ્રચાર પામેલા બૌદ્ધ ધર્મે માનવજીવનમાં શી ક્રાંતિ, શો પ્રભાવ અને સંસ્કાર પ્રચાર્યાં છે તેની સાબિતી આપતાં એશિયાભરના વિસ્તારમાંથી મળી આવતાં ચિત્રપટો, મૂર્તિઓ અને ગુફામંદિરોને જગતના વિદ્વાનો આજે અનુપમ વારસો સમજે છે. માનવ ઇતિહાસમાં જ્યારે જ્યારે માનવીનું હૃદય અને માનસ પ્રફુલ્લ પરિપાક પામ્યું છે ત્યારે ત્યારે કલામાં તેની અચૂક પંક્તિઓ પડ્યા વિના રહી નથી. ઇતિહાસનો કે જીવનનો કોઇપણ પ્રસંગ જ્યારે ઉચ્ચ કલામાં અવતાર પામે છે ત્યારે જ તેના મહત્ત્વનો ખરો આંક પડે છે.


આજે આપણી સાધારણ માન્યતા થઇ ગઈ છે કે મનુષ્યને કળા, ચિત્ર ને સંગીત વિના ચાલી શકે. તેની ખોટ કોઇને આજે ખાસ સાલતી નથી. પણ આપણાથી ફક્ત બસો જ વર્ષ પહેલાંની પ્રજામાં હજારો વર્ષની પરંપરાથી કોઇ એવી ઊર્મિ ચાલી આવતી હતી કે જેથી તેઓ સુંદર ગૃહનિર્માણ માટે, સુંદર વસ્ત્રો અને ઉપરકરો માટે, કે ઉત્સવદિનની શોભા માટે અપાર કાળજી બતાવતા અને ખર્ચ કરતા. એમણે હિંદુસ્તાનનો આત્મા એકેએક ઘાટમાં, દરેક રૂપમાં, પ્રત્યેક વ્યવહારમાં દૃષ્ટિગત કરી બતાવ્યો છે.

ધર્મ તથા ખાનપાન જુદાં હોવા છતાં એશિયાના બધા મુલકોમાં આ કળાપ્રેમ એકસરખો વ્યાપી રહ્યો જણાયો છે. અને તે બધાની કળાકૃતિઓ તપાસનારા વિદ્વાનો ચોક્કસ માને છે કે એ બધાનાં મૂળમાં કળાનો એક જ સંપ્રદાય પથરાએલો છે અને તે ઘણે અંશે હિંદુસ્તાનના ગર્ભમાં જ પાકેલો હતો.

જગતનો મહા વિદ્વાન અને પ્રાચ્ય સંશોધક સર ઑરેલ સ્ટીન આજે તિબેટ અને ચીનાઇ તુર્કસ્તાનનાં રણોમાં દટાએલાં બૌદ્ધ ધર્મનાં ચિત્રપટો તથા મૂર્તિઓ ખોદી કાઢીને સાબિત કરે છે કે તેના પ્રચારકો અને શિક્ષાગુરુઓ હિંદુસ્તાનની દીક્ષા લઇને નીકળ્યા હતા. જાપાન, ચીન, જાવા, સુમાત્રા અને બ્રહ્મદેશની કળામાં હિંદની કેન્દ્રરેખા સ્પષ્ટ જણાય છે.

આખા એશિયાના એ કળાચક્રની ધરી અજંતાનાં ગુફામંદિરો જ હતાં એ આજે તો સૌકોઈ કબૂલ કરે છે. અજંતાના એ કલામંડપોની કલા એટલી અપૂર્વ ને સંપૂર્ણ પરિપાકવાળી છે કે આપણે તેને ભારતવર્ષની કલાની ગુરુપીઠ માનીએ તો જરા યે અતિશયોક્તિ ન ગણાય.

અજંતાના કલામંડપોમાં કલા અવતાર પામી તે પૂર્વે કોણે તેની શરૂઆત કરી હશે, કેટલા કાળથી તે ખેડાતી આવી હશે તેમજ શી રીતે તેનો ક્રમિક વિકાસ



પહાડની ભેખડમાં ચંદ્રાકારે કોરેલી અજંતાની ગુફાઓનું દૂરથી દૃશ્ય

થયો હશે તે જાણવાનાં સાધનો લગભગ દુર્લભ થયાં છે. પુરાણના બ્રહ્મા સૃષ્ટિ રચતા ત્યારે તેમને કોઇ પણ વસ્તુ અસાધ્ય નહોતી. તેવી જ શક્તિથી અજંતાના કલાવીરોએ શિલ્પ ને ચિત્રનાં નિર્માણ કર્યાં છે.


ઈ. સ.ની પહેલાં ત્રણસો વર્ષથી માંડીને છેક લગભગ છઠ્ઠા કે આઠમા સૈકા સુધી અજંતાની કલાની લીલા વિસ્તરતી રહી હતી. માળવામાં આવેલી વાઘ ગુફાઓ, મદ્રાસ ઇલાકામાં આવેલી સીતાનિવાસ ગુફાઓ અને લંકાની શ્રીગિરિની ગુફાઓ અજંતાના સીધા ઓળાની વારસદાર હોય એવાં થોડાં ચિત્રો હજી સાચવી રહી છે, તે પરથી અજંતાનો પ્રતાપ સ્પષ્ટ દેખાય છે. પણ તે કરતાં યે પહેલાબીજા સૈકાનાં તુર્કસ્તાન, તિબેટ કે ચીન જાપાનનાં ચિત્રો જોઇએ છીએ ત્યારે તો સ્તબ્ધ થઇ જઇએ છીએ કે પોતાની એટલી જ સચોટ છાપ અજંતાએ કેટકેટલી સીમાઓની પાર નાખી હતી! અજંતાનું નામ હિંદવાસીને સમજાય તે પહેલાં તો તેણે કેંક યુરોપિયનોને આંજી દીધા હતા, અને આજે તેમની જ મહેનતથી, માત્ર હિંદને જ નહિ પણ આખા એશિયાખંડને એ અપૂર્વ વારસા માટે ગર્વ ધરવાની તક મળી છે.

અજંતા ક્યાં છે?

મુંબાઇથી એક રાતની જ મુસાફરી કરી તમે સવારમાં જળગામથી આગળના સ્ટેશન પાચોરા ઊતરી પડો તો ત્યાંથી નાની ગાડીમાં બેસી દસ વાગે પહૂર ગામે પહોંચી જાઓ. ત્યાંથી સાત જ માઇલ છેટે નિઝામની હદમાં ફરદાપુર ગામ છે તેની પડોશની ઓઠી ટેકરીઓમાં અજંતાના કલામંડપો છુપાએલા છે.

ઝાડ વિનાનો એ પથરાળ મુલક જોઇને કોઇ પણ પ્રવાસીને લાગે જ નહિ કે ત્યાં જગતની અપ્રતિમ કલામૂર્તિનું સ્થાનક હશે. ફરદાપુર ગામની વસ્તી મોટે ભાગે મુસલમાનોની છે. ત્યાંનો તૂટેલો કિલ્લો અને બેગમસરાઇ નામનું એક મોટું મુસાફરખાનું પહેલાં જ નજરે પડે છે. ઔરંગઝેબ બાદશાહે તે બંધાવ્યાં હતાં. અત્યારે તો એ ગામમાં માંડ ત્રણસો ચારસો માણસની વસ્તી હશે. તેઓ ખેતી, ગાડાં હાંકવાં, કપાસ ઉગાડવો વગેરે કામ કરે છે. રસ્તાની એક બાજુએ મુંબાઇવાળા મૂળજી જેઠાની જીનિંગ ફૅક્ટરી છે, બીજી બાજુ ડાક બંગલો અને મુસાફરખાનું છે. અજંતા ગુફાઓના રક્ષક અધિકારી (ક્યૂરેટર) પણ ત્યાં જ રહે છે. તેમની જ દેખરેખ નીચે નિઝામ સ્ટેટનું મોટું ગેસ્ટ હાઉસ છે અને તેમાં





ઉપર: અજંતા ક્યાં આવ્યું તે બતાવતો નકશો
બાજુએ: ગુફામાંના થાંભલાના એક પાસા પરનું ચિત્રકામ. દરેક થાંભલાને આવાં આઠ પાસાં છે.

ઊતરવાને રાજ્યની મંજુરી મેળવવી પડે છે.

ફરદાપુરથી ચાર માઇલ દૂર ટેકરીઓમાં બાઘોરા નદી વહે છે. અજંતા જતાં એકવાર આ નદી ઓળંગવી પડે છે અને તેને કાંઠેકાંઠે જ રસ્તો વાંક લેતો જાય છે. નદીમાં વાંક એટલા બધા સર્પાકારે છે કે ઠેઠ પહોંચો નહિ ત્યાં સુધી તમને ગુફાઓનો ખ્યાલ સરખો પણ ન મળે. હમણાં તો ઠેઠ સુધી મોટર ગાડી જાય છે એમ સાંભળ્યું છે. નહિ તો યે પગપાળા જવાની મજા




સ્તંભોની હારવાળી અજંતાની એક ગુફાની પરસાળ

બહુ પડે છે. ભૂલેચૂકે ફરદાપુરના એક્કામાં બેઠા તો હાડકાંની બહુ માવજત કરવી પડે.

અજંતાનાં છાપેલાં ચિત્રો જોયાં હોય, ચોપડીઓ વાંચી હોય, છતાં પહેલી જ નજરે તેનું જે દશ્ય નજરે પડે છે તે તેને વિષેની આપણી કલ્પના કરતાં તદ્દન નવું, ગંભીર ને વધુ ભવ્ય લાગ્યા વિના રહેતું નથી. છેલ્લો વાંક પૂરો થાય છે કે તરત આપણી આંખ સામે ત્રણસો ફીટ જેટલી ઊંચાઇની ઊભી ભેખડ એક દીવાલ-ની પેઠે પહાડમાંથી વર્તુલ કરતી આવે છે. નદીમાં ઊભેલા માણસને તો પોતે કોઇ આકાશાચ્છાદિત મહાલયમાં ઊભેલો હોય એવી કલ્પના થાય. એ ઊંચી ભેખડની બરોબર મધ્યમાં કોરેલી અટારીઓનો એક કંદોરો પાડેલો દેખાય છે. નદીમાંથી એટલે ઊંચે શી રીતે જવું તેનો વિચાર સહજ થાય, એટલામાં તો રાજ્ય તરફથી બંધાવેલાં હાલની ઢબનાં પગથિયાં દેખાય છે.

અજંતાનો પ્રાચીન પ્રવેશમાર્ગ આ નહોતો. હાલ જેને ૧૭ નંબરની ગુફા કહે છે ત્યાં આગળ હજુ પણ એ માર્ગનાં કોતરેલાં પણ ઘસાઇ ગએલાં પગથિયાંની કેડી જણાય છે. એ માર્ગ ગુફા આગળ પહોંચે છે ત્યાં બે બાજુ મોટા હાથીઓ કોરેલા છે. તેમાંનો એક તો લગભગ તૂટી ગયો છે. તેને વટાવી માણસ ડાબી બાજુએ વળે તે પહેલાં સામે એક નાની દોઢી પાડીને તેમાં દ્વારપાળ તરીકે નાગરાજની એક મોટી અતિ



અજંતાના રેખાંકનનો એક નમૂનો

સુંદર મૂર્તિ કોતરેલી છે. અજંતાનાં ચિત્રો જેટલી જ અનુપમ અજંતાની શિલ્પકૃતિઓમાં એ મૂર્તિ ન ભૂલાય એવી છે. અહીં સુધીનો ચઢાવ બહુ જ સીધો હોવાથી

દેવ

કંકુઘોળી કંકાવટીઓ ને,
ચોખે ભર્યો બે થાળ;
નૈવેદ્યનાં શત છાબડાં લીધાં,
ફૂલ અને ફૂલમાળ:
હું ને એ મંદિર ચાલ્યાં!
અમારા દેવ વધા'વા!

ઘંટ વાગે ને શંખ ફૂંકાયે,
ફોરતા ધૂપ સુવાસ;
ધન સોનાના ઢગલા થાતા
દેવનાં પગલાં પાસ:
પ્રભુનો પ્રેમ વધા'વા!
આવે સૌ ધન ધરા'વા!

ચડનારને સહેજ થાક લાગે છે, પણ તરત જે દૃશ્ય-સમૃદ્ધિ નજરે પડે છે તેથી તેનો હર્ષ વધી જાય છે. છતાં પોતે હવે પછી કેટલા ઉચ્ચ પ્રકારની કળા



અજંતાને રસ્તે

જોવાનો છે તેનું માપ તે કલ્પી શકતો નથી.

ત્યાંથી જરા ઉપર જતાં જ ૧૬ નંબરની ગુફા —જે સૌથી મોટી ગણાય છે તે—ના આંગણાંમાં પહોંચાય છે. અહીંથી નીચે નજર કરતાં પહાડમાંથી ગૂંચળું વળીને આવતી નદી સ્પષ્ટ દેખાય છે. આ ગુફા આખા મંડપસમૂહની મધ્યમાં હોવાથી ત્યાં આગળથી બંને બાજુના વાંક તરફ લાંબે સુધી જોઇ શકાય છે અને બંને બાજુની લગભગ બધી ગુફાઓ નજરે પડે છે. સહેજ ચડઊતર હોવા છતાં એ માર્ગ એક જ કંદોરે હોવાથી બધી ગુફાઓનો વ્યવહાર સુલભ લાગે છે.

હસતી એ તો દ્વારમાં પેઠી,
થંભી ગયા મુજ પાદ;
ઝાંઝ પખાજ સહુ વિસરાયાં,
આવ્યા નિશ્વાસના નાદ:
મંદિરનાં દ્વાર અગાડી
સુણી મેં કકળતી નાડી!

લૂલાં, ફૂંટાં, કો દીન ભિખારી,
ભૂખે પીડાતી સમાજ,
ફાટ્યાં-તૂટ્યાં ચીંથરાંથી ગંધાતા
ઢાંકતી દેહની લાજ:
ધરાના સર્વ નિસાસા
થાજી આ માનવી થાતા!

અર્ધ ગોળાકારમાં ભેખડોના પેટમાં ખોદાએલી આ ગુફાઓ પ્રવેશદ્વારથી માંડીને તે ઠેઠ છેલ્લી પછીત સુધી મનુષ્યની ઉપાસના, ધૈર્ય, પ્રેમભક્તિ, અને હસ્ત-કૌશલ્યમાં જગતભરના આશ્ચર્ય રૂપ નમૂના છે.

ગુફાઓ કોરવાની કળા અજંતામાં સંપૂર્ણ રૂપે પ્રકટી છે. આખું યે નિર્માણ જોતાં એક જ ભાવના સુસંબદ્ધ સંકલના રૂપે શિલ્પમાં, ચિત્રમાં અને સ્થાપત્યમાં પ્રકટ થઇ જણાય છે. તેમાં એટલી સંપૂર્ણ સફળતા આવી છે કે જગતના બીજા કોઇ સ્થળ સાથે તેને સરખાવી શકાય નહિ. જોકે બધી યે બૌદ્ધ ગુફાઓના રચનારાઓએ કુદરતનું સૌંદર્ય, એકાંતવાસ અને મોટા જનમાર્ગ ઉપર ખ્યાલ રાખ્યો છે, છતાં સૌંદર્ય અને એકાંતમાં તો અજંતા એકલી જ શ્રેષ્ઠ ગણાય. નીચેની નદીમાં મોટા મોટા પત્થરો છે અને ઉપરથી પાણી પડતુંપડતું આવીને બરોબર ગુફા નીચે જ એક મોટા

ધૂનામાં સચવાય છે, તે સાત કુંડના નામથી ઓળખાય છે. બૌદ્ધ ભિક્ષુઓ નીચેની ઝાડીમાંથી ત્યાં સુધી જ્યારે આવજા કરતા હશે તે વખતનું દૃશ્ય અને અનુભવ અવર્ણનીય જ હશે. આજે પણ એ ખીણમાં પારિજાતકનાં પુષ્પોનાં વન ઊભરાય છે. બીજાં અનેક પુષ્પો અને ફળો પણ થાય છે, એટલે પક્ષીઓનો અજબ મેળો ત્યાં જામે છે અને કદી નહિ જોએલો રંગબેરંગી પંખીસમુદાય ત્યાં દેખાય છે. આ પ્રદેશનું ખરૂં સૌંદર્ય માણવાને ઑકટોબરથી ડિસેમ્બર સુધીનો સમય ખરેખરો યોગ્ય ગણાય છે.

૧૬ અને ૧૭ નંબરની ગુફાઓમાંથી નીચેની ખીણ આખી ખુલ્લી દેખાય છે. એ બંને ગુફાઓ ઇ.સ.ના બીજા શતકમાં થઇ હોય એમ મનાય છે. નં. ૧૬ની ગુફાની પરસાળ ૬૫ ફૂટ લાંબી અને ૧૨ ફૂટ પહોળી છે અને તેના મુખ આગળ તેને ટકાવી રહેલા છ

કુમકુમના મેં ચાંદલા કીધા,
ચોખે વધાવ્યા દીન;
ભૂખ્યાં દેવોને નૈવેદ્ય દીધાં,
પાય પડ્યો હું હીન:
બધું મેં ધન લૂંટાવ્યું!
હજારોને હાથ ન આવ્યું!

હળવે મેં શણગાર ઊતાર્યા,
આપી દીધા અલંકાર;
લુગડાં દીધાં સર્વ ઉતારી,
લાજ ઢાંકી ન લગાર:
મેં તો મારા દેવ વધાવ્યા!
આંસુડાં હર્ષનાં આવ્યાં!

કદાવર થાંભલાથી તે કોઇ ટાઉન હૉલના પ્રવેશદ્વાર જેવી લાગે છે. તેનો અંદરનો ખંડ ૬૫ ફૂટ ચોરસ ને પંદર ફૂટ ઊંચો છે. ચારે કોરના મળી વીસ થાંભલા તેની છતને ટકાવે છે. દરેક થાંભલા પર ફૂલવેલની આકૃતિઓ ને ભૌમિતિક ચિત્રોવાળા પટ્ટાઓ સુરમ્ય રંગોથી ભર્યાં છે. થાંભલાઓના ઉપરના મથાળે જાડા પેટવાળા કીચક સ્વરૂપો છતને હાથ વડે તોળી રહેલા કોતર્યાં છે. થાંભલા છોડીને ભીંત સુધી ફરતી ચારે કોર આઠ ફૂટની પ્રદક્ષિણાની ચાલ છે. તેની ભીંતમાં બંને બાજુ છ છ ઓરડીઓ કોરી કાઢેલી છે અને પ્રવેશદ્વારની સામેની



થાંભલાને મથાળે છતને ટેકવી રહેલા કીચકો

ભીંતમાં એક આખો ખંડ કોરી કાઢીને તેમાં ભગવાન બુદ્ધની એક ધ્યાનસ્થ પણ કદાવર મૂર્તિ બે પાર્ષદો સાથે કોરેલી છે. મૂર્તિની આસપાસ પ્રદક્ષિણા માટે

હસતી મંદિરથી નીસરી એ,
સ્વસ્તિક એને ભાલ;
ધૂળભર્યા મુજથી શરમાતી,
હોય સ્નેહી શું કંગાલ?
એના તો દેવ રંગીલા!
મને તો ધૂળનાં ટીલાં!

ભટકી એના દ્વારમાં ઊભો,
હસતી એ મુજ કર્મ;
હું ય હસ્યો એના હાલને મીટ્ટું,
રડતાં બંને મર્મ:
ભિખારી મેં ગીતડાં ગાયાં!
પછાડી દ્વાર વસાયાં!

કૃષ્ણલાલ
શ્રીધરાણી

ખુલ્લી જગ્યા રાખવામાં આવી છે. **રવિશંકર રાવળ**

[અજંતાનું કલાદર્શન સમજાવતો આ લેખનો વધુ રસપ્રદ તથા આ વખત કરતાં વધુ ચિત્રોથી ભરચક પાછલો ભાગ આવતા અંકમાં]

સાદાઇ અને પ્રજાનું કલાજીવન



કલા તો વિલાસિતાની પોષક છે;–કલા ધનવાન લોકો માટે જ હોઈ શકે;–સામાન્ય પ્રજાના નિત્યજીવનમાં તેને સ્થાન નથી;–એવી માન્યતા આપણા દેશમાં ઘણા સેવે છે.

કલા સર્વભોગ્ય છે અને તે પ્રજાના જીવનમાં કેટલે સુધી ઓતપ્રોત થઇ શકે છે તેનું સર્વોત્તમ ઉદાહરણ જાપાન છે. જાપાનમાં કલાની કદર કરનારા નાની સરખી ટોળકીઓ, કે ખાસ ચીલાઓનો શ્રમપૂર્વક આશ્રય લેનાર ભણેલાઓ, અથવા પૈસા ખરચી કલાસર્જકોને ઉપકારના ભાર તળે કચડી નાખવાની તુમાખીવાળા મુઠ્ઠીભર ધનવાન લોકો નથી. આખી જાપાની પ્રજા કલારસિક છે. જાપાનનો રિકશા ગાડી ખેંચનારો સ્વચ્છતા આચરે છે તેવી યુરોપમાં કે દુનિયામાં બીજે આજે પણ નથી આચરાતી. ત્યાં એક સામાન્ય ખેડુતના ઘરની વ્યવસ્થામાં—ખાસ કરીને 'ચા'ના ખંડની ગોઠવણીમાં—જે કલારસિકતા, જે સંયમ, ધ્વનિ વડે અર્થબોધ કરવાની જે અસાધારણ શક્તિ છે તેવી દુનિયાભરમાં આજે નથી. અને સાદાઇ?—તો જાણે જાપાનીઓને જ વરેલી હોય એમ જણાય છે. ભલેને ચાનાં વાસણો મૂકવાનો નાનોસરખો વાંસનો બાજઠ બનાવેલો હોય પણ એ સાદા જંગલી વાંસને જાપાનીનો કલારસિક હાથ લાગતાં એવું રૂપાંતર થઇ જાય કે તમે તેને ઓળખી પણ શકો નહિ!





એ પ્રજાનાં હાથનાં આંગળાં જુઓ તો પણ તમને લાગે કે કલાનો રસ લેવાની શક્તિ ખીલ્યા વિના સામાન્ય જનસમૂહમાં આવી મુલાયમતા, આવી સૂક્ષ્મ સંવેદનો ઝીલે એવી ગ્રાહકતા, લાઘવ અને સ્થિતિસ્થાપકતા શક્ય જ નથી. અને કલા તો નિર્બળતાની—નામર્દાઇની જ પોષક હોય એવું માનનારાને જ્યારે જાપાની પ્રજાની શાંત, ઠંડી હિંમતની ખબર પડે, યા તો 'હારીકારી*'ની ધાર્મિક ક્રિયા એટલે શું તેનો મર્મ જ્યારે તે સમજે ત્યારે જણાય કે જાપાની એટલે પ્રથમ પંક્તિનો વીર યોદ્ધો. થોડાબોલા, મર્માળા, ટેકીલા, સાદા, કલારસિક ને વીર એ જાપાનના લોકો.

એમની કળા એટલે સૂચન દ્વારા અતીતને પ્રકટ કરવાની કળા. અને છતાં ધનવાન લોકોને માટે સંપત્તિનો વ્યય કરવા સારૂ જાપાની કળામાં સ્થાન નથી એમ નહિ! તદ્દન સાદી અને કલાની દૃષ્ટિએ સંપૂર્ણ 'ચા'ની બેઠક માટેની ઓરડી ત્યાં એક મહેલ કે બંગલા કરતાં વધારે ખર્ચાળ થઇ શકે છે! અને છતાં—જુઓ ત્યારે? નરી સાદાઇ! જાપાનીના કપડાંઓમાં પણ એ જ પ્રથા. દૂરથી જોનારને સૂતરાઉ જ લાગે એવો કીમોનો ઉત્તમોત્તમ રેશમનો હોય! અને તેમાં પણ સૌથી સુંદર ભાતો વગેરે હોય તે ભાગ અંદરના અસ્તરમાં હોવાનો! આપણા આજકાલના છીછરા ધનવાન લોકો પેઠે બધી સમૃદ્ધિ ઉદ્ધતાઇભરી રીતે બહાર બતાવી દેખાવ કદી કરે જ નહિ. તેઓ વાંછે છે કલા, સંગીનતા;—નહિ કે દેખાવ, દંભ ને ઝાકઝમાળ આંજણશક્તિ. પ્રત્યેકની ચાની ઓરડી તેના માલિકની પોતાની રસિકતાનું જ પ્રતિબિંબ હોય છે. દરેકને લાગુ પડતો

* હારીકારી એટલે પોતાને હાથે પોતાનાં આંતરડાં તીક્ષ્ણ છરા વડે કાપી જાતે શહીદ થવાની ધાર્મિક ક્રિયા. જેનો બદલો ન લઇ શકાય એવા અપમાન માટે, વફાદારી માટે યા તો કોઇપણ સત્યના આગ્રહ માટે જાપાનીનું એ છેવટનું હથિયાર છે. એ ક્રિયા ધાર્મિક છે અને પોતાના પેટમાં છરી મારનાર શહીદ 'ઊંહ' સરખો ઉચ્ચાર કરતો નથી!








સામાન્ય નિયમ એટલો જ કે ચાનો ખંડ કદી પણ એકના એક પ્રકારનો હોવો જોઇએ નહિ. દરરોજ ત્યાંની વ્યવસ્થામાં—વસ્તુઓની, પુષ્પોની ચિત્રોની ગોઠવણમાં ફેરફાર થવો જ જોઇએ! ચાના કલામય ખંડમાં પુનરૂક્તિને સ્થાન જ નહિ.

અને પુષ્પ પ્રત્યેનો જાપાની પ્રજાનો પ્રેમ તો કોઇ પરદેશીને પ્રથમ સમજમાં આવવો પણ કઠિન છે. સામાન્યરીતે ફૂલ કશા ખાસ ઉપયોગનાં જણાતાં નથી. પરંતુ એવી ઉપયોગિતા બહારની વસ્તુમાં જ કલા પોતાનો પ્રદેશ કોઇવાર શોધી લે છે. ફૂલોએ માનવજીવનમાં કેટલો બધો પ્રવેશ કરેલો છે? ચીન અને જાપાનમાં તો વસંતઋતુમાં રાજા પોતે ગાયકોને લઇને ગીત કરતા પાસેના પુષ્પવનમાં નવીન પુષ્પો-મધુર સરોદે વધાવવા અને અભિનંદન આપવા જતા. આજે પણ કિયોતોમાં એ વિધિ જાપાનના સમ્રાટ કરે છે.



જાપાની પ્રજાનું મુખ્ય વસ્ત્ર આપણા ફકીરના ઝભ્ભા જેવો 'કીમોનો' છે. તેના ઉપર જે સુંદર રંગીન ભાતો પાડવામાં આવે છે તથા જે ભારે-કિંમતી છતાં સાદા પ્રકારો છે તે જોઇને આપણને જાપાની કલારસિકતા વિષે માન થયા વિના રહે નહિ. કાંસકીઓ, ફૂલ મૂકવાનાં ફૂલદાન, ધૂપિયાં, બાજઠ, ચાના પ્યાલાઓ, કીટલી વગેરેની રચનામાં જે કળા જાપાન અને ચીનની પ્રજા પ્રકટાવે છે તે આશ્ચર્ય પમાડે તેવી છે.

સાથેનાં ચિત્રોમાં ફક્ત સાદો વાંસ વાપરીને ફૂલદાન બનાવવાની રીત જાપાની પ્રજાની કલારસિકતાનો પુરાવો આપે છે. ચાના ખંડમાં એની ગોઠવણ કરવામાં આવે છે. બાજુ પર જાપાની



કવિ—ઘણુંખરું અજ્ઞાત, અપ્રકટ કે પછી કોઇ પ્રખ્યાત કવિ—ની પંક્તિઓ, કદી ધર્મનાં સૂત્રો તો ક્વચિત ઋતુની પ્રકૃતિ આલેખનાર પ્રાકૃતિક સૌંદર્યની સૂચક કડીઓ ટાંકવામાં આવેલી છે. વાંસને કાપવાની સફાઇ-નો અને તેમના મોટા કદનો ખ્યાલ એકાદ નમૂનો જોયો હોય તો જ આવે; આ નિર્જીવ ચિત્રો જોવાથી નહિ.

આપણા દેશમાં આવી સાદી રસિકતાને સ્થાન નથી એમ કોણ કહી શકશે ? ખરી કળાભક્તિ બહારની વસ્તુઓમાં નહિ પરંતુ પ્રજાના માનસમાં હોય છે એ જો બરાબર સમજી શકાય તો જીવનમાં કલાનો આવિર્ભાવ સહજ અને સુલભ બને.

અંબાલાલ બાળકૃષ્ણ પુરાણી



લવીંગિયાની લૂમ

(સ્થળ : સત્યાગ્રહ કરનારું એક ગામડું)

'મારી સાઇકલ ચોરાઈ ગઇ.'

'તો ફોજદારને ફરિયાદ કેમ નથી કરતા ?'

'એ જ લઇ ગયા છે; કોને ફરિયાદ કરવી હવે ?'

❀

'લાવો જનુભાઇ, મારો દંડો પાછો.'

'પણ તે તો તેં મને ગઇ કાલે જન્મદિવસની ભેટ તરીકે આપ્યો છેને ?'

'હા; પણ હવે આજે ક્યાં તમારી જન્મગાંઠ છે ?'

❀

મુકાદમ (મજૂરને)–જો પેલો મજૂર કેવો એકીસાથે બબ્બે લાકડાં ઉપાડી લઈ જાય છે ? અને તું તો એક જ ઉપાડે છે !

મજૂર-તે એને બે ફેરા ખાવાનું આળસ આવતું હશે એટલે એકીસાથે બે ઉપાડે છે. મને કંઇ એની માફક આળસ આવે છે ? બે ફેરા કરીએ તો પગને કસરત મળે !

❀

દાક્તર—આજે તમારી તબિયત કંઇક સારી લાગે છે.

દરદી—હાજી, કેમકે બાટલી પરની સૂચના બરોબર પાળીછે.

દાક્તર—શી સૂચના હતી ?

દરદી—'બાટલીને બરોબર બંધ રાખજો.'

❀

'બા, તે દહાડે તું કહેતી હતીને, કે સવારે રોજ એક અંજીર ખાધું હોય તો દાક્તરની જરૂર જ ન પડે ?'

'હા તેનું શું ?'

'આજ સવારે મેં આઠ અંજીર ખાધાં છે તે એમ ધારીને કે આઠ દિવસ સુધી દાક્તરને બોલાવવા ન પડે; પણ આ તો આજે જ દાક્તરની જરૂર પડે એમ લાગે છે !'

'મા, માસ્તરે આજે કહ્યું કે આપણે બધા ગુરુત્વાકર્ષણના નિયમને લીધે જ પૃથ્વી પર સ્થિર ટકી શકીએ છીએ.'

'હા બેટા, સાચી વાત છે.'

'ત્યારે મા, એ નિયમ ઘડાયો તે પહેલાં આપણે કેવી રીતે રહી શકતા હોઇશું ?'

❀

શેઠાણી—(રસોયાને મુરબ્બાની બરણીમાંથી લપકો ભરીને ખાતો જોઇ) મને બહુ નવાઇ લાગે છે, મહારાજ—

રસોયો—જી, મને પણ નવાઈ લાગે છે. મેં જાણ્યું આપ બહાર ગયાં હશો !

❀

'હું આજ ચાર વર્ષથી વિખ્યાત ચિત્રકાર ધુરંધરની નીચે કામ કરું છું.'

'એમ ? પણ એ તો તમને ઓળખતા યે નથી.'

'એ તો ભલેને; પણ હું હજી યે કામ તો એમની નીચેની દુકાનમાં જ કરું છું !'

❀

ગાડી ઉપડી ને ભલાકાકા હાંફળાફાંફળા જેવા ચડવા જાય છે ત્યાં પોલિસે રોકીને કહ્યું, 'ચાલતી ગાડીએ ચડનારને સો રૂપિયા દંડની શિક્ષા થાય છે.' એવામાં સિગ્નલ આપતો ગાર્ડ ચડવા જતો હતો, તેને કોટ પકડી રોકીને કાકાએ કહ્યું, 'ભાઇ સો રૂપિયા દંડ થશે; જા મા. હવે આપણે બંને બીજી ગાડીમાં જશું.'

❀

વટેમાર્ગુ—ભાઇ, આ રસ્તો ક્યાં જાય છે ?

બોધો—ક્યાંય નહિ: હું તો એને રોજ અહીં ને અહીં જ જોઉં છું.

દરિયાનો દાનવ

[આગળના બે હપતાને અનુસંધાને પૂરું]

૨૦

હવે કુક ટાપુઓમાં ફરવું સલામત ન હતું. આમ પણ અમને આઠસો આશરે માઇલની સફર તો હતી જ. એટલે અમે ફીજી ટાપુઓમાં જવાનો નિશ્ચય કર્યો. એમાં મુશ્કેલી એ હતી. લગભગ હજાર માઇલ તો અમારે, ઉપર આભ અને નીચે પાણી, એમ કાઢવા પડે. બીજા અકસ્માત ન નડે તોપણ ઓછામાં ઓછા તેર દહાડા તો થાય જ. આ બાજુ અકસ્માત ન નડે એ અસંભવિત જ હતું. મૃત્યુને તો અમે વિસારી દીધું હતું, એટલે અમે કોઇ પણ કાર્યની મુશ્કેલીઓનો વિચાર ન કરતાં, એના ફાયદાઓનો જ વિચાર કરીને સુકાન ફીજી ટાપુઓ તરફ ફેરવ્યું.

દસ દિવસ સુધી લાગટ વરસાદ વરસ્યો. દરિયો અને પવન હેલે ચડ્યા. અમારી હોડીમાં તરી શકે તેવી દરેક વસ્તુ તરતી જ રહેતી. અમારાં કપડાં ખારાં પાણીમાં જ રહેતાં. જ્યારે ક્વચિત સુકાતાં ત્યારે લાકડા જેવાં કઠણ થઇ જતાં અને અમારે અંગેઅંગે લોહિયાળ ઉઝરડા પાડતાં. વળી ભીનાં થાય એટલે આ લોહિયાળ જખમમાં મીઠાંનું પાણી છંટાતું! ઊંઘ તો હોય જ નહિ. ખોરાક બગડી ગયો ને પાણી પણ ખૂટ્યું. દરેક જણ અરધો બેભાન જેવો થઇ ગયો. કોઇ વાર સુકાનીની ગાફેલ દશામાં હોડી ગમે તેમ ભટકાતી પણ ખરી.

એક દહાડો સવારે ઉજાશ થતાં અમારી આસપાસ અમે કૌતુક જોયું. દરિયો તદ્દન પીળો થઈ ગયો હતો! એની સપાટી ઉપર જાડો પીળો રગડો તરતો હતો. પેલા ભરતિયા મોજા પેઠે આ પણ કોઇ ભૂકંપનું પરિણામ અમે ધાર્યું. ત્રણ દહાડા આવો દરિયો રહ્યો. આ અરસામાં અમને સૌને સ્કર્વીનો રોગ થઇ આવ્યો. અમારા ગુડા સૂજી ગયા; અમારા હોઠ કાળા થઇ તરડાઇ ગયા; જીભ સુકાઇ ગઇ; પેઢાં પૂણી જેવાં સફેદ બની સંકોચાઇ ગયાં; દાંત હાલવા લાગ્યા; માથામાં શૂળ તો અસોસ થવા લાગ્યું; આંખોના ડોળા બહાર નીકળી આવ્યા. હવે કોણ પહેલું મૃત્યુ પામશે તે વિષે અમે ખુલ્લી રીતે અટકળો કરવા લાગ્યા.

'સાથીઓ! આમે ય મોત તો આવવાનું જ છે. તો રિબાવું શા માટે? નીરમ (Ballast)ના લોખંડના ટુકડા ગળે બાંધી, ચાલો આપણે દરિયામાં કૂદી પડીએ. એકાદ મિનિટમાં આપણાં દુ:ખનો છેડો આવી જશે.'

'હા, હા.' ચાર જણ બોલ્યા.

પણ પારમીઍને ફ્રિટઝ-રોઇટરની પેલી અટ્ટહાસ્ય કથા ('A Trip to Constantinople' by Fritz Reuter) ઉઘાડી મોટેથી વાંચવા માંડી. એની રમૂજ અમને જીવતા રાખી શકી. હજુ ખલાસીનો આત્મા અમારામાંથી ગૂમ થયો નહોતો. અમે જેમતેમ હોડીને



દરિયાનો દાનવ : લેફ્ટેનન્ટ કાઉન્ટ ફૉન લ્યૂકનેર

જે અજેય જર્મન સાગરવીરે અતુલ સાહસોથી એકલે હાથે ગયા મહાયુદ્ધમાં સાત શત્રુ-સલ્તનતોની આરમારીઓને હંફાવી આટલાંટિક-પાસિફિકનાં મહાજલો પર ત્રાસભરી પરાક્રમકથા આલેખી

આગળ ચલાવ્યે રાખી. કેટલું ચાલ્યા એનો હિસાબ રહ્યો નહોતો. માત્ર મોરો આથમણો રાખી અમે હંકાર્યાં જતા હતા; જીવ સૌનો તાળવે ચોંટી ગયો હતો.

એવામાં અમે જમીન જોઇ. ત્યારની લાગણીઓનું વર્ણન કરવું નિરર્થક છે. એ સમજાવવી જ અશક્ય છે. આસ્તેઆસ્તે એ નાનકડો ભૂરો ડાઘ મોટો થતો ગયો, ઘેરામાંથી લીલો થતો ગયો, કંઠાર ચોકખી થતી ગઇ, અને એ દેખાવે ઉપજાવેલી આશાના સુખથી અમારી અશક્તિ વધી ગઇ. પણ કંઠાર ઉપર શંકા પડતી હિલચાલ થતી હતી. આશરે સોએક કાળા, ઊંચા, લડાયક માણસોનું ટોળું કાંઠે જમા થઇ ગયું હતું. દરેકના હાથમાં ઝેરી પાનાવાળો લાંબો ભાલો હતો, ખભે તીરકામઠાં હતાં, સુધરેલા મોટા છરા પણ કોઇ-કોઇની કમરે લટકતા હતા. આ કંઇ નરમ દિલના પોલિનેશિયન ન હતા. આ તો માણસને ખાઇ જનારા, કૅનિબૉલ, માલેનેસિયન ! અનેક દાયકાઓના બ્રિટિશ રાજ્ય પછી પણ આ યોદ્ધાઓ કોઇકોઇવાર કોઈ અભાગીને ઉજાણી માટે બાળી લેતા.

પણ અમારી હોડી એટલી પાસે હતી કે હવે ભાગવાનો યત્ન નકામો હતો. ભાલાં ફેંકાને જ અમને તેઓ વીંધી નાખે એટલા અમે પાસે હતા. મારું ખમીર ચડવા લાગ્યું. કોણ જાણે ક્યાંથી મારા મુડદા જેવા શરીરમાં જોર આવ્યું. સ્પષ્ટ અવાજે મેં હુકમ કર્યો, 'તુતક સફા ! ગોલંદાઝ ખબરદાર !'

અમારા એકના એક ડોલ ઉપર જર્મન ઝંડો ફરકી રહ્યો અને છ બંદુકો છ ખભે ચડી.

કાંઠા પર બૂમાબૂમ થઇ રહી. તેઓ એકબીજાને અમારો ઝંડો બતાવવા લાગ્યા. ભાંગીતૂટી અંગ્રેજીમાં ટોળાએ બૂમ મારી 'તમે જર્મન છો ? તમે અહીં ક્યાંથી ? આવો આવો, અમારે જર્મનોને મારવા નથી– જર્મન બહાદુર પ્રજા છે; જર્મન નરવીરોની પ્રજા છે !'

યોદ્ધાઓની પ્રજામાં જ બહાદુરીની કદર થઇ શકે. અમે આ આવકારથી આજેજ થઇ પડ્યા. અમારા હાથમાં બંદુકો ઊંચી કરવા જેટલું પણ બળ ન રહ્યું.

૨૧

આ ટાપુ નીયુઈ (Niue) ઉપર અમે અમારી તંદુરસ્તી મેળવી. સ્કર્વી ઉપર કેળાંની અસર જાદુઈ થાય છે. અને અહીં અમને કેળાં ખૂબ મળ્યાં. માલેનેસિયન મિત્રોની દુવા સાથે અમે ફરી સઢ છોડયા, ને ફીજીના મુખ્ય ટાપુ તરફ હંકાર્યું. કતાફાંગા (Katafanga) પહોંચ્યા ત્યાં તો અમે પૂરા તંદુરસ્ત થઈ ગયા હતા. હવે અમારી ચારે તરફ ફીજી ટાપુઓ પથરાએલા હતા. પ્રભુકૃપાથી અમે એક વાર ફરી મોતથી બચ્યા.

સવારનું ભળભાંખળું થવા આવ્યું હતું. અમે સૌ મીઠી ઊંઘમાં પડ્યા હતા. ત્યાં જબરી બૂમ પડી ! હું જાગી ઊઠ્યો. સીધા મોરાસોત સફેદ ફીણની ધાર ઊકળતી હતી, અને 'મહારાજકુમારી' જોરથી ખડક તરફ ધસતી જતી હતી. પવન પૂંઠોતરો હતો.

'ધામણ હૅાબ્બેશ !' મેં કહ્યું. પણ પવન અમારો દુશ્મન થયો. 'મહારાજકુમારી' જોકે ધીમી પડી, પણ દિશા તો ખડકની જ રહી. અમારે જીવતા રહેવું અ-સંભવિત હતું. પાસિફિકના ખડક સામે ભેખડિયા મોજાં (Surf) ઉપર માણસ કે હોડી ઊગરી શકે જ નહિ.

મેં હાથમાં પિસ્તોલ લીધી. પરવાળાના તીણા નહોરથી વીંધાઇને રિબાઇ મરવા કરતાં એક ભડાકે ફેંસલો કરવાનો મેં નિશ્ચય કર્યો. બધાએ પિસ્તોલ હાથમાં લીધી. પણ એકને પિસ્તોલ શોધવી પડી. ખડક બેત્રણ વામ જ દૂર રહ્યો હતો—પણ પેલો પિસ્તોલ શોધતો હતો; અને મરવું તો બધાએ એક ક્ષણે જ મરવું એવો નિશ્ચય બધાના મનમાં પોતાની મેળે જ બંધાયો હતો. અમારી નજર પેલા ઉપર હતી. એને પિસ્તોલ મળે કે સૌએ સાથે ઘોડો દાબવો. . . .

મોરાથી એક વામ દૂર ભયંકર મોજો ખડકે ચડયો અને 'મહારાજકુમારીએ' ઊંડી ડૂબ લેવા માથું ઝુકાવ્યું. ત્યાં પેલો મોજો પાછો ફર્યો, એના ઓસરતા બળે પણ એણે હોડીની ધામણબોરદૂ જબરદસ્ત ફટકો માર્યો ! 'મહારાજકુમારી' એક પળ થરથરી રહી, અને બીજી પળે ખડકની બાબૂબોરદૂ સલામત નીકળી ગઇ !

અમારા હાથમાં પિસ્તોલો થંભી ગઇ ! ધમણ પેઠે હાંફતો શ્વાસ લંબાઇ ગયો. એકબેના વાળમાં ધોળાં દેખાયાં. અમને દરિયાના ખેડૂને ખુદાનો હાથ જિંદગીમાં અનેક વાર નજરોનજર દેખાય છે; એવી આ પળ હતી.

૨૨

વકયાનો ટાપુ આવી પહોંચ્યો. અનેક વહાણો લાંગર્યાં હતાં. અમે અમારે લાયક વહાણ બારીકાઇથી શોધવા લાગ્યા. કાંઠેથી દેશીઓની ભરેલી એક હોડી અમારા

તરફ આવવા લાગી. તેમણે પ્રથમ તો અમને ખરાબે લાધી ગએલા કોઇ વહાણના માણસો ધારી લીધા હતા.

અમારામાંથી બે જણને અમે 'મહારાજકુમારી'માં રાખ્યા. ચાર જણ ગામમાં ગયા. ત્યાં કેટલાક હાફકાસ્ટ 'કાલા સા'બ' હતા. ગોરા ને દેશી બે વચ્ચેની આ પ્રજામાં બંને પ્રજાની હલકાઇ એકઠી થએલી હોય છે. એમાંથી એક કાળો સા'બ તો અમારી સાથે બહુ જ ખરાબ રીતે વર્તવા લાગ્યો. 'આને માટે દારૂગોળા કરતાં, રમ દારૂ ઠીક પડશે' કહી કર્ચિસે એને હાથમાં લીધો.

'મેં પહેલાં તો તમને જર્મન ધાર્યા. જો તમે જર્મન હો તો અમને પચ્ચાસ પૌંડ મળે.' તેણે કહ્યું.

'એ જરૂર કૈંક ખાનાખરાબી કરશે.' એને વિદાય આપતાં કર્ચિસે કહ્યું, 'મારો છેલ્લો અરધો ગૅલન રમ મેં વણસાડયો.' તેણે અફસોસ કરવા માંડયો.

તે જ રાતે 'મહારાજકુમારી'ના રસ્સા કપાઇ ગયા. અંદરના બે જવાનો ચેતી જવાથી જ હોડી બચવા પામી. અમારા ઉપર સખત ચોકી બેસી ગઇ હતી. અંગ્રેજી શહેનશાહતના હાથ અમાપ લાંબા છે. આટલે દૂર પણ તેના સકંજાનાં ચક્કરો સરસ રીતે ફરવા મૌંડયાં. દરમ્યાન અમે એક સરસ વહાણ પસંદ કર્યું. એના કપ્તાનને મળી મેં અમારી કેફિયત સમજાવી. 'અમે ઑસ્ટ્રેલિયાથી કોલસો લઇ સૂવા (ફીજીની રાજધાની) જવાના હતા, પણ હોડીમાં સહેલગાહે નીકળ્યા ત્યાં તોફાન નડતાં અહીં આવી પડયા—'

કપ્તાને અમને સૂવા પહોંચાડવાનું કબૂલ કર્યું.

રાતના આઠ વાગ્યે અમે એના વહાણ ઉપર ચડ્યા. અમારા મોટા કોથળાઓમાં હથિયાર ભર્યાં હતાં. એના ઉપર અમારો અમલી પોશાક વીંટી દીધો, અને બધા ઉપર ધાબળા વીંટ્યા હતા. દરેકના ખીસામાં એકેક પિસ્તોલ અને એકેક બૉમ્બ હતાં.

વહાણ દરિયે પહોંચે કે તરત જ અમારે અમારો પોશાક પહેરી લેવો અને બધાને જેર કરવા એવો મનસૂબો કર્યો. પોશાક વગર અમારાથી કંઇ પણ પગલું ન ભરાય એવો મારો દૃઢ સંકલ્પ હતો.

મધરાત પહેલાં એક નાનકડી સ્ટીમર મારમાર કરતી બારામાં દાખલ થઇ, અમારી પડોશમાં લંગર નાખ્યું, અને થોડી મિનિટ પછી એની સીડી પાસેથી એક હોડી સીધી અમારા તરફ આવવા રવાના થઇ.



'સી આડલર'

જે નાનકડા સઢવાળા વહાણ વડે લ્યૂકનેરે ભલભલી મોટી સ્ટીમરોને જેર કરી અને સાતસાત સલ્તનતની આરમારીઓને થાપ આપી આટલાંટિક તથા પાસિફિક મહાસાગરોમાં ત્રાસ વર્તાવી મૂકયો.

એમાં એક બ્રિટિશ લશ્કરી અમલદાર અને ચાર હિંદુસ્તાની સિપાહીઓ બેઠા હતા.

પેલા 'કાળા સા'બ' ખચ્ચરે છેવટે અમારૂં ખાણું ખરાબ કર્યું જ. મારી પડખે ઊભેલો વહાણનો કૅપ્ટન આખી બાજી સમજી ગયો હતો. મારા સાથીઓ ભેગા થઇ ગયા. અમારે જલદી નિશ્ચય કરી લેવો જોઇએ. કોઇને બ્રિટિશોના કેદી બનવું પસંદ ન હતું;—પણ અમે લાચાર હતા. ખૂનરેજી ચલાવીને નાહક જર્મનીનું નામ બગાડવાનો મને સખત વિરોધ હતો. અમે તાબે થવા નિશ્ચય કર્યો.

અંગ્રેજ અમલદાર અને એના ચાર કાંધિયાઓ અમારી સીડી ચડવા લાગ્યા. પેલા હિંદુસ્તાનીઓએ અરધા લેંઘા પહેર્યા હતા, જેથી એમના ગુડા ઉઘાડા દેખાતા હતા. તુતક ઉપર પગ મૂકતાં જ લેફ્ટેનન્ટે તુમાખીથી અમને કહ્યું, 'હું તમને બધાને પકડવા આવ્યો છું;—તમે કોણ છો?'

હું આગળ આવ્યો અને લડાયક અદાથી ઊભો રહ્યો. પછી કહ્યું, 'પહેલાં હું મારી ઓળખાણ આપું: મારૂં નામ કાઉન્ટ લ્યૂકનૅર, મારૂં વહાણ સી આડલર,

આ મારા સાથીઓ છે—'

બ્રિટિશ લેફ્ટેનન્ટ બે ડગલાં પાછળ હઠ્યો! તેને એમ કે કોઇ જર્મન વેપારીઓને પકડવાના હશે... એના શરીરમાંથી કડકાઇ ઓસરી જતી દેખાતી હતી. ચાર જણની પેલી લેંઘાપાર્ટી તો અક્કડ ઊભી હતી. આ દેશીઓ અંગ્રેજને જ ખુદા સમજે છે ત્યાં સુધી અંગ્રેજોનો રૂઆબ સલામત રહેશે એ નક્કી છે.

'ત-ત-તમે સી આડલરના કમાન્ડર?—કાઉન્ટ લ્યૂકનૅર?'

'જી; અને આ મારા સાથીઓ. લેફ્ટેનન્ટ, તમે હથિયાર બહુ નજીવાં લાવ્યા છો. આ વખતે મારા એક જ ઇશારાથી તમને અને તમારી આ વહેંતિયા-ટોળીને હું મોતના ડાચામાં ધકેલી શકું છું. પણ અમે અમારા આરમારી પોષાકમાં નથી એટલે અને અમે નાહક ખૂન કરવા નથી ઇચ્છતા એટલે હુંએ નહિ કરું: પણ તમારે અમને અધઘડી છૂટ આપવી પડશે.'

એના જવાબની રાહ જોયા વગર અમે ગજવા-માંથી પિસ્તોલો કાઢી. અમારા બિસ્તરા ખોલી બધાં હથિયાર કાઢ્યાં. પેલા બૉમ્બ જોઇને લેફ્ટેનન્ટ પણ જરા ફિક્કો પડ્યો. વહાણનો કૅપ્ટન તો ક્યારનો દૂર ઊભો હતો. પેલું વફાદાર બ્રિટિશ લશ્કર ખસકતું ખસકતું સીડી પાસે આવી પહોંચ્યું હતું.

'ખબરદાર!' મેં મારા માણસોને હુકમ કર્યો, 'એકેએક ચીજ પાણીમાં આરિયા—'

અને બીજી જ પળે અમારાં હથિયારો દરિયાને તળિયે જવા રવાના થયાં.

'ચાલો લેફ્ટેનન્ટ, હું તમારી સેવામાં હાજર છું.' મેં કહ્યું.

'બ્હોત ખૂબ, કમાન્ડર કાઉન્ટ લ્યૂકનેર. તમારૂં નામ આજે જગમશહૂર બન્યું છે. આજે મેં તેનાં કારણો નજરોનજર જોયાં છે. તમને કશી પણ અગવડ નહિ પડે તેની હું ખાતરી આપું છું.'

અમને સૂવા મુકામે લઇ જવામાં આવ્યા.

સી આડલર વિષે અમને ખૂબ સવાલો પૂછાશે એ અમારી ખાતરી હતી;—અને કોઇ કહી નહિ દે એ પણ મારી ખાતરી હતી. છતાં મેં સૌને ચેતાવી દીધા.

મારી કારકીર્દિનો ત્રીજો હફ્તો શરૂ થયો.

૨૩


ફીજી ટાપુઓની રાજધાની સૂવા છે. અમને જે દહાડે ત્યાં જાહેર રીતે કેદી તરીકે લઇ જવામાં આવ્યા તે દહાડે ત્યાં ઓચ્છવ થઇ રહ્યો.

શરૂઆતમાં અમને એક નાનકડા બંગલામાં રાખ્યા. મારી સાથે તો કર્ચિસ જ રહ્યો. બીજાઓને જુદા રાખ્યા. હું આ તરકીબ સમજી ગયો. બને તો કોઇક પાસેથી પણ સી આડલર વિષે ખરી માહિતી મેળવવાનો આ તાગડો હતો. પણ કોઇએ પોતાનું મોં ખોલ્યું નહિ એટલે બધી પરોણાગત ફોકટ જશે એમ બ્રિટિશ સરકારને લાગવા માંડ્યું. અમારા ઉપર ચોકી કરતો અફસર લેફ્ટેનન્ટ વ્હાઇટહાઉસ એક દહાડો અમારી પાસે આવ્યો ને કહ્યું કે જનરલ (સિપેહસાલાર) મેકેન્ઝીએ પોતાના મહેલમાં અમને બોલાવ્યા છે. અમે બંને અમારો અફસરી પોષાક પહેરી ગાડીમાં બેઠા. થોડી વારે ગાડી એક ગઢ જેવા મકાનમાં દાખલ થઇ. અંદર અમે નજર કરી તો—બદમાશોને પૂરવાની જેલ!

લેફ્ટેનન્ટ વ્હાઇટહાઉસને બીક હતી કે જો અમને જેલમાં લઇ જવાની સાચી વાત એ કહેત તો અમે એને ભરખી ખાત! અમારી હાજરીમાં એ હાથમાં સદાય પિસ્તોલ રાખતો.

થોડા દહાડા પછી અમને સાચેસાચ એક જપાની ઍડમિરલનું તેડું આવ્યું. ધૂળ ખાધેલા પણ અફસરી પોષાકમાં હું જપાની મનવાર ઉપર ચડ્યો ત્યારે મને બહુ સંકોચ થવા લાગ્યો. એ બહાદુર જપાનીઓ જેટલા શૂરવીર હોય છે તેટલા જ દાવકા હોય છે, એટલે મને ખોટું ન લાગે તેની પૂરી ચોવટ રાખવામાં આવી હતી. ઍડમિરલ ઉપલા તૂતક ઉપર ઊભો હતો. મને જોઇ તે બે ડગલાં આગળ આવ્યો અને પોતાના અમલદારો તરફ ફરી બોલ્યો, 'અફસરો, આ શૂરવીર જવાનને પકડવા આપણે ત્રણ મહિના થવા મથી રહ્યા છીએ! વીરનર! તમને આ પ્રમાણે મળતાં મને દુ:ખ થાય છે. તમારા જેવાની સાથે તલવારથી સામનો કરવાની મારી હોંશ અણપૂરી રહી જાય છે!' તેના નિખાલસ શબ્દોથી મારો સંકોચ દૂર થવા માંડ્યો.

મારી પરોણાગતમાં ખામી ન રાખી. સી આડલર વિષેના સવાલો ન પૂછવાની મારી વિનંતિ સાંભળીને ઍડમિરલ જરાક મલક્યો ને ટેબલ પર દરિયાનો નકશો



દરિયાના દાનવ લ્યૂકનેરની આ સાહસકથા દરમ્યાનની આખી સફરની કારકીર્દિનો નકશો
A B C વગેરે અક્ષરો વડે એ કારકીર્દિના મહત્ત્વના બનાવો દર્શાવ્યા છે; ૧, ૨, ૩ વગેરે અંક ડૂબાડેલાં વહાણોની યાદી દર્શાવે છે.

પડ્યાં હતો તેમાં નજર કરવા મને એણે કહ્યું. એમાં સી આડલરની જલસફરનો માર્ગ સીસપેન વતી દોર્યો હતો!

મોપેલિયાના ટાપુ પાસે ગોળ કુંડાળું જોઈ હું આભો બની ગયો. ઍડમિરલ ઝીણી આંખે મારી સામે હસવા લાગ્યો. મારા દિલમાં શંકા ઊઠવા લાગી. શું આ જાપાનીને બધી ખબર છે? કે મારી પરીક્ષા કરે છે? એના મોં ઉપરના ભાવ કળી શકાતા નહોતા.

એણે વાત ફેરવતાં મારી સામે એક સુંદર પુસ્તક ધર્યું. મેં એનાં પાનાં ઉથલાવવા માંડ્યાં. આરંભે જ એમડનની એક સુંદર તસ્વીર હતી. ત્યાર પછી કૅપ્ટન મ્યૂલરના હસ્તાક્ષરમાં એમડનની સાહસકથાનો* સાર લખ્યો હતો.

મેં સહસા પૂછ્યું, 'શું એમડન પડી?'

ઍડમિરલે ઝૂકીને નમન માત્ર કર્યું.

થોડાંક પાનાં પછી મોવ્વેની તસ્વીર અને એના કૅપ્ટનના હસ્તાક્ષરમાં લખેલી મોવ્વેની ટૂંકી કથા!—

મારી લાગણીને હું વશ ન રાખી શક્યો અને પૂછ્યું, 'શું મોવ્વે પણ પડી?'

એ જ સ્મિત, એ જ નમન, એ જ અદા. અને પછી મારા હાથમાં સોનાની સાહીપેન આપતાં ઍડમિરલે કહ્યું, 'કાઉન્ટ, તમે તમારા હસ્તાક્ષરે સી આડલરનાં અગણિત પરાક્રમોમાંની એકાદ કથા આમાં ન લખો? મિત્ર હો કે શત્રુ હો—પણ જે વીર હોય તેની કથા અમારા દેશમાં સદા ય આદર પામે છે. અમારા દેશના યુવાનો જ્યાંથી મળે ત્યાંથી પ્રેરણા મેળવવા તરસ્યા છે. કાઉન્ટ ફૉન લ્યૂકનેરનું નામ અમારા યુવાનોનાં હૈયાંમાં શત્રુ તરીકે નહિ પણ

* કુમારના વાચકોને કોઇ વાર કહેવા જેવી છે.—'સુકાની'

સાહસવીર તરીકે યાદ રહેશે.'

એની વાત મારે સ્વીકારવી પડી. દક્ષિણ મહાસાગર વિષેની હકીકત મેં ટૂંકમાં લખી આપી.

૨૪

ન્યૂ ઝીલૅન્ડની 'વાઇરૂના' નામની એક સ્ટીમર કેટલાક વખત પહેલાં ડુબાડવામાં આવી હતી. એમાંના ઉતારૂઓ વગેરેનો પત્તો નહોતો. ન્યૂ ઝીલૅન્ડમાં સૌકોઈ માનતું હતું કે સી આડલરે વાઇરૂનાનો અને એના ઉતારૂઓનો નાશ કર્યો હતો, તેથી ન્યૂ ઝીલૅન્ડ બદલામાં અમારો નાશ કરવા ઇચ્છતું હતું. એટલે અમને ન્યૂ ઝીલૅન્ડ લઇ ગયા. પહેલાં લઇ ગયા મોત્વીહી ટાપુ પર. પછી સ્ટીમરમાં ઑકલેન્ડ, ત્યાંથી રાતોરાત મોટરમાં નાખી, કલાકો સુધી જંગલો વટાવી, પછી એક ભારખાનાની ટ્રેનમાં ખડક્યા. છેવટે અમે ન્યૂ ઝીલૅન્ડની રાજધાની વેલિંગ્ટનની જેલમાં પહોંચ્યા. જેલની પરસાળમાં જતાં મારી નજર એક કોટડીમાં પડી. એમાં લોઇદિમાન, ક્રૌસ, પારમીઅન અને એર્ડમાનને પૂર્યા હતા.

લડાઇના કેદી તરફ આવી વર્તણૂક જોઇ હું અજાયબી પામ્યો, ન્યૂ ઝીલૅન્ડના લોકોમાં પ્રકટી ઊઠેલા ગુસ્સાને શાંત પાડવા સત્તાવાળાએ અમારી તપાસ કરવાનું નક્કી કર્યું હતું એમ મને કહેવામાં આવ્યું.

બીજે દહાડે એક ખડખડ કૂઝરના સલૂનમાં અમને ઊભા કર્યા. ત્યાં સદર દીવાની ન્યાયાધીશો બેઠા હતા. લશ્કરી કાયદાની રૂએ અમારી તપાસ કેવળ આરમારી અદાલત જ કરી શકે. આ દીવાની અદાલતને મેં સાફ કહી દીધું કે તેના એક પણ સવાલનો અમે જવાબ નહિ આપીએ. પેલા અમલદારો કંઇ જુલમ કરે તો તેનો લાયક જવાબ આપવા અમે તો તૈયાર જ હતા.

એટલામાં બ્રિટિશ આરમારીનો કમાન્ડર સર બેસિલ ટૉમસન ત્યાં આવી પહોંચ્યો. એણે મારી વાત સાંભળીને કહ્યું, 'કાઉન્ટ, તમે કહો છો કે તમને વાઇરૂના વિષે કશી ખબર નથી?'

'નહિ જી, મેં એનું નામ પણ નથી સાંભળ્યું.'

'કાઉન્ટ, તમે તમારી જાતને ભોગે પણ સાચું જ કહો છો?'

'ભય કે લાલચ કશાથી હું જૂઠું બોલતો જ નથી!'

'વારૂ; સી આડલર વિષે તમારા માણસો કંઇ પણ કહે ત્યાં સુધી તમારા માણસોને બેડી પહેરાવવા વિષે તમે....'

'સાહેબ, મારી નાખશો તો ય એ માહિતી તમને નહિ મળે. તમારા નાવિકો માટે તમને જે માન છે તેટલું જ મારા નાવિકો માટે મને માન છે....'

પેલા ન્યાયાધીશો તરફ ફરી સર ટૉમસને કહ્યું, 'સાહેબો, અદાલત બરખાસ્ત કરવામાં આવે છે!'

૨૫

દરેક કેદીની એક જ ઉમેદ—છુટકારો! દરેક કેદીની એક જ કોશેશ—નાસી છૂટવાની!

અમારા દરોગા પાસે એક સુંદર મોટરબોટ હતી. એ જોઈ ત્યારથી જ નાસવાનો વિચાર મને હમેશ આવવા લાગ્યો. એવામાં એક વાર એક જર્મન કેદીએ મને કહ્યું, 'કાઉન્ટ, આપણે એક તમાશો ગોઠવીએ!'

બસ, મને બધું સમજાવા લાગ્યું. તમાશો, જલસો, એ જ બરાબર! અમે સત્તાવાળાઓની રજા માગી અને જલસાની તૈયારી શરૂ કરી દીધી.

એક વાયરલેસ સેટ બનાવ્યો. એનો ઉપયોગ અમારી મહાન રંગભૂમિ માટે જ હતો તો!

બૉમ્બ પણ બનાવ્યા. એક મશિનગન બનાવી જે રમકડા જેવી દેખાતી હતી, પણ કામ લાગે તેવી હતી. એક અક્ષાંશમાપક યંત્ર બનાવ્યું અને મોટરબોટને ખૂણેખાંચરે ખોરાક ભરી મૂકવા માંડ્યો. પડદો બનાવવાનું કહી સઢ પણ બનાવ્યો!

અઠવાડિયાંઓની જહેમત પછી અમે તૈયાર થયા. ૧૯૧૭ના ડિસેમ્બરની તેરમીની રાત્રે અમે તારનાં દોરડાં કાપી નાખ્યાં. પછી એક બરાકને આગ લગાડી. સૌકોઇ એથી ગભરાટમાં પડ્યા, એટલે અમે મોટરબોટમાં ચડી બેઠા અને બીજી જ પળે જોરાથી પાણીને ચૂશ મારી મોટરબોટે અંધારામાં ઝંપલાવ્યું!

એકબે ઘડી પછી દરિયામાં દોડાદોડ થઇ રહી. વેપારી વહાણો પણ અમને શોધવા આમથી તેમ દોડવા લાગ્યાં, પોતપોતામાં જ એકબીજાની પૂંઠ પકડવા લાગ્યાં, એકબીજાને ગોળીબારથી નવાજવા લાગ્યાં અને લોકોના મનમાં અસર ઉપજાવવા કિનારેથી બે જબરદસ્ત સર્ચલાઇટ વીજળીના તેજથી પાણીને અજવાળવા લાગી. એ તેજ ન હોત તો અમે ક્યારે ખડક ઉપર અથડાઇ પડત! બીજી સવારે એક સ્ટીમર ખડક પર અથડાએલી મળી અને ઑકલૅન્ડના ભલા

શહેરીઓએ સંતોષનો દમ ખેંચ્યો કે નાપાક દુશ્મનોનો બૂરો ફેજ થઇ ચૂક્યો હતો!

૨૬

મારી મોટરબોટમાં નવ જણ હતા. જેમાંના સાતે વેપારી સ્ટીમરોમાં દરિયો ખેડ્યો હતો. હવે મેં મારી બોટને જર્મન શાહી આરમારીમાં પલટાવી નાખવા નિશ્ચય કર્યો. પેલા જલસા વખતે જર્મન વાવટો અમે બનાવી રાખ્યો હતો. સાત ખલાસીઓને આરમારીના મિડશિપમેનનો ઓદ્ધો આપ્યો; ફૉન ઍજુડીને જુનિયર લેફ્ટેનન્ટનો ઓદ્ધો આપ્યો.

ત્રીજે દિવસે બે સફરી વહાણોના શઢ નજરે ચડ્યા અને અમે એમની પૂંઠ પકડી. પણ પવન પાછોતરો હોવાથી એક વહાણ છટકી ગયું અને બીજાને ચેતાવતું ગયું. પણ અમારે તો વહાણ જોઇતું જ હતું. બૉમ્બ હાથમાં રાખ્યા, મશિનગન તૈયાર રાખી, જર્મન ઝંડો ફરકાવી દીધો, અને બીજા વહાણની પૂંઠ પકડી.

મોઆ (Moa)નો કબજો લેવામાં કંઈ તકલિફ ન પડી. એની બાંધણી છીછરા પાણીવાળા કંઠાર પરની સફરને અનુકૂળ હતી. જ્યારે મેં એને ભરદરિયે હંકારવા માંડ્યું ત્યારે એના નાખુદાને બહુ વસમું લાગ્યું. પણ મેં તો બધા સઢ હોબ્બેશ કરી મધ્યદરિયા તરફ જ ઝંપલાવ્યું. અમને તો આઝાદી જોઇતી હતી, જ્યારે પેલાને પોતાનું વહાણ જોઇતું હતું. અધુરામાં પૂરૂં થોડા વખત પછી તોફાન તૂટી પડ્યું! મોઆ ટટાર ઊભી શકે એમ ન હતું. એનાં તુતક ઉપર લાકડાં લાદ્યાં હતાં તે વામી દેવા પડ્યાં; જોકે ઘણાંખરાં લાકડાં તો દરિયાનાં મોજાંએ જ વામી દીધાં હતાં. વહાણને વાંઢાર પેલી મોટરબોટ અમે સલાડી રાખી હતી તે પણ મોજાંના સપાટે ચડીને ગરક થઇ ગઇ.

ડિસેમ્બરની ૨૧મીએ અમે કર્ટિસ ટાપુ નજર કર્યો. અહીંથી અમે થોડાંક ઓજાર અને ખોરાક ભરી લીધાં. અમારા કેદીઓ હજુ અમારી સાથે જ હતા.

'ઉતરાદી સ્ટીમર હો. . ઓ. . ઓ. . . . . !' પહેરેદારે પોકાર કર્યો. અમે જેમતેમ નાસવા લાગ્યા. પણ સ્ટીમર અમને આંબતીઆંબતી ઢૂકડી થઇ રહી. અમને ઊભા રહેવા નિશાન કર્યું, અને અમે હજુ વિચાર કરતા હતા ત્યાં એની તોપોએ આકાશ ગજાવી મેલ્યું.

'લોલી આરિયા!' મેં હુકમ કર્યો. ફરીવાર અમે બ્રિટિશને હાથ કેદ પકડાયા.

૨૭

'**માં**ઉન્ટ ઈડન' એટલે સ્વર્ગગિરિ.

મારા બીજા કારાવાસનું એ સુંદર નામ હતું. ત્યાર પછી મને અને કર્ચિસને રિવર ટાપુમાં પૂરી રાખ્યા. દૂર દરિયાકાંઠે સમારકામ ચાલતું હતું. એક દહાડો ડામરનું એક પીપ દરિયામાં પડી ગયું. થોડી વારે એક નાનકડી સ્ટીમરે આવી એ બહાર કાઢ્યું. પછી એ જરા દૂર જઇ નાંગરી.

મારૂં મન પાછું હેલે ચડ્યું. સ્ટીમર, તરાપો, પીપ—કંઇ પણ મારે માટે બસ હતું. મારી તરકીબ સાદી હતી. એક ખાલી પીપમાં મારે ભરાઇ બેસવું; પછી અંધારાનો લાભ લઇ પીપ દરિયામાં રડી પડે; અને સ્કૂનર મને ઊંચકી લે. પછી તો હું છું અને સ્કૂનર છે. રાતના જ્યારે સ્કૂનર પર એકાદ બે માણસો જ હોય ત્યારે સ્કૂનરનો કબજો લેવો રમત વાત જ તો!

પણ આ તરકીબ અમલમાં મૂકાય તે પહેલાં મારી કેદ બદલાઇ. બીજી તરકીબો રચાવા માંડી—એટલામાં તો તહનામું જાહેર થયું.

સંધિ થયા પછી ચાર મહિના ન્યૂ ઝીલૅન્ડમાં અમે આસાન કેદમાં રહ્યા.

ત્યાર પછીનો ઇતિહાસ એ કાઉન્ટ લ્યૂકનેરનો ઇતિહાસ છે, 'દરિયાના દાનવ'નો નહિ.

૧૯૨૦ના જાન્યૂઆરીની ત્રીજી તારીખે મારા સાથીઓમાંના (એક સિવાય) સૌ પાછા વતન આવી પહોંચ્યા ત્યારે તેમનાં કપડાં ઉપર અસંખ્ય થીગડાં અને દાગ હતા; પણ કોઈની કીર્તિ કે દેશભક્તિ ઉપર જરા સરખો દાગ ન હતો.

આજે મારો દેશ હતો તેવો નથી;—પણ મારા દેશ પ્રત્યેનો મારો પ્રેમ પણ કદી આજ જેવો ન હતો.

મારા અનુભવનો સાર મને બે ચીજ શીખવે છે, જે દરેક દેશના જવાને જાણવા જેવી છે:

"નિરાશાથી આજેજ થઇ કદી પણ પાણીને માથે ફરવા દેશો નહિ કે તમારા વહાણનો ત્યાગ કરશો નહિ. હમેશ જર્મન 'ઓક' પેઠે ટટાર અને અડગ ઊભા રહેજો."

'સુકાની'

સ્મરણયાત્રા



૧૨][કપાલ-યુદ્ધ

શરીરે હું નાનપણથી નબળો; અને તેથી જ ઘરના લોકો જોડે સવિનય આજ્ઞાભંગથી હું મારું વ્યક્તિત્વ જાળવી રાખતો. પણ નિશાળમાં એ રસ્તો ચાલે નહિ, એટલે ઘણી વાર રમતો, મેળાવડાઓ અને રખડપટ્ટીમાંથી હું છટકી જતો. આમ, જીવન સંકુચિત કરીને જ નિશાળના દિવસો હું મારા માટે સુખાવહ કરી શક્યો હતો. છતાં કો'ક વખતે ભારે ભીડ આવી પડતી. એને માટે એવી જ એક ભીડ વખતે મેં એક શસ્ત્ર શોધી કાઢ્યું જે મને ચારપાંચ જુદાજુદા પ્રસંગે ભીડભંજન નીવડ્યું છે.

દેવીદાસ પૈ મારો દિલોજાન દોસ્ત. અમે બંને સરકારી અમલદારના દીકરા, અને બંને સરખા વાતોડિયા. એ કારણે અમારી દોસ્તી જામી. એક દિવસે ચોમાસામાં સમુદ્ર ખૂબ તોફાને ચડ્યો હતો. મોટાં મોટાં મોજાં રસ્તાના બંધ ઉપર આવીને અફળાય અને ઉલટાઇને પાછાં વળવા માંડે. આ પાછાં જતાં મોજાં, સામે આવતાં મોજાંઓ સામે ટક્કર ખાતાં. પરંતુ એ બંને સમાન્તર નહિ પણ કાંઇક ત્રાંસાં હોવાથી એ સામસામાં મોજાંઓની કાતર થઇ જતી, અને તેથી એ બેના સંજોગથી પાણીના મજાના ફુવારા જેવી મોટી છોળ આકાશમાં ઊડતી એક છેડાથી બીજા છેડા સુધી દોડતી જતી. આ શોભા જેણે જોઈ હોય તે જ એનો આનંદ સમજી શકે. પવનનો સૂસવાટ ચાલતો હતો; વરસાદે ઝાપટાની પરંપરા ચલાવી હતી અને અમે બંને ભીંજાતે કપડે એ શોભા જોતા ઊભા હતા. આમ ને આમ કોણ જાણે કેટલો યે વખત વીત્યો હશે.

અંતે ઘેર વઢશે એ બીક જાગૃત થઇ ત્યારે અમે પાછા વળવાનું નક્કી કર્યું. એટલામાં, કોણ જાણે શાથી, અમે બંને જણ લડી પડ્યા. લડતા લડતા (આટલો ઝંઝાવાત હોવા છતાં પણ) અમે ગરમ થયા. દેવીદાસ મારી રગ બરાબર જાણે. એણે મારા એક બે મુક્કા ખાધા કે તરત જ મારાં બંને કાંડાં જોરથી પકડી લીધાં. મારી નબળાઇ ત્યાં જ વધારે, એટલે ગમે તેટલી ધમપછાડ કરું તો યે હાથ છૂટે નહિ અને એને મારવાનો લાગ મળે નહિ. અમારી બંનેની ઉમર જોકે સરખી હતી પણ એ જોરાવર અને બેવડા હાડનો. એની આગળ મારું કાંઇ ચાલે નહિ. શરમથી મારો ક્રોધ ધૂંધવાઇને બેવડાયો.

એટલામાં મને એક વિચાર સ્ફૂર્યો. ધડ દઇને મારું કપાળ મેં એના લમણા ઉપર હથોડાની પેઠે ઠોક્યું. બીચારો એકદમ લાલચોળ થઇ ગયો. હાથ ક્યારે છૂટ્યા એનું ભાન સરખું પણ એને રહ્યું નહિ ને એ જમીન પર પડ્યો.

અમારો ક્રોધ તો ક્ષણિક જ હતો. એને નીચે પડેલો જોતાં જ મને દુઃખ થયું. હાથ પકડીને મેં એને ઉઠાડ્યો, એનાં કપડાં પરનો કાદવ ખંખેર્યો અને અમે બંને પહેલાં જેવા દોસ્ત થઇ ઘેર પાછા આવ્યા. દેવીદાસ કહે મને ખબર નહિ કે તું આવો મારો હોઈશ. મેં કહ્યું એ વાત જ જવા દે, મને ક્યાં કલ્પના હતી કે લમણા પર આટલું વાગે છે.

આ જ શસ્ત્રનો તે પછી બે વાર શાહપુરમાં મેં ઉપયોગ કરેલો. એક વાર તો એક પ્રેમાળ મિત્રના આગ્રહમાંથી છટકી જવા માટે, અને બીજી વાર શાહપુરની નિશાળના અખાડામાં એક કસરતબાજ છોકરાએ મારી આગળ કંઇ ગંદી વાત કરેલી એને સજા કરવા ખાતર. આ બીજી વખતે સામો માણસ પણ ઠીક મજબૂત હતો. એને વાગ્યું એના કરતાં મને જ વધારે વાગ્યું હશે, પણ મેં મારું 'મોં તો રાતું રાખ્યું જ;' અને સામો છોકરો તો કાયમનો પાઠ શીખી ગયો. છેલ્લી વાર એ શસ્ત્રનો ઉપયોગ મેં ફરગ્યુસન કૉલેજમાં જીવતરામ કૃપાલાની સામે કર્યો હતો; પણ એની વિગત વળી બીજી કોઇ વાર.

૧૩][સિંહનાદ

'ઘણાં વરસો થઇ ગયાં; આપણે કુલદેવને દર્શને ગયાં નથી; કેટલી યે માનતાઓ પૂરી કરવાની રહી ગઇ

છે. કુલસ્વામીનો કોપ થશે.' એમ આઇને કહેતાં મેં સાંભળ્યાં હતાં. અને દર વખતે પિતાશ્રી કહેતા કે રજા મળે કે તરત જ 'ઘાટાખાલી' જઇશું. ઘાટાખાલી એટલે ઘાટ તળે કોંકણમાં. અમારા કુલદેવ મંગલેશ અથવા મંગેશ.

ગોવામાં પોર્ટુગીઝ લોકોનું રાજ્ય થયું ત્યારે ધાર્મિક જુલમનો પાર ન રહ્યો. એ લોકોએ અસંખ્ય બ્રાહ્મણો અને ઇતર હિંદુઓને જબરદસ્તીથી વટલાવ્યા. મંદિરો તોડીને એની 'ઇગરજીઓ' (ખ્રિસ્તી દેવળ) બનાવી. અમુક હદની અંદર ખ્રિસ્તી દેવળ સિવાય કોઈ પણ મંદિર હોઇ જ ન શકે. કોઇ બાંધવા જાય તો તે ગુનોહ ગણાય. સરઘસો તો કદાચ જ નહિ. એવા એવા કાયદાઓ કરવામાં આવેલા. આમાંના ઘણાખરા કાયદા તો અત્યાર સુધી પળાતા. હમણાં હમણાં પોર્ટુગાલમાં જ્યારે રાજ્યક્રાંતિ થઈ અને પ્રજાસત્તાક રાજ્ય નિમાયું ત્યારે આ ધાર્મિક જુલમ અને હાડમારીઓ બંધ થઇ, હાલની સરકાર ધર્મશૂન્ય નાસ્તિક છે. એની દૃષ્ટિએ બધા જ ધર્મો વહેમનાં સ્વરૂપો છે; બધા જ ધર્મો પ્રત્યે આજની સરકારની સરખી ઉપેક્ષા છે.

ધાર્મિક જુલમોનાઃ એ દિવસોમાં અમારી ન્યાતના કેટલાક ગોવાના આગેવાનોએ પોતે ભ્રષ્ટ થઇએ પણ કુલદેવની મૂર્તિને ભ્રષ્ટ ન જ થવા દઇએ એવો વિચાર કરી રાતોરાત મંદિરમાંથી ખસેડ્યા. અને કાયદાની હદ બહારને સ્થાને એમની સ્થાપના કરી. આ નવું સ્થાન આજે મંગેશીને નામે પ્રસિદ્ધ છે. મહાદેવને બચાવનાર પોતે તો બચી શકે એમ હતું જ નહિ. વાડીવજીફા, ગાંવઠાલાં બધાંને છોડીને એ ક્યાં નાસી જાય? એટલે એમણે કમને અને બળતા હૃદયે ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યો– નિયમિત રીતે ચર્ચમાં જવા લાગ્યા; પણ ઘરમાં તો સોમવાર, એકાદશી, શિવરાત્રી એ બધું બરોબર ચાલે. પરંતુ પાદરીને એની ખબર પડવા ન દે. કન્યાઓ પરણાવવી હોય ત્યારે પણ પોતાની ન્યાતમાંથી જ ખ્રિસ્તી થએલા ગોત્રપ્રવર જોઇને પછી આપે.

આખરે ઇ. સ. ૧૮૯૯માં અમે મંગેશી ગયા. દક્ષિણ તરફનાં ઘણાં મંદિરો અમુક ન્યાતનાં જ અથવા અમુક કુટુંબોનાં જ હોય; એટલે કે એ કુટુંબના લોકો જ ત્યાં પૂજા કરવા આવે. આવાં મંદિરોની આવક

દેશ-સંદેશ

[પૃથ્વી]

કરાલ વદને, હસી ખડખડાટ ધ્રુજાવતી
પ્રચંડ પગલે મહી, ગગનગાભને ગાળતી,
લઇ ખપર ઘૂમતી, નિગળતી નવાં શોણિતે,
લસે તુમુલ લાસ્યથી, નિરખ કાળસૌદામિની!

સુણે છ ? ઘન ઘોર શોર સમ ગર્જરે ગાજતા
પુકાર પ્રસરે, દિશિદિશ તણાં દળન્તાં ઉરો:
'ભરો ખપર, મત્પદે શિર ધરો જ લીલાં, અને
વરો વરદ વિશ્વમાં, મધુર માત–સ્વાતંત્ર્યને.'

છતાં ય કયમ આમ હામ તજી આજ બેસી રહે?
દઈ ડણક સિંહ શી સમર–ઘૂમણો તાહરે;
બજે સમરશીંગ ત્યાં ભડ થતા ય ભીરૂ, અને
જવાન કદિ શું લલાટ ધરી હાથ બેસી રહે?

ત્વરા કર, જવાન! કૂદ, સુણ દેશ-સંદેશ એ,
અને સજલ મેઘ શી તુજ કરી કરી ગર્જના,
રણાંગણ વિશે રમી પરમ રંગથી, અંતમાં
ફના થઇ તું જા, ફના કર તું કાં પરાધીનતા.

મર્યે જનની જીવશે કવણ વીર્યથી વેગળો?
મરે કવણ, જો રહે અમર માવડી આપણી?

મનઃસુખલાલ મગનલાલ ઝવેરી

સારી હોય છે અને એ આવકની વ્યવસ્થા એ ન્યાતનાં પંચોના હાથમાં જ રહે છે. ગોવામાં અમારી ન્યાતનાં આવાં પાંચ છ મંદિરો જુદેજુદે ઠેકાણે છે. અમે મંગેશી જઇ લગભગ એક મહિના સુધી રહ્યા. ચારે બાજુ ઊંચીઊંચી ટેકરીઓ; ઠેકઠેકાણે નાળિયેળ, સોપારી અને કાજુનાં ઝાડ; ખેતી મુખ્યત્વે ડાંગરની; કેળનાં ઝાડ તો દરેક ઘરના આંગણામાં જ; અને જંગલમાં જ્યાં જુઓ ત્યાં પિટકુલીનાં લાલ સુંદર પણ ગરીબ ફૂલો. અમે જઇએ એટલે અમારા ગોરના મોટા પ્રશસ્ય ઘરમાં જ રહીએ. મંગેશીમાં અમારે કેટલા યે લઘુરુદ્ર, મહારુદ્ર વગેરે અભિષેક કરવાના હતા.

મંગેશીનું મંદિર જોવાલાયક છે. મંદિર, મસ્જિદ અને ચર્ચ ત્રણેની શોભા એમાં ભેગી થએલી છે અને મંદિરનો વૈભવ તો નાનકડા દેશી રાજા જેવો. મંદિર આગળ એક ઊંચી મિનારા જેવી દીપમાળ અને તેની અંદરથી ઉપર જવાનાં પગથિયાં. રોજ રાત્રે દીપમાળની ટોચે મોટું ફાનસ દીવાદાંડીની પેઠે બળતું રહે, જે પરથી અંધારી રાત્રે મુસાફરો જાણી શકે કે અહીં મંગેશીનું મંદિર છે. મંદિર બહાર ચારે બાજુઓથી ઘાટ બાંધેલું રૂપાળું તળાવ. મહાદ્વાર ઉપર અષ્ટોપ્રહર ચોઘડિયાં વાગે. મંદિરની અંદર પણ નગારાં વાગે. મહાદેવની બે બાજુ કુડીબંધ નંદાદીપ અખંડ બળ્યા કરે અને રહીરહીને ગોર તથા ભકતોના મોંમાંથી મહાદેવનો જયજયકાર સંભળાયા કરે.

મારી ઉમર નાની એટલે મને પૂજામાં તો કોઇ બેસવા ન દે. મેં સંકલ્પ કર્યો કે મંગેશીમાં છું ત્યાં સુધીમાં એ મહાદેવને સો ઘડા પાણીનો અભિષેક કરૂં. કુવામાંથી સો ઘડા પાણી ખેંચી કાઢવું એ મારે માટે એ ઉમરે સહેલી વાત ન હતી. પણ સંકલ્પ કર્યો તે કર્યો. થોડા દિવસ પછી મારી કેડમાં દુખાવો શરૂ થયો. બેસતાં કે ઊઠતાં ભારે કળતર થાય. દીવાલની ખીટીમાં દોરી બાંધી એને પકડીને ઊઠું, ને એ જ રીતે બેસું, છતાં પાણી ખેંચવાનું તો ચાલુ જ રહેતું. એ દિવસો મારા કર્મકાંડી મુગ્ધ ભક્તિના હતા. આખો દિવસ, અને રાત્રિના પણ કેટલા યે કલાક હું મંદિરમાં જ ગાળતો.

એક દિવસે અમારા ગોર ભિક્કમ ભટજીએ મને કહ્યું કે 'અભિષેક ચાલતો હોય અને જો મહાદેવ સેવાથી પ્રસન્ન થાય તો મહાદેવના લિંગમાંથી સિંહનાદ સંભળાય છે.' મેં પૂછયું, 'સિંહનાદ એટલે શું?' ભટજીએ કહ્યું, 'ભમરો બોલે છે અથવા ભમરડો બોલે છે ને, તેવો ઘોર ગંભીર घुङङङ् એવો અવાજ. મહાદેવની 'પિંડી'માંથી એ નીકળે છે. પ્રથમ તો મને એનો વિશ્વાસ જ ન બેસે. કળજુગમાં એવી વસ્તુ બને જ કેમ? પણ ભટજીએ મને ફરી ફરી કહીને એની ખાતરી આપી. તે દિવસે રાત્રે મને ઊંઘ ન આવે. સો ઘડાના સંકલ્પથી શું મહાદેવ મારા પર પ્રસન્ન ન થાય? મેં એવાં તે કેટલાંક પાપો કર્યાં હશે કે મારી સેવા છેક જ એળે જાય? હું જૂઠું બોલ્યો હોઉં, ચોરીને ખાધું હોય, જાનવરોને અને જીવડાંને પીડયાં હોય તે બધું યાદ કરીકરીને મેં મંગેશ મહારુદ્રની ક્ષમા યાચવા માંડી. એક વાર જો સિંહનાદ સંભળાય તો મરણ સુધી તારો ભક્ત થઇને રહીશ. પછી તો તને ન ગમે એવું એકકે કર્મ નહિ કરૂં એવી મહાદેવને ખાતરી આપવા લાગ્યો. છતાં સિંહનાદ સાંભળવાને આપણે ભાગ્યશાળી થઇશું એવી પોતાના મનને કેમે કરીને ખાતરી ન થાય. આપણી ભક્તિ જ મોળી, આપણી શ્રદ્ધા જ કાચી. ભાગ્ય વગર સિંહનાદ સાંભળવાનું તો કોઈ ભાગ્યવાનને લલાટે લખાયું હોય એમ વિચારી હું પોતાને નિરાશાનું આશ્વાસન આપતો. આમ કેટલાક દિવસો વીતી ગયા.

એક દિવસે મારો સોમો ઘડો જળાધારીમાં રેડી હું બહાર નીકળતો હતો એટલામાં 'ઘુઙઙઙઙ' એવો અવાજ સંભળાયો. પ્રથમ તો મારા કાન પર મારો વિશ્વાસ જ ન બેસે. 'मनीं वसे तें स्वप्नीं दिसे.' એમ મેં માન્યું. પણ એવો ભ્રમ હોય તો કેટલો વખત ચાલે? સિંહનાદ તો વધ્યો અને સ્પષ્ટ સંભળાવા લાગ્યો. મેં ગોંદુને બોલાવીને કહ્યું, 'નાના, સાંભળ; તને સિંહનાદ સંભળાય છે?' વિસ્મયથી આંખો વિકસાવીને ઉઘાડે મોંએ એ સાંભળતો જ રહ્યો. આખરે એ બોલ્યો, 'દત્તુ સાચ્ચે જ તને દેવ પ્રસન્ન થયા છે.'

મારી ધન્યતાનો તો પાર ન હતો. નાનપણથી જ ભક્તિ કર્યાનું, પૂજા સેવા અને નામ સ્મરણ કર્યાનું આજે ફળ મળ્યું. હવે તો આપણે આખી જિંદગી સેવામાં જ ગાળવાના. બળ્યો બધો દુન્યવી વહેવાર. મહાદેવ પ્રસન્ન થયા. સિંહનાદ સંભળાયો. હવે એથી

વધારે શું જોઇએ? ઇશ્વરનો વરદ હસ્ત આપણે માથે છે.

જમતી વખતે ગોંદુએ બધાંને સિંહનાદની વાત કહી દીધી. આઇ રાજી થયાં. પિતાશ્રી કશું બોલ્યા નહિ, પણ એમને યે આનંદ થએલો ચોકખે ચોકખો દેખાતો હતો. હું તો વિજયી મુદ્રાથી દરેકના મોં તરફ જોવા લાગ્યો અને દરેક જણ પાસેથી અભિનંદનનો કર ઉઘરાવવા લાગ્યો. તે દિવસે રાત્રે અને બીજે દિવસે સવારે મેં મારો નામસ્મરણનો સમય બમણો કર્યો. આસપાસ બીજા સૂતા હોય એનો જરા ય વિચાર કર્યા સિવાય ઘાંટો પણ ચડાવી દીધો: 'सांब सदाशिव, सांब सदाशिव, जय हरशंकर, जय हरशंकर ॥' આમ કેટલા યે દિવસ ગયા, એટલામાં ફરી બે વાર સિંહનાદ સંભળાયો. આ જ સ્થિતિમાં હું કાયમ રહેત તો કેવું સારૂં?

અમારા ગોંદુમાં નાનપણથી વિજ્ઞાનદૃષ્ટિ કાંઈક હતી. કોઇને કશું કહ્યા કર્યા વગર એ સિંહનાદનું મૂળ શોધવા લાગ્યો. એણે મન સાથે નક્કી કરેલું કે આમાં કાંઇક ભેદ હોવો જોઇએ. રોજ કલાકો સુધી એ ગર્ભાગારમાં જઇ અભિષેક પૂજા ચાલે તે જોવા બેસતો. એક દિવસે અચાનક એ મારી પાસે આવી મને કહે, 'દત્તુ, ચાલ તને એક મજા બતાવું.' હું એની સાથે મંદિરમાં ગયો. મંગેશીના મહાદેવ એટલે એક પુરાણપ્રસિદ્ધ ખરબચડી શિલા. પ્રાચીન કાળમાં એક ગાય એ શિલા ઉપર પોતાનું દૂધ છોડી એને પયસ્નાન કરાવતી, તે દિવસથી એ શિલાનું મહાત્મ્ય પ્રગટ થએલું. એ શિલા ઉપર જળાધારીમાંથી પાણી પડે એટલે શિલા ઉપરનાં ફૂલો આમતેમ ખસી જાય. શિલા ખરબચડી હોવાથી તેમાં વચ્ચે વચ્ચે એકએક તસુ ઊંડા ખાડા હોય. ગોંદુએ શિલાના થાળામાંથી પાણી બહાર જતું હતું ત્યાં પોતાનો હાથ મૂકી પાણી રોક્યું અને જલાધારી બીજા હાથ વડે જરા ખેંચી. ધારા બરોબર અમુક ઠેકાણે પડવા માંડી કે તરત જ સિંહનાદ શરૂ થયો!

મને જ્ઞાનાનંદ થવાને બદલે ભારે દુઃખ થયું. મારી એક આખી સૃષ્ટિ ભાંગી પડી. ગોંદુએ કહ્યું કે 'આજે સવારે ઘણાં ફૂલ થાળાના આ છેડા ઉપર ભેગાં થએલાં ને પાણી વહેતું અટકયું હતું તથા જળાધારી ઝોલા ખાતી હતી ત્યારે મેં સિંહનાદ સાંભળ્યો. બરાબર આજ ઠેકાણે પાણીની ધારા પડે એટલે અવાજ થાય; ધારા ખસી જાય એટલે અવાજ બંધ. એટલે લાગલા જ મેં મારા પ્રયોગો શરૂ કર્યા અને એક કલાકની અંદર સિંહનાદ હાથ આવ્યો. હવે તું કહે ત્યારે અને કહે તેટલો લાંબો સમય તને સિંહનાદ સંભળાવી શકું.'

ગોંદુના હાથમાંથી જળાધારી લઇ મેં પણ એ પ્રયોગ અનેકવાર કર્યો. દરેક વખતે સિંહનાદ બરોબર સંભળાય. મનની ખાતરી થઇ કે આમાં દૈવી ચમત્કાર નથી; ભૌતિક નિયમોનો એ ખેલ છે.

આની અસર મારા જીવન પર શી થઈ તે હું ન લખું એ જ સારૂં. મારા એક મુરબ્બીએ મારી આ વાત સાંભળી કહેલું, 'તારી વાત તો દયાનંદ સરસ્વતી જેવી લાગે છે. ત્યાર પછી જ દયાનંદ સરસ્વતીનું જીવનચરિત્ર મેં વાંચ્યું અને તે પણ સમભાવ અને આદરપૂર્વક.

૧૪][કાવ્યમય જાન

પહેલી સાઇકલ મેં જોઇ તે ડૉ. પુરુષોત્તમ શિરગાવકરની. આખા બેલગામમાં કે શાહપુરમાં બીજી સાઈકલ હતી જ નહિ. જ્યાં જુઓ ત્યાં લોકો સાઇકલની જ વાતો કરતા. એક જણ કહે આપણે પાન ખાઇએ એટલામાં આ પાયગાડી (એ વખતે સાઇકલ શબ્દ પ્રચલિત ન હતો; બધા એને પાયગાડી જ કહેતા. હજી યે મને સાઇકલ કરતાં પાયગાડી શબ્દ વધારે પસંદ છે.) બેલગામ સુધી પહોંચી જાય છે. બીજો કહે પણ એ પડતી કેમ નથી? ત્રીજો પોતાને કાંઇક અક્કલવાળો માનતો તે એનો જવાબ વાળે કે જેમ દોરી પર ચાલનાર નટ હાથમાં વાંસ રાખે છે તેમ પાયગાડીવાળો બે હાથમાં પેલો ચળકતો લાંબો હાથો પકડી રાખે છે તેથી એ પડતો નથી. એક ડોસાએ એક વખત હિંમત કરી ખુદ ડૉકટરને પૂછેલું કે તમે પડી કેમ નથી જતા? ડૉકટરે સામો પ્રશ્ન પૂછ્યો; સાડા ત્રણ હાથ ઊંચા તમે ઊભા ઊભા ચાલો છો; તો તમે કેમ પડી નથી જતા? બધે હસાહસ થઇ અને ડોસો ભોંઠો પડ્યો.

તે વખતે હું બહુ જ નાનો. નિશાળે પણ જતો નહોતો. પરંતુ તે દિવસથી, આપણી પણ એક પાયગાડી હોય તો કેવું સારૂં એવી વાસના હૈયામાં ઘર કરી બેઠી. પણ સાઇકલ જેવી કિંમતી વસ્તુ આપણા

ઘરમાં ક્યારે આવવાની હતી એવો વિચાર મનમાં આવી સાઇકલની ઝંખના મનમા વિલીન થતી.

પછી તો ધીમેધીમે સાઇકલો વધતી ગઇ. જ્યાં જુઓ ત્યાં સાઇકલો. પાયગાડી શબ્દ પણ પાછળ પડ્યો અને તેને બદલે બાઇસિકલ શબ્દ શિષ્ટ ગણાવા લાગ્યો. થોડા દિવસો પછી એ શબ્દ પણ વાસી થયો અને પ્રતિષ્ઠિત લોકો બાઇક શબ્દ વાપરવા લાગ્યા. પણ જ્યારે દ્વિચક્રીએ અમારા ઘરમાં પ્રવેશ કર્યો ત્યારે તો સાઇકલ શબ્દ બાઈક સાથે હરીફાઈ કરતો થયો હતો.

પણ એ બાઇક ઘરમાં આવી ન હતી તે વખતે એનું ધ્યાન વધારે થતું. ત્રણસો–ચારસો રૂપિયા ખર્ચીને આપણને સાઇકલ કોણ ખરીદી આપવાનું હતું ? એટલે મનમાં વિચાર આવતો કે સાઇકલ મેળવવાનો ઉપાય એક જ છે. આપણે પરણતી વખતે રિસાઇને બેસીશું. સસરાને કહીશું કે મારે નથી જોઇતી કંઠી (સેર) કે નથી જોઇતી પોંચી; આપણને તો સરસ સાઈકલ જોઇએ.

નાનપણથી જ મનમાં ઠસી ગયું હતું કે પરણવું એ ખરાબ વસ્તુ છે. પરણાવશે એ બીકથી ઘરમાંથી નાસી પણ ગયો હતો. પરંતુ સાઇકલે બુદ્ધિ બગાડી! સાઇકલ તુરત મેળવવાનો એ એક જ ઉપાય લાગવાથી સાઇકલના લોભે મન પરણવા પણ તૈયાર થયું. પછી તો કલ્પનાના ઘોડા—અરે નહિ! ચૂક્યો; કલ્પનાની સાઇકલો—દોડવા લાગી. એક દિવસે પરણવાના વિચાર અને સાઈકલના વિચાર અદ્ભુત રીતે ભળી ગયા, અને વિચાર થયો કે આખી જાન સાઇકલ ઉપર કાઢીએ તો કેવું સારૂં? વરવધુ તો સાઇકલ ઉપર હોય જ; પણ બધા જાનૈયા—અરે શરણાઇત્રાંસાં વાળા, દારૂખાનું ફોડનારા ગોર મહારાજ, ભટભિક્ષુકો બધા જ સાઇકલ ઉપર બેસી જો શહેરમાં ફરે તો કેવું મજાનું દેખાય? દરેક જણ સાઇકલની જે ઘંટડી અને ભૂંગળું વગાડે તેમાં પણ સા રી ગ મ ની ગોઠવણ હોય. આવી જાન તો ઉતાવળે જ પસાર થવાની; લોકોને પૂરતું જોવાનું પણ ન મળે એટલે આખા શહેરમાં એણે તો દસવાર ફેરા ફરવા જોઇએ. વળી જેમને એ મજા ખાસ જોવાનો શોખ હોય એમણે પણ ભાડાની સાઇકલો આણી જાન સાથે ફરવું જોઇએ. ...એવી એવી મજાની કલ્પનાઓ વધવા લાગી.

આટલી અદ્ભુત કલ્પના કાંઈ એકલપેટે સેવાય? મેં ગોંદુને એની વાત કરી. એણે એ જ દિવસે ઘરમાં બધાને હસતાં હસતાં કહી દીધું. થોડા જ દિવસમાં એ વાત ઘરની બહાર ફેલાઇ. અને દરેક જણ મને સાઇકલની જાન વિષે પૂછીપૂછીને ખીજવવા તથા હેરાન કરવા લાગ્યો.

ઠીક થયું કે તે જ વરસે હું ન પરણ્યો; નહિ તો કોઇ મને સુખેથી પરણવા પણ ન દેત. હું પરણ્યો ત્યારે બધા એ વાત ભુલી ગયા હતા. હું એકલો જ ભૂલ્યો ન હતો. પણ રોજ મનમાં ઇશ્વરની પ્રાર્થના કરતો કે આ કાર્ય પૂરૂં થાય ત્યાં સુધી કોઇને એ સાઇકલની જાનનું સ્મરણ ન થાઓ. લગનમાં રિસાવાનો સમય આવ્યો ત્યારે પણ મનમાં તીવ્ર ઇચ્છા હોવા છતાં મેં સાઇકલનું નામ ન લીધું;—રખેને એટલાથી જ ભાઇને સાઇકલની જાનનું સ્મરણ થઈ આવે!

પછી જ્યારે સાચે જ ઘરમાં સાઇકલ આવી અને હું સાઇકલ પર બેસતો થયો ત્યારે મેં ભાઇને કહ્યું, 'નાના; (હવે હું ગોંદુને નાના કહેતો હતો) મારો સાઇકલ સાથે એક ફોટો પાડ ને?' એ કહે 'એમાં તે શી મોટી વાત? પણ શરત એ કે ફોટા નીચે હું લખવાનો કે સાઈકલ પરની જાન. એ શરત માફ કરવા માટે મારે નાનાને કેટલી યે આજીજી કરવી પડી.

[ચાલુ] **દત્તાત્રેય બાળકૃષ્ણ કાલેલકર**



રાજ્યરક્ષકનું પદ ખોયું ને માધવરાવ પેશ્વાના હાથમાં સત્તા સોંપવી પડી તેથી રિસાઇને રઘુનાથરાવ પેશ્વા નિજામઅલ્લી નિજામને આશ્રયે ગયો. ત્યાં તેણે સંધિ કરી તે પ્રમાણે વાર્ષિક ૫૧ લાખ રૂપિયા અને ચાર કિલ્લા નિજામને આપવા તેમ ઠર્યું. રઘુનાથરાવનું લશ્કર નિજામની મદદ લઇને મરાઠા ઉપર આવ્યું. થઇ શકે તેટલું લશ્કર ભેગું કરી માધવરાવ પેશ્વા તેની સામે ગયો. પાંચ દિવસ લડાઈ ચાલી. બંને પક્ષમાંથી કોઇની હારજીત ન થઇ. માધવરાવે વિચાર કર્યો કે આ લડાઇમાં હારવાથી મરાઠી રાજ્યની પાયમાલી છે ને જીતવાથી પણ પાયમાલી જ છે. રઘુનાથરાવના પક્ષનું મરાઠી લશ્કર નાશ પામશે તોપણ મરાઠા તો નબળા જ પડશે. એટલે તેણે લડાઇનો અંત આણવા નવી યુક્તિ અજમાવી. તે હિંમતભેર એકલો કાકાની પાસે ગયો ને ત્યાં જઇને કહ્યું, 'કાકા! લ્યો મને કેદ કરો; તમે સત્તાધીશ બનો, પણ આ આપણી જાતિનું જ નિકંદન કરનાર યુદ્ધ પૂરૂં કરો.'

રઘુનાથરાવ આ હિંમતથી અંજાઇ ગયો. તેણે રાજી થઈ સત્તાનો સ્વીકાર કર્યો ને નિજામનો પક્ષ છોડી દીધો. માધવરાવ પ્રત્યે તેણે સંપૂર્ણ માનભરી વર્તણુક રાખી.

卐 卐

પરંતુ આટલું છતાં આ ભયંકર કુસંપનો અંત આવ્યો નહિ. મહારાષ્ટ્રના સાડા ત્રણ ડાહ્યા પુરુષો—(સખારામ બાપુ, દિવાજી પંત, વિઠ્ઠલ સુંદર રાજે પ્રતાપવંત અને અરધો ડાહ્યો તે નાના ફડનવિસ. પરંતુ અરધો ડાહ્યો ગણાતો નાના બધાના કરતાં બુદ્ધિબળમાં ચડ્યો.) —માં ગણાતો વિઠ્ઠલ સુંદર રાજે તે વખતે નિજામનો દીવાન હતો. હવે તેણે, જે મરાઠા સરદારો રઘુનાથરાવ ફરી સત્તા પર આવવાથી નાખુશ થયા હતા, તેમને પોતાના પક્ષમાં આવવા આમંત્રણ કર્યું, અને હરિપંત ફડકે તથા નાના ફડનવિસ સિવાય ઘણાખરા ગયા પણ ખરા.

અંદરઅંદર વધારે કુસંપ થાય માટે નિજામે એમ પણ જાહેર કર્યું કે નાગપુરના જાનોજી ભોંસલેને ગાદી આપવી છે અને બ્રાહ્મણોની સત્તા નિર્મૂળ કરવી છે. રઘુનાથરાવે હૈદ્રાબાદ પર ચડાઇ કરી અને નિજામે પૂના ઉપર સવારી કરી. અંતે સખારામ બાપુની દૂરંદેશીથી જાનોજી ભોંસલેને શત્રુપક્ષમાંથી છૂટો પાડવામાં આવ્યો. નિજામે પૂના તો લૂંટયું. તેણે ઔરંગાબાદમાં ચોમાસું ગાળી પછી લડાઇ ચાલુ રાખવાનો નિર્ણય કર્યો હતો. ગોદાવરીના કિનારા પર આવેલા 'રાક્ષસ ભુવને' તે પહોંચ્યો અને તેનું અરધું લશ્કર હજી ગોદાવરી ઓળંગી જઇ, અરધું બાકી રહ્યું ત્યારે સખારામ બાપુએ જાનોજી સાથે ચલાવેલા સંદેશાનું પરિણામ આવ્યું. જાનોજી ભોંસલે તે વખતે વિઠ્ઠલ સુંદરથી છૂટો પડ્યો અને આ તકનો લાભ લઇ રઘુનાથરાવ, વિઠ્ઠલ સુંદરની સરદારી નીચેના અફઘાન લશ્કર પર તૂટી પડ્યો.

卐 卐

'બીજું પાણીપત થશે કે શું?' એ ચિંતાથી માધવરાવ પેશ્વા વ્યાકુળ બની ગયો. મરાઠા લશ્કરના છેક પાછલા ભાગમાં, નામધારી સરદાર તરીકે, પરંતુ ખરી રીતે તો રાજદ્વારી કેદી જેવી જ સ્થિતિમાં, માત્ર પંદરસો માણસો સાથે તે ઊભો છે. રઘુનાથરાવનો હાથી અફઘાન સિપાઇઓથી ઘેરાઇ ગયો છે. બીજી જ પળ મરાઠા રાજ્યનું સર્વસ્વ નાશ કરનારી નીવડશે એવી ભયંકર સ્થિતિ બની રહી છે. એ જ વખતે

મલ્હારરાવ હોલ્કર માધવરાવ પાસે આવી પહોંચ્યો. હોલ્કરનું લશ્કર નાસભાગમાં પડ્યું હતું અને તે પણ નાસભાગમાં જ માધવરાવ પેશ્વા પાસે થઇને નીકળ્યો હતો. માધવરાવે તેને રોક્યો ને આ ભયંકર સ્થિતિને પહોંચી વળવા, અનુભવી સરદાર તરીકે તેની સલાહ માગી. 'પૂના તરફ ચાલો, ત્યાં સિંહાસનારુઢ થઇ જાઓ, પછી જોઈ લેવાશે.' મલ્હારરાવે કહ્યું.

જુવાન માધવરાવના અંતઃકરણમાં સ્વદેશપ્રેમની જે આગ બળી રહી હતી તે ભભૂકી ઊઠીઃ 'શું?—' તેનાથી ભયંકર બૂમ પડાઇ ગઇઃ 'અત્યારે સિંહાસન પડાવવાનો વખત છે? તારામાં નર્યો દેશદ્રોહ ભર્યો છે; પાણીપતના મેદાનમાં મરાઠી લશ્કર તેં જ સાફ કરાવ્યું એ સાચું છે કે શું?'

અને એક ક્ષણ પણ ગુમાવ્યા વિના પોતાનાં પંદરસો માણસો સાથે માધવરાવ વિઠ્ઠલ સુંદરના અફ્ઘાન લશ્કર તરફ ધસ્યો. વિઠ્ઠલ સુંદર ગોળીથી વિંધાઇ ગયો અને રઘુનાથરાવ ઘેરામાંથી છૂટો થઇ ગયો.

રઘુનાથરાવે પોતાના ભત્રીજાની બહાદુરી જોઇ લીધી અને આજન્મ સરદાર તરીકેની તેની હોશિયારીથી ખુશખુશ થઇ ગયો. રાજ્યકારભારની ઘણીખરી સત્તા તેણે માધવરાવના હાથમાં સોંપી અને પોતે નામનો રાજ્યરક્ષક થઇ રહ્યો.

卐 卐

તક્ષશિલા વિશ્વવિદ્યાલયમાં, માત્ર સુક્કાં લાકડાના ભારા જેવો જ્ઞાનનો બોજો વધી ન જાય, અને વિદ્યાર્થીમાં રહેલું પ્રેરણાબળ નાશ ન પામે માટે કેટલી કાળજી લેવાતી તેનું એક ઉદાહરણ છે. જીવનસુધારણા માટે જ તક્ષશિલાના આચાર્ય પ્રસિદ્ધ છે એ વાત તે વખતની સાધારણ સ્ત્રીના સમજવામાં પણ હતી.

એક વખતે કાશીનો રાજકુમાર બ્રહ્મદત્ત આચાર્ય સાથે સ્નાન કરવા માટે નદી ઉપર જતો હતો. રસ્તામાં એક જગ્યાએ એક સ્ત્રી તલ સૂકવીને તે પર નજર રાખીને બેઠી હતી. આચાર્ય ત્યાંથી નીકળ્યા. રાજકુમાર પણ પાછળપાછળ દોડ્યો જતો હતો. તલ જોઇ એની દાઢ સળકી અને એણે એક મૂઠી તલ ઉપાડી લીધા. સ્ત્રીએ માન્યું કે હશે, છોકરું છે; વખતે ભૂખ લાગી હશે.

બીજે દિવસે પણ તે જ પ્રમાણે બન્યું. ત્રીજે દિવસે પણ બ્રહ્મદત્તે તલ ઉપાડ્યા. ચોથે દિવસે પણ જ્યારે એ પ્રમાણે બન્યું ત્યારે પેલી સ્ત્રીએ બૂમ પાડીને આચાર્યને કહ્યું, 'આચાર્યદેવ! આપના શિષ્ય મારફત આમ રોજેરોજ મારા તલ લૂંટાવી લો છો કે શું?'

આચાર્યે પાછા ફરીને પૂછ્યું, 'શું છે? શું બન્યું છે મા?'

સ્ત્રીએ કહ્યું, આ તમારા શિષ્યે આજે તલ લીધા, ગઇ કાલે લીધા, પરમ દહાડે લીધેલા ને પેલે દિવસે પણ લીધા હતા.'

આચાર્યે કહ્યું, 'હું તમને એટલા પૈસા ભરી દઇશ.'

સ્ત્રીએ હસીને કહ્યું, 'પૈસાની વાત નથી, પણ ગુરુદેવ! આ તમારો શિષ્ય તક્ષશિલા વિદ્યાલયનું નામ બોળે નહિ, એટલું જોતા રહેજો એમ કહું છું.'

卐 卐

આજથી આશરે ઓગણીસ સો વર્ષ પૂર્વે મહારાજા કનિષ્કે મગધ ઉપર સવારી કરી ત્યારે એક જુવાન માણસ તેની સાથે હતો. આ જુવાનમાં અદ્ભુત શક્તિ હતી. તે મુડદામાં પ્રાણ ફૂંકી શકતો. ગાંધારમાં જ્યારે રોગચાળો ફાટી નીકળ્યો ને કનિષ્ક ઘડી બે ઘડી જીવશે એમ લાગ્યું ત્યારે આ જુવાને તેની જીવનદોરી લંબાવી દીધી હતી.

જેવી નિષ્કલંક એની વિદ્યા હતી, તેવું જ નિષ્કલંક એનું યૌવન હતું. રાજાની બહેન કમલાવતીને એના પર અત્યંત પ્રેમ હતો. એની આંખમાં જીવનને સંપૂર્ણરીતે જાણવાનો નશો હતો. પણ આ જુવાનનું હૃદય રાત ને દિવસ શંકાથી વિંધાઇ રહ્યું હતું. તથાગતના શબ્દો એના કાનમાં આઠે પહોર અથડાયા કરતા. જીવન ક્ષણિક હોય તો પછી વૈભવ–ભોગ–શક્તિ એ બધાંનો ઉપયોગ શો?—પછી તો રાત્રિદિવસ અર્હતપદ મેળવવા મથવું એ જ સર્વશ્રેષ્ઠ મનુષ્યધર્મ નથી?— પછી આ વિદ્યા, જ્ઞાન, બધાંનું કામ શું?—સંતોષ પરમ ધન હોય તો પછી જીવનમાં મહત્ત્વાકાંક્ષા શા માટે જોઇએ?—

એ જુવાનને ક્યાં ય ચેન પડે નહિ. એનામાં શક્તિ અપરિમિત; એનામાં કલ્પના તેજસ્વી; એનામાં ઝીણવટ વિજ્ઞાનવેત્તાને શોભે તેવી. ઉપનિષદ એને મોંએ. ઍરિસ્ટોટલ ને સૉક્રેટિસના વિચારો પણ જાણે. કનિષ્કના દરબારમાં માત્ર એ એક જ જુવાન સઘળા વૈભવોથી ઢંકાએલો છતાં ઉદાસી ને એકલો રહેતો.

મહારાજા કનિષ્કની મગધની સવારી વખતે તે સાથે

ગયો. એનો હેતુ હતો તે વખતના વિદ્વાન આચાર્ય અશ્વઘોષને મળવાનો. પોતાની શંકા તેની પાસે ઠાલવીને એને જીવનનો મર્મ શોધવાની—પોતાનો જીવનમાર્ગ જાણવાની ધગશ હતી.

આચાર્ય અશ્વઘોષને તે મળ્યો. મગધરાજ તો હવે કનિષ્કનો બંદિવાન ને મિત્ર બની ગયો હતો. એક દિવસ કનિષ્ક, મગધરાજ, અશ્વઘોષ ને આ જુવાન ચાર જણા એકાંતમાં ધર્મકથા કરતા હતા.

જુવાને પોતાની શંકા રજુ કરીઃ 'સંસાર અસાર છે એ જાણ્યા પછી સંસારમાં કોણ રહી શકે? જે નિર્વાણ માટે મહાપુરુષો મથન કરે છે તે નિર્વાણ આ જીવનમાં ન મળતું હોય ને બીજા જીવન ઉપર આધાર રાખતું હોય, તો પછી એવા નિર્વાણનો ઉપયોગ શો?'

મહારાજા કનિષ્કે કહ્યું, 'આચાર્યદેવ! આ જુવાન વિહારમાં વસીને અને સાધુ થઇને જ જીવનનો મર્મ શોધવા મથે છે. એનામાં અદ્‌ભુત શક્તિ છે અને એ સંસારમાં રહે એમાં જ સમાજનું શ્રેય છે.'

આચાર્ય બોલ્યાઃ 'તથાગતે શું કહ્યું છે તે તને યાદ છે, જુવાન? અનાથપિંડદને તથાગતે કહ્યું છે કે ધન વૈભવ કે સત્તા મનુષ્યને બંધન કરતાં નથી, પરંતુ તૃષ્ણા ભરેલા હૃદયે એને ચોંટી રહેવાની મનોવૃત્તિ એ જ બંધન કરે છે. ક્યારે જીવન સમર્પણ કરવું એમ સમ્યક્‌રીતે જાણનારો માણસ જીવનમુક્ત છે અને તે આ જન્મમાં જ નિર્વાણ પામ્યો છે.'

જુવાનના હૃદયમાં અજવાળું અજવાળું થઇ ગયું હોય તેમ તે એકદમ બેઠો થઇ ગયોઃ 'આ વિચાર હું કરી રહ્યો હતો, પણ કોઇ આચાર્યે મને ટેકો આપ્યો નહિ, કોઇ શાસ્ત્રે સંમતિ આપી નહિ, એટલે મને લાગ્યું કે હું ખોટો છું, અધાર્મિક છું, નાસ્તિક છું.

આચાર્ય બોલ્યાઃ 'મારો તને ટેકો છે, જા. ઊંચામાં ઊંચી ધાર્મિકતા પોતાના માનેલા ધર્મ માટે જીવન સમર્પણ કરવું તેમાં છે.'

કનિષ્ક બોલ્યાઃ 'એના જેવો વિદ્વાન ભિષગ્વર ભર્યા ભારતવર્ષમાં અત્યારે નથી.'

આચાર્ય બોલ્યા, 'તારૂં નામ શું?'

જુવાન બોલ્યો, 'ચ ર ક!'

ચરક અને સુશ્રુત નામથી જે બે વિદ્વાન વૈદરાજ થઇ ગયા તે જ આ ચરક. અશ્વઘોષના ઉપદેશને પરિણામે તે બૌદ્ધધર્મનો સાધુ થતો મટ્યો અને એને હાથે ભારતવર્ષની વૈદ્યવિદ્યાની અભિવૃદ્ધિ થઇ. **'ધૂમકેતુ'**

ગીત-સુધા



અમદાવાદમાં કાંકરિયું તળાવ એ સુંદર સ્થળ છે. ત્યાં દરરોજ સંધ્યાકાળે એક આંધળો ભિખારી આવીને એકતારા સાથે ભજનો ગાતો. સૌંદર્ય ને શાંતિની વચમાં એ એકતારા સાથે ગવાતાં એનાં કેટલાં યે ગીત, મેં દિવસોના દિવસ સાંભળ્યાં છે.

ઈશ્વરે એની આંખો તો લઇ લીધી હતી, પરંતુ એકતારા પર ગીતો સંભળાવી પોતાના ક્ષુદ્ર જીવનની મધુરતા વર્ષો સુધી એ ફેલાવી ગયો છે. હજારો પથિકોનો એણે શ્રમ ઉતાર્યો હશે; હજારો સંસારી જીવોના ભાર એણે ક્ષણવાર પણ ઓછા કર્યા હશે.

એને સાંભળ્યે આજે તો પાંત્રીસ વર્ષ થવા આવ્યાં, પરંતુ એનાં ફાટ્યાં શાં લૂગડાં, એને દોરીને લઇ જનારી એની નાની દીકરી અને એના ગરીબડા એકતારાનો રણકો હજી મને યાદ છે.

'મારી અરજ સાંભળોને, રામદેવ!'

એ એની અતિ પ્રિય ધૂન હતી.

ॐ

એ જ કાંકરિયા તળાવની નગીના વાડીની અગાશીમાંથી એક સાંજે હું મેઘ જોતો હતો. ખેતરોમાંથી ઘેર આવતા બળદોના ઘંટારવ દૂરથી સંભળાતા હતા, ટેકરીઓ લીલીછમ થઇ ગઇ હતી, આકાશ ઘનશ્યામ બન્યું હતું, ને મંદમંદ પવનથી તળાવનું પાણી લ્હેરો લેતું હતું. એવામાં મજૂરણોનું એક ટોળું ગરનાળા તરફથી આવતું દેખાયું. એમના હાથમાં દાતરડાં હતાં. ખેતરોમાંથી કામ કરીને પેલા બળદોની પાછળ એ આવતી હશે. એમનાં રંગીન વસ્ત્રો, ઘેરાએલાં વાદળ અને લીલા ઘાસમાં અનેરી ભાત પાડતાં હતાં. ઝીણો ઝરમર વર્ષાદ પડવા લાગ્યો. મજૂરણોએ ગાવા માંડ્યુંઃ

'મોરલી તે ચાલી રંગ રૂપણે રે,
કોણ મનાવવા જાય, રંગ મોરલી—'

એક ગાતી ને બીજી ઝીલતી. બધું વાતાવરણ એ ગીતથી ભરાઇ ગયું. હું પણ એ સાંજે એ ગીત ઝીલતો

હતો ને આજે ૩૩ વર્ષ થયાં હજી ઝીલ્યા કરું છું.

ૐ

રંગરંગીત કાગળની વાંસળીઓ ભરવેલું એક મોટું ઝાડ લઇને મિયાં ચાલતા હતા. સરિયામ રસ્તે, લોકોની ભીડમાં થઇને એ માગ મુકાવતા જતા હતા. ઝાડમાંની એક ઓઇઆની બનાવેલી, કાગળ ચોડેલી, ખાસ વાંસળી પોતે બજાવવા લાગ્યા ને એક મીઠી ચીજ છેડી:

'હમસે લાગી નજરિયાં તુમ્હારી રે.'

પલટા લેતા ને આલાપ પણ આપતા હતા. પચીસેક વર્ષ થઇ ગયાં. એ રસ્તે થઇને કોણકોણ જતું હતું એ તો મને યાદ નથી. પણ એ મિયાં, એના હાથમાંનું પેલું વાંસળીઓનું ઝાડ ને એ વગાડતા હતા તે સૂરની મિઠાશ હજી મને સાંભરે છે. આએ રસ્તે ને પાસેનાં ઘરોમાં સુદ્ધાં એ મિઠાશ ફેલાઇ ગઇ હતી.

ૐ

દર વર્ષે વ્રજભૂમિ તરફથી બે બ્રાહ્મણો આવતા. એ બાપદીકરો હતા. એકની પાસે ઘૂઘરીઓવાળી ખંજરી ને બીજા પાસે લાકડાની કરતાલ રહેતી. એ ઘણાં ભજનો ગાતા. બેત્રણ મહિને પાછા જતા ત્યારે ઘેરઘેરથી એમને માત્ર શેરબશેર દાણા મળતા. એમનાં ભજનોમાંથી એક મારા અંતરમાં વસી ગયું છે:

'ચટક દરસન કી લગી હૈ તનમેં
મોતી સબ બેરાયે જલમેં.'

મારા પિતાજીની માંદગી ચાલતી હતી. એમને કંઇ ગમતું નહિ ને એને લીધે આખા ઘરમાં ગ્લાનિ ફેલાઇ ગઇ હતી. એવામાં આ બ્રાહ્મણો આવ્યા. પિતાજીએ એમને ઘરમાં બોલાવ્યા. ખંજરી ને કરતાલ સાથે એમણે તે વખતે ઘણાં ભજનો ગાયાં હતાં અને અમારી બધાની ગ્લાનિ દૂર કરીને પિતાજીનું દુઃખ વીસરાવી દીધું હતું. ચાળીસ વર્ષ પરની આ વાત છે.

એ વર્ષ પર જ હું મથુરા ગયો હતો. વિશ્રામઘાટ પર બેઠોબેઠો યમુનાનાં ગોરાં જલ જોઇ રહ્યો હતો; એવામાં વૈષ્ણવ માર્ગની આપણી ગુજરાતી સ્ત્રીઓનાં ગીત મેં ત્યાં સાંભળ્યાં ને આશ્ચર્ય થયું હતું. બધાં સાથે જ ગાતાં હતાં ને ગાતાંગાતાં ના'તાં હતાં:

'જય! જય! મહારાણી જમુના!
જય! જય! પટરાણી જમુના!
રામ ઘાટ, શ્યામ ઘાટ, ઠકરાણી ઘાટ
બીજા ઘાટ અનેક'—જય! જય!૦

ઘાટો પર હોડી ચાલતી હતી. વળી આગળ ચાલ્યું:

જમુનાજીમાં, ઝીલતાં, તૂટ્યો નવલખ હાર;
મોતી સઘળાં વેરાઇ ગયાં, હીરલો લાગ્યો છે હાથ.'

કોઇકોઇ યાત્રીઓને તીર્થક્ષેત્રોમાંથી કૃષ્ણરૂપી હીરલો હજી પણ ક્વચિત્ હાથ લાગી જાય છે એમ હું બબડ્યો. ગીત હજી વારંવાર ચાલતું હતું. ત્યાં પાછા ચાળીસ વર્ષે પેલા વ્રજભૂમિના બ્રાહ્મણો મને સાંભર્યા ને હું પણ ગાવા લાગ્યો કે:

'ચટક દરસન કી લગી હૈ તનમેં
મોતી સબ બેરાયે જલમેં.'

ૐ

અમદાવાદ પ્રાર્થના સમાજનો વાર્ષિક ઉત્સવ હતો. ધૂપની સુગંધ ફેલાઇ રહી હતી ને દીપ ઝળહળી રહ્યા હતા. પત્રપુષ્પનાં તોરણોથી મંદિર શોભી રહ્યું હતું. સારંગી ચાલી ને ફતેસિંહ ગાયકે પ્રાર્થના શરૂ કરી. સ્વ. કૃષ્ણરાવ ભોળાનાથે પછી નીચેનો અભંગ ગાયો:

'આજ ભક્તવૃંદ, ધરીને આનંદ,
સત્ય સુખકંદ, ધામે ચાલો.
ચાલોને ઉમંગે, પ્રેમભાવું સંગે,
લઇ હર્ષ રંગે, માર્ગે ચ્હાલો.

કિન્નર કંઠથી બહેનો એમાં પોતાના સૂર મેળવતી હતી—

'એમ ભક્તબંધુ, જોવા સુખસિંધુ,
પીવા અમીબિન્દુ, પંથે પળો.
પ્હોંચી ઇષ્ટ લક્ષ, નીરખી સમક્ષ,
બ્રહ્માંડ અધ્યક્ષ, પાયે લળો.

એટલું આવતામાં તો મને આનંદસમાધિનો અનુભવ થયો. સંગીતને પાંચમો વેદ કહેવામાં આવ્યો છે એ યોગ્ય છે. બ્રહ્માંડના અધ્યક્ષને પ્રાર્થનાસમાજમાં હું એમ ઘણીવાર પાયે લાગ્યો છું.

ૐ

બીજે એક પ્રસંગે કવિ નાનાલાલનો ઉપદેશ હતો. ઉપદેશ પહેલાં એમણે શ્રીયુત ગટુલાલ ગોપીલાલ ધ્રુ પાસે પોતે જ યોજેલું એક ભજન ગવરાવ્યું:

'સંધ્યા રંગ ઉઘડશે,
તેજો આવશે, હો! તેજો આવશે'

એ સાંભળ્યે આજ તો ત્રીસ વર્ષ થઇ ગયાં છે, પરંતુ અનેક વાર એ ભજનના સ્મરણે મને નિરાંત આપી છે. આધ્યાત્મિક જીવનનાં અંધારાં જતાં, તેજો આવતાં ને રંગો ઉમેરાતા ઘણીવાર એ ગીતે મને અનુભવાવ્યાં છે.

ૐ

પ્રાર્થનાસમાજના ઉત્સવો પ્રસંગે સ્વ. રમણભાઈ કીર્તનો ઘણાં સારાં કરતા. છપ્પનિયા દુકાળનો પ્રસંગ

હતો. ભૂખ ને દુઃખના પોકાર ચારે દિશાએથી આવતા હતા. એ વર્ષે કીર્તનમાં તોફાને ચડેલા એક જહાજની વાત એમણે કહી: 'દરિયાઇ મુસાફરીમાં એક વખત તોફાન ચડી આવ્યું. બધા મુસાફરો હાંફળાફાંફળા બની રોકકળ કરતા હતા. તે વખતે માત્ર એક પુરુષ શાંતિથી એક ખૂણે બેસી રહ્યો હતો. એની સ્ત્રીએ પૂછ્યું, 'તમે એકલા આમ નિરાંતે કેમ બેઠા છો?' પતિએ તરત જ મ્યાનમાંથી તલવાર કાઢી ને પત્નીની સામે ધરી ઊભો રહ્યો. તલવારની ધાર હવામાં ભયંકર ચમકાર કરતી હતી. પતિએ પત્નીને પૂછ્યું, 'આનાથી તને ડર લાગે છે?' સ્ત્રી કહે:

'ભય શાને ધરૂં? અસિ પ્રિય કરે રે;
અસિ ધારા હો તીક્ષ્ણ ભલે.'

પતિએ તલવાર મ્યાન કરીને સ્ત્રીને બોધ આપ્યો કે 'હું નિરાંતે એટલા માટે બેઠો છું કે આ તોફાન કરનારનો હાથ પણ દુશ્મનનો નથી.

'સામગ્રી આ ભયભરી જલવાયુ કેરી,
છે એ હવા, પ્રિય કરે નિયમે રહેલી;
જે આજ્ઞા, મનુજના હિત વિણ અન્ય
ના આજ્ઞા કદી કરે વર એહ હસ્ત.

માટે તું શાંત થા ને અહીં બેસ.'

એમ કહી સ્વ. રમણભાઇએ તે દિવસના શ્રોતા જનોનાં હૃદયમાંથી દુષ્કાળનું દુઃખ દૂર કર્યું હતું. પણ તે પછીનાં સંસારનાં પણ અનેક દુઃખો વખતે આ ગીતે મને અનુપમ ધીરજ આપી છે.

'પાપ, તાપ, દુઃખ, છૂટિયાં, તિમિર ગયાં સૌ દૂર;
હરિમુખ, સન્મુખ સર્વદા, મોહ અખંડિત ઉર.
બંધન બાધા નવ નડે, સત્કૃતિ ભક્તિ કરંત;
જતી રહી ભીતિ મૃત્યુની, સતત શાન્તિ અનંત.'

ખરા ભક્તની માનસિક દશા એ ઉપરના ભજનથી વર્ણવતા એ પણ મને તે દિવસથી મોઢે થઇ ગયું છે.

કવિ નરસિંહરાવે પણ એક વાર પ્રાર્થના-સમાજમાં કીર્તન કર્યું હતું. સારંગી, હારમોનિયમ, મૃદંગ આદિ વાદ્યોની મદદ સાથે એમણે પોતે હાથમાં એકતારો લીધો હતો. મહાભિનિષ્ક્રમણ અને ઉત્તર-રામાયણના કરુણરસિક પ્રસંગો એમણે કીર્તનમાં વણ્યા હતા. એ આખો પ્રસંગ મારા મનમાં અમર થઇ ગયો છે. એ પ્રસંગે 'ગરબાવલિ'થી પ્રસિદ્ધ થએલા ટ્રેનિંગ કૉલેજના શિક્ષક સ્વ. બાપાલાલનું એક ગીત એમણે ગવડાવ્યું તે સૌથી ઉત્તમ હતું:



'મરવાં સોહ્યલાં રે, સંતો સુખે જગતથી જાશે,
નીતિ ભક્તિમાં રે, રહીને પરમારથને સા'શે;
ચેતી ચાલ્યા ચિત્તમાં તે જરી નહિ પસ્તાશે—મરવાં૦
. . .   .
સુતાં સાંભળે રે, સંતો શાન્ત મને સુખ ગાજે,
નાદ નવાનવા રે, પ્રભુજી સદા વસે સંગાથે,
જાણે દુંદુભિ દેવનાં કંઇ ગગન વિષે રહી ગાજે'—મરવાં૦

એક વર્ષે સ્વ. ડૉ. ભાંડારકરનું કીર્તન પણ પ્રાર્થના-સમાજમાં બહુ સરસ થયું હતું.

'ચલતી ચક્કી દેખકે, દીયા કબીરા રોઈ,
દો પટ ભીતર આય કે, સાબિત રહા ન કોઈ.'

કબીરના જીવનની એ કથા એમણે જે કહી તે હું કદાપિ ભૂલ્યો નથી. એક વખત કબીર ઘંટીમાં દળાતા દાણા જોઇને રોઇ પડ્યા. એમણે વિચાર્યું કે આ બધા દાણા ઓરાય છે ત્યારે આખા હોય છે પણ બીચારા બે પડની વચ્ચે આવ્યા કે દળાઈ જાય છે. એક પણ સાબૂત—આખો નથી રહી શકતો. શો જુલમ છે! સંસારમાં પણ એમ જ થાય છે. આ સંસાર રૂપી ઘંટી બધાને દળી નાખે છે!

એ વખતે ગુરુ એને સાન્ત્વન આપે છે ને ઘંટીનાં પડ ઊંચાં કરાવી ખીલડાને વળગી રહેલા થોડાક દાણા આખા રહ્યા છે તે બતાવીને એને કહે છે કે 'સંસાર-ચક્રમાં ફરતાં જે થોડા જીવો આમ પ્રભુને વળગી રહે છે તે દળાઇ નથી જતા. માટે તું રો નહિ.'

ડૉ. ભાડાંરકર સૂર્ય જેવા પ્રખર વિદ્વાન હતા. એમની માર્ગોપદેશિકાઓએ મને બહુ ત્રાસ આપ્યો છે, અને એમની બીજી તેજસ્વી વિદ્વત્તાનો લાભ લેવા જેટલી મારામાં શક્તિ નહોતી; પરંતુ ફક્ત આ એક કીર્તન—અને એ કીર્તનમાંથી પણ ઉપર આપેલી કબીરની કથા મારે માટે બસ હતી. એટલા ભાથાથી તો મારી આખા જીવન-રૂપી મુસાફરીમાં હરકત પડી નથી.

[ચાલુ]   હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ

મહમદ સેલ



આ મહમદ સેલ કે છેલ? કોઇ બોલે મહમદ 'સેલ' ને કોઈ કહે મહમદ 'છેલ.' હું તો મહમદ સેલ બોલું છું ને બોલીશ. શહેરના છેલ લોકો ભલે એને મહમદ છેલ કહેતા. હું તો ગામડાનો, ને ગામડાના લોકો સેલ બોલે. મહમદ સેલને આખું કાઠિયાવાડ મહમદ સેલ કહેતું.

એક વાર કાઠિયાવાડભરમાં 'મહમદ સેલ' 'મહમદ સેલ' થઇ રહેલું. દરબારોની કચેરીઓમાં મહમદ સેલની વાતો, ચોરે મહમદ સેલની વાતો, પાણીશેરડે મહમદ સેલની વાતો, દેવમંદિરે મહમદ સેલની વાતો, ચૂલા પાસે મહમદ સેલની વાતો, નિશાળમાં ને શેરીમાં યે મહમદ સેલની વાતો.

'બાપુ, મહમદ સેલને આપણી કચેરીમાં બોલાવોને; માળો જબરો જાદુગર છે.'

'એલા, મહમદ સેલ પાસે તો ભારે કરામત લાગે છે હો. કાં તો મેલડી કે જન કે ભૂતપલિત કે કાંઇક એણે સાધ્યું લાગે છે સાધ્યું.'

'એલી મણકી, સાંભળી ના ઓલ્યા મહમદ સેલની વાત? કહે છે કે ઇ તો આકાશમાંથી ખરરર રૂપિયા પાડે છે, ને ઓરડીમાં પૂર્યો હોય એમાંથી બહાર નીકળી જાય છે.'

'આ, મહમદ સેલને માથે કોકનો હાથ લાગે છે હો! નિકર આવડો ચમત્કાર ન કરી શકે. નક્કી કોક ઓલિયો પીર મહેરબાન લાગે છે.'

'રોયા, સાંજનો કયાં હાલ્યો? ખબર નથી ગામમાં ઓલ્યો તારો કાકો મહમદ સેલ આવ્યો છે તે? કહે છે કે છોકરાને કુકડા બનાવીને ઘરે લઇ જાય છે!'

'એ છોકરાઓ, ચાલો ઝટ ભણવા માંડો છો કે? નિકર મહમદ સેલને બોલાવવો પડશે, યાદ રાખો; બે કાન વચ્ચે માથું કરી દેશે!'

એક સો ને એક વાત મહમદ સેલને નામે ચાલતી.

અમે નાના હતા ત્યારે મહમદ સેલને સગી આંખે ભાળેલો. મહમદ સેલ ડીલે જાડો ને ઊંચો, છતાં બેઠી થડીનો લાગે. સેલનું મોઢું થુંમડા જેવું ભરાવદાર, ને હોઠ ઉપર પૂળો પૂળો મૂછો. મૂછો વાંકડી ને રૂઆબદાર. ચહેરો પહોળો ને નાક જરાક નીચું ને પહોળું. મોઢું આખું ગડત દાઢીથી ભરેલું. મહમદ સેલ એટલે જાણે વકરી ગએલો માકડો. આમ આંખો કાઢે તો નાનાં છોકરાં દેખતાં જ ફાટી પડે. માળિયાનો મિયાણો.

સેલને માથે કાઠી દરબારો જેવું પેચદાર પાઘડું, ડીલે પેરણ ને ઉપર કિનખાબનો કબજો. કેડે ભેટ ને મહીં જમૈયા. ખભે પટ્ટો ને પટ્ટે દારૂ ભરવાની કોથળી. છાતીએ હમેલ ને ઉપર રૂપિયા ને ચાંદ જડેલા.

મહમદ સેલના ખેલો પણ અમે જોએલા. અમે મામાને ત્યાં ચીતળ સ્ટેશને હતા, ત્યાં સેલ કાકો આવ્યા. અમે એને સેલ કાકા કહેતા. કાકાએ રૂપિયો લીધો ને ઊંચો હાથ કરી ઉડાડી દીધો! અમે તો જોઇ જ રહ્યા! કાકો કહે શું ખાવું છે? કોઇ કહે રેવડી, કોઇ કહે પેંડો, કોઇ કહે કાજુ. કાકાએ ફટ મૂઠીમાંથી રેવડી, પેંડા ને કાજુ કાઢી આપ્યા!

અમે તો નાના એટલે આભા જ બની ગયા! આ સેલ કાકા તે માણસ કે દેવ? અમે માંહ્યોમાંહ્ય વાતો કરીએ 'સેલ કાકાને મંતર આવડતા હશે ખરું? સેલ કાકાને બાવન વીર સહાયે હશે ખરું?'

સાંધાવાળાઓ સેલ કાકા વિશે ગપાટાઓ હાંકે ને અમે બેઠાબેઠા સાંભળીએ.

દાદન સાંધાવાળો કહેશે, 'અરે, આ સેલ કાકાએ એક વાર રેલ ગાડીના ડબ્બે ડબ્બા છૂટા પાડી દીધા'તા. એની પાસે ટિકિટ માસ્તરે ટિકિટ માગી તે એવા ખીજાણા . . . . એવા ખીજાણા . . . . કે ડબ્બે

ડબ્બા છૂટા! અંજન ને બ્રીક પણ નોખાંનોખાં!'

અમે કાન દઇને સાંભળીએ. નાના એટલે બધું સાચું માનીએ. મનમાં થાય કે મહમદ સેલ તો ભારે જબરો.

આ તો મોટા થયા ત્યારે ખબર પડી કે એ વાતો તો ગપાટા. એટલું ખરું કે મહમદ સેલ જબરો જાદુગર હતો. હાથચાલાકીના ખેલો જાણતો. નકરી ચાલાકી. જાદુ કે મંતર તંતર કે એવું કંઇ યે નહિ.

તો યે મહમદ સેલ વિશે ગપ્પાં બહુ ચાલે. રવિભાઇ એક દિવસ કહે કે, 'અરે મહમદ સેલે તો દાઢીમાંથી દોઢસો ટિકિટો કાઢી'તી! બસ એને ટિકિટ માસ્તરે રોક્યો કે તારી ટિકિટ ક્યાં? ત્યાં કર્યો દાઢીમાંથી ટિકિટનો ઢગલો! ભાર છે પછીથી કોઇના કે મહમદ સેલ પાસેથી ટિકિટ માગે?'

ગપ્પાંમાં એટલું સાચું કે સેલ ટિકિટ લે નહિ ને એની ટિકિટ કોઇ માગે નહિ. બાકી જૂની ટિકિટો ભેગી રાખે ને ખેલ કરવો હોય ત્યારે કાઢી બતાવે.

એક વાર અમે બધા નિશાળિયા એની વાંસે ફરતા હતા. સેલના મોઢા આગળ ને પાછળ મોટી ધીંગ. સેલ કહે, 'એલા ભાગો છો કે? નહિતર ગધેડાં બનાવી દઇશ!' તો યે અમે પાછળ ચાલ્યા. સેલ કહે 'એલા છોકરાઓની છોકરીઓ થઇ જવું છે કે? ભાગો, નિકર છોકરીઓ બનાવી દઈશ!'

અમે બીકના માર્યાં ભાગી ગયા.

મહમદ સેલની તો આવી કેટલી યે વાતો ચાલે છે. પણ એટલી બધી કંઇ લખી શકાય?


આપણા રવિભાઇ વાતો કરવાના ભારે શોખીન. એ જ એક વાત લાવેલા. એક ડોશી હતી. બીચારીને દીકરી પરણાવવી હતી. પૈસા ન મળે. સેલ કાકાને પગે પડી. સેલ કાકા કે લાવ માટલી ને ભરી લે રૂપિયા. કાકાએ હાથ ખંખેરવા માંડ્યા ને માટલીમાં રૂપિયા ભરવા માંડ્યા! બાઇને મહમદ સેલે કીધેલું કે 'જોજે, કાલ સુધીમાં બધા પૈસા ખરચી નાખજે! નિકર ધનની ધૂળ થઇ જશે!'

પણ હવે આવાં ગપ્પાં બસ રાખીએ. મુદ્દે મહમદ સેલ એક અજબ જેવા ખેલાડી હતા. હાથચાલાકી તો જાણે એના બાપની.


સેલ આનંદી ને ખુશમિજાજી હતા. પોતે ઓલિયા જેવા દેખાતા ને રાજરૂવાબથી રહેતા. સેલ કાઠિયાવાડના એક ગણવા જેવા માણસ થઈ ગયા.

સેલનો દીકરો જીવે છે. એને પણ જાદુના ખેલો આવડે છે. તે બોલતો નથી. સેલની જેમ એ પણ ફરે છે ને ખેલો કરે છે. પણ ક્યાં સેલ ને ક્યાં એનો દીકરો! એને કોક જ ઓળખતું હોય તો. બાકી સેલને તો આખું જગ જાણે. જગ એટલે આપણો કાઠિયાવાડ; ને બહુ બહુ તો ગુજરાત. **ગિજુભાઈ**


સૂતરને દોર



સોનેરી દોર, એક સોનેરી દોર,
સૂરજ ઊગે છે સોનેરી દોર:
રૂપેરી દોર, એક રૂપેરી દોર,
ચાંદો ખીલે છે રૂપેરી દોર.



હીરાની દોર, એક હીરાની દોર,
તારા તગે છે હીરાની દોર:
નીલમની દોર, એક નીલમની દોર,
સંધ્યા સરે છે નીલમની દોર.



પ્રીતિની દોર, એક પ્રીતીની દોર,
પૃથ્વી પળે છે પ્રીતિની દોર:
સૂતરને દોર, મારે સૂતરને દોર,
સ્વરાજ્ય આવે છે સૂતરને દોર.

'મોહિનીચન્દ્ર'



માધુકરી

ધરી પરમ મંત્ર એક ભડ માતૃસ્વાતંત્ર્યનો,
ગ્રહી બલિ હથેળીમાં જીવનનો, પનોતા ઊભા;
ફૂટે શિર, ખડી પડે કંઇક અસ્થિ, સાંધા તૂટે,
ભમે શિર, ભલે ભળે શરીરમિટ્ટી મિટ્ટી વિશે,
ન તો ય પ્રતિકારનો કદી ય ઘાવને ઘા થકી,
(પ્રસ્થાન) દઇ અરપી પ્રાણ, ને પરમ પ્રાણ પેટાવવો.—સુંદરજી ગો. બેટાઈ

મૅક્સિમ ગૉર્કી

રશિયન પ્રજાના પુનર્વિધાન અને રશિયાની રાજકીય ઉત્ક્રાન્તિમાં સાહિત્યકારોનો જેવોતેવો ફાળો નથી; બલ્કે રશિયાનું આજનું નૂતન રાષ્ટ્રવિધાન ઘણુંખરૂં ત્યાંના નવા યુગના સાહિત્યકારોની અસરનું પરિણામ છે. એવા અનેક સાહિત્યકારોમાં લીઓ ટૉલ્સ્ટૉય ને મૅક્સિમ ગૉર્કીનાં નામ અગ્રણી છે.

ટૉલ્સ્ટૉય ગર્ભશ્રીમંત અમીરનું ફરજંદ હતો; જીવનપલટો કરી, જમીનદારીની બાદશાહી ને મોજશોખ છોડી, તેણે સામાન્ય રશિયન ખેડુતનું જીવન સ્વીકારી ગરીબની જોડે અનુસંધાન કર્યું. ગૉર્કી ગરીબ રશિયન આમપ્રજાના એક મામૂલી ગાદીતકિયા મઢનાર કારીગરનો છોકરો હતો; ને જગતના સાહિત્યસ્વામીઓની હરોળમાં આજ ઊભેલો છતાં હજી મહત્તાનો દંભ એને લેશમાત્ર સ્પર્શી શક્યો નથી.

રશિયાનો સામાન્ય પ્રજાવર્ગ જેને પોતાના જીવનનું હૂબહૂ, સત્ય ને વેધક પ્રતિબિંબ આલેખીને જગત સમક્ષ ધરનાર સમર્થ સાહિત્યકાર તરીકે સન્માને છે તે મૅકસિમ ગૉર્કીના નામનો અર્થ 'કડવો મૅક્સિમ' એવો થાય છે. પરંતુ એ તો એનું તખલ્લુસ છે. એનું ખરૂં નામ તો ઍલેકસે મૅક્સિમૉવિચ પેશ્કૉફ. પણ નીચેનું એનું ટૂંકું જીવન બતાવે છે તે પ્રમાણે શરૂઆતની જીંદગી જે હાડમારીઓ ને જહેમતોમાં એણે ગાળી તેની કડવી અસરને લીધે એણે એવું વિચિત્ર તખલ્લુસ પસંદ કર્યું.(રશિયન ભાષામાં ગૉર્કી એટલે કટુ) અને તેથી જ એનાં શરૂઆતનાં લખાણોમાં જીવન પ્રત્યે કડવું વલણ જોવામાં આવે છે.

પાંચ વર્ષના મૅક્સિમને નિજની-નૉવગૉરોડના ભર્યા ગામમાં અનાથ મૂકીને એનો ગરીબ કારીગર બાપ ગુજરી ગયો, ને એ અનાથતામાં ઉમેરો કરી માતાએ પુનર્લગ્ન કર્યું એટલે નાનો મૅક્સિમ માતામહને ત્યાં મોટો થયો. પણ એ ગરીબ રંગરેજને ઘડપણમાં મોટા કુટુંબનું પોષણ કરવાના વાખા પડતા ગયા અને અંતે નવ વર્ષના મૅક્સિમને જાતે જ પોતાનું ભરણપોષણ કરી લેવાનો વખત આવ્યો. તે પછીનાં પંદર વર્ષ એણે શી રીતે વીતાવ્યાં તે એનું મન જ જાણે છે. પેટનો ખાડો પૂરવા એને ચીંથરાં વીણવાનો, ફળફળાદિની ફેરી કરવાનો, ગોદીની મજૂરીનો, ભઠિયારાનો, મૂર્તિઓ રંગવાનો, દેવળના ગવૈયાના મદદનીશનો, વકીલની ગુમાસ્તીનો,—એવા એવા ચિત્રવિચિત્ર ધંધાઓ કરવા પડયા. એ પંદર વર્ષમાં આવી વિવિધ રોજી મેળવવા એ નિજની-નૉવગૉરોડથી માંડીને ડાન્યૂબ તથા જ્યૉર્જિયા-કૉકેસસ સુધીનો પૂર્વ અને દક્ષિણ રશિયા આખો ખૂંદી વળ્યો, અને એ દરમ્યાન અનેક આપત્તિઓ ને વખા એને વેઠવી પડી.

બાળપણની અનાથતા અને આ ત્રાસભરી ગરીબાઈમાં એને શાળાનું શિક્ષણ તો પૂરૂં ક્યાંથી જ મળ્યું હોય? થોડું વાંચતાં લખતાં શીખેલો. પણ સાહિત્યનો ઉગમ અંતરમાંથી થાય છે; યૂનિવર્સિટી-શિક્ષણમાંથી નહિ. ઊગતી અવસ્થામાં જ કિશોર ગૉર્કીને એક એવો ગુરુ મળ્યો જેણે એના અંતરના દરવાજા ઉઘાડી નાખ્યા. વૉલગા નદીની એક હોડી ઉપરના એક રસોયા પાસે ગૉર્કી નોકર રહેલો. તેણે એને વાંચનનો રસ લગાડયો. એ રસોયા પાસે શૉખથી ભેગાં કરેલાં ઘણાં જ સુંદર પુસ્તકોનો સંગ્રહ હતો. તેમાંથી એ રોજ ગૉર્કીને કંઇ ને કંઈ વાંચી સંભળાવતો. ગૉર્કીની જ્ઞાનપિપાસા ઉત્તેજિત થઇ અને એ તૃષાને તૃપ્ત કરવામાં, એને કદિ કોઇ શાળા ન આપી શકત એવી કેળવણી મળી.


જુવાન ગૉર્કીનું બીજું ઘડતર કર્યું કઝાન ગામના રામસ નામના એક ભઠિયારાએ. અઢાર વરસની ઉમરે ગૉર્કી એને ત્યાં ભઠિયારૂં કરવા નોકર રહેલો. ગૉર્કીથી પંદર વર્ષે મોટો રામસ બહુ તેજસ્વી બુદ્ધિનો ને મધુર આદમી હતો. એની અસરથી ગૉર્કીનું ચારિત્ર્યગઠન બહુ સંગીન થયું. એને ત્યાં જ

ગૉર્કી પહેલવહેલો ક્રાંતિકારી ચળવળના પ્રસંગમાં આવ્યો. રામસ એક ક્રાંતિમંડળનો અગ્રણી હતો અને તેની દુકાનમાં રોજ રાત્રે મંડળની બેઠક મળતી. ભઠિયારાનો ધંધો એટલે રાત્રે ભઠ્ઠીઓ તો સળગતી જ હોય; એ જ કારણે સત્તાધીશોની શંકામાંથી એ મંડળ બચી જવા પામતું અને રોજ એ ભઠ્ઠીઓના ભડકાને ઓથે રહી સિતમગારોના જુલમોને ગાળવાની બીજી પ્રચંડ જ્વાળાઓ ચેતાવતું.

તે પછીને વર્ષે સહૃદય માનવતાથી પ્રેરાઇને વહોરેલી જે ઘાત ગૉર્કીને માથે ગઇ તેણે એના શરીરના બંધેબંધ તોડી નાખ્યા ને એને જીવનભરનો માંદલો બનાવી દીધો. દક્ષિણ્ રશિયાનાં ગામડાંઓમાં તે ભટકતો હતો એવામાં એક ગામને પાદરે કેટલાક ખેડૂતો એક સ્ત્રી પર સામાજિક સજાનો અસહ્ય જુલમ ગુજારતા તેણે જોયા. કોઇ ખેડૂતની એ સ્ત્રીને બેવફા થવાના ગુનાહ બદલ, તેમની અનાદિ કાળથી ચાલી આવેલી શિક્ષાની પરંપરા મુજબ, ગાડાને ઠૂંઠે તેનો ચોટલો બાંધીને પછી ગાડાને તોફાની ઘોડા જોડી સ્ત્રીને ઘસડતા ઘસડતા બીજે ગામ લઇ જવાની તેઓ તૈયારીમાં હતા. ગૉર્કીથી આ સિતમ સહ્યો ન ગયો. પેલી સ્ત્રીના રક્ષણ માટે તે એકલે હાથે ગામલોકોની સામે થયો, અને પરિણામે ક્રોધે ભરાએલા આખા ગામે—બસો ત્રણસો માણસોએ—તેના પર તૂટી પડીને નિર્દયપણે તેને બેશુમાર માર માર્યો. તેની પાંસળીઓ બધી ભાંગી ગઇ; તેનાં બંને જડબાંનો ચૂરો થઈ ગયો. મારથી અધમૂઆ ને મૂર્છિત બનેલા ગૉર્કીને મરી ગએલો ધારી તેમણે ગામ બહાર ખાઇમાં ફેંકી દીધો. ત્યાંથી બીજે દહાડે કોઇએ એને ઇસ્પિતાલમાં પહોંચાડ્યો. લાંબી મુદતે તે સાજો તો થયો, પણ મારથી ફેફસાં પર થએલા નુકસાનને લીધે એને જીવનભરનો ક્ષય ચોંટ્યો

રખડપાટ તો ચાલુ જ હતો. ધંધાઓ બદલાયા કરતા હતા. શૅલિયાપાઈન જોડેની મિત્રાચારીને લીધે (અને બેકાર હોવાથી પેટ પૂરવા) ગાતાં આવડતું ન હોવા છતાં તેની સાથે તે કઝાનની નાટકશાળાના ગાયકમંડળમાં નોકરીએ રહ્યો. આ દરમ્યાન વાંચન ચાલુ જ હતું અને લેખનની પણ થોડીથોડી શરૂઆત થઇ હતી. તેનો પરચો પણ તરત મળ્યો. પ્રચલિત ધર્મરૂઢિ સામે કંઈક નીડર લખાણ કરવા માટે ધર્મસત્તાધીશોએ તેનો 'ચર્ચ'માંથી મુદતી બહિષ્કાર કર્યો. ૧૮૯૭માં, એ બહિષ્કારની મુદત પૂરી થઈ તે જ દિવસે, ગૉર્કી ચર્ચમાં જ જઈ પરણ્યો.

૧૮૯૨માં ૨૪ વર્ષની ઉમરે ટિફ્લિસની રેલવે વર્કશૉપમાં મિકૅનિક તરીકે તે કામ કરતો હતો તે વેળા તેની પહેલવહેલી ટૂંકી વાર્તા એક સ્થાનિક રોજીંદા પત્રમાં પ્રકટ થઈ: મૅક્સિમ ગૉર્કીના તખલ્લુસથી,—જે નામે જ આજ આખું જગત એને ઓળખે છે. પણ એને ખરી કીર્તિ તો અપાવી ત્રણ વર્ષ પછી પ્રકટ થએલી 'ચેલકાશ' નામની એની વિખ્યાત નવલિકાએ. ૧૮૯૫માં સેન્ટપીટર્સબર્ગના એક અગ્રગણ્ય સામયિકમાં તે



મૅક્સિમ ગૉર્કી

આવી ને જગતે એની પ્રતિભા બરોબર પ્રીછી. એ વાર્તાએ એને અપૂર્વ નામના અપાવી અને એનું નામ ટૉલ્સ્ટૉય જેવા સમર્થ વિચારકની જોડાજોડ મૂકાવા લાગ્યું. બે વર્ષ પછી ૧૮૯૭માં એનો પહેલો વાર્તાસંગ્રહ બહાર પડ્યો.

હથોડો છોડી એણે હવે કલમ પકડી; પત્રકારિત્વનો ધંધો લીધો; નાટકો, વાર્તાઓ ને છૂટક લેખો પર બાખૂબ હાથ અજમાવ્યો. થોડા જ વખતમાં રશિયાના સીમાડા ભેદી એનું નામ દેશદેશાંતરમાં પહોંચી ગયું; જગતકીર્તિનો કળશ એને શિર ઢળ્યો.

કઝાનની ભઠિયારાની દુકાનની પેલી ક્રાંતિ-મંડળીઓની છાપ દિવસે દિવસે મન પર દૃઢ થતી જતી હતી અને રશિયામાં દિનપરદિન વધતી જતી સત્તાધીશો ને ધનિકો તથા જમીનદારો ને ધર્માધિકારીઓની આપખુદીની સામે હવે ખુલ્લી રીતે તે વલણ ધરાવતો થયો હતો. ૧૮૯૯માં સોશિયલ-ડેમોક્રૅટ મંડળમાં તે જોડાયો તેની સાથે જ પોલીસને ચોપડે તેનું નામ ચડ્યું અને જેલની મુલાકાતો થવા માંડી! પણ એથી તો એની નામના વધતી જ ચાલી.

૧૯૦૫માં ક્રાન્તિની ઝુંબેશમાં એણે છડેચોક ભાગ લીધો અને શિશિર-રાજમહાલય (વિન્ટર પૅલેસ) ઉપર બિશપ ગૅપન કામગારો ને કારીગરોની જે ધાડ લઈ ગયો તેની પકડાપકડીમાં એ પણ ઝડપાઈ ગયો. આ સમયનો એક નોંધવા જેવો પ્રસંગ એ છે કે સૅંટપિટર્સબર્ગની સાયન્સ ઍકેડેમીમાં આ જ વર્ષે તેનું નામ રજુ થએલું. ઝાર પાસે જ્યારે એ કાગળિયો મંજૂરી માટે ગયો ત્યારે એણે ગૉર્કીનું નામ

એમાં જોતાં જ હાંસિયા પર શેરો માર્યો કે 'બહુ જ વિચિત્ર!' કહેવાની જરૂર નથી કે ગૉર્કીની ઍકેડેમીની નીમણૂક રદ થઇ. આથી બધે બહુ ખળભળાટ મચ્યો ને ગૉર્કીના બે મિત્રો ચેકૉફ અને કૉરૉલૅંકોએ તો ઍકેડેમીમાંથી રાજીનામાં આપી દીધાં.

ક્રાંતિની ચળવળમાં હવે તે ઘણો વખત આપતો. પણ રાત ને દિવસ પોલિસની છુપી નજરની છાયા તળે જીવન ગાળવાથી તે કંટાળી ગયો, એટલે ૧૯૦૬ના અંતમાં મૉસ્કોના નાટ્યકલાગૃહની નટી માદામ આંદ્રેય્વના સાથે અમેરિકામાં ઝારશાહી-વિરોધી પ્રચારકાર્યે કરવા જવા માટે તેણે રશિયા છોડ્યું. પણ પરિણામ સારું ન આવ્યું. છેવટે ૧૯૦૭માં તે કૅપ્રી મુકામે જઇને ઠરીઠામ થયો. અહીં તેને લેનિનનો પરિચય થયો અને બંને વચ્ચે મૈત્રી જામી.

કૅપ્રીમાંના વસવાટ દરમ્યાનની છ વર્ષની એ મૈત્રીમાં બંનેએ મળી નૂતન રશિયન રાષ્ટ્રવિધાનનાં કૈં કૈં સ્વપ્નો રચ્યાં, કૈં કૈં યોજનાઓ ઘડી. સમય પાકતો આવતો લાગ્યો. ૧૯૧૩માં ફરી સૅંટપિટર્સબર્ગ આવીને ગૉર્કીએ 'લેટોપિસ' નામનું એક પત્ર શરૂ કર્યું. ત્યાં તો, પૂરું વર્ષ પણ ન વીત્યું ને મહાયુદ્ધ સળગ્યું. ગૉર્કીનું વલણ યુદ્ધવિરોધી શાંતિપક્ષનું હતું.

પણ હવે ઘણા સમયની સાધના, તપશ્ચર્યા અને લોકોની મૂંગી સહનશીલતાનું ફળ પાકી ગયું હતું. જુલમનો ઘડો ભરાઈ ચૂકયો હતો. કાળની નોબત ગગડી ઊડી ને ક્રાંતિકારીઓએ બરોબર સમય વર્તી નગારે ઘાવ દીધો. મહાયુદ્ધની જ્વાળાઓ હજી એક તરફ શમી પણ નહોતી ત્યાં રશિયામાં બોલ્શેવિઝમનો હુતાશ શતશિખાએ ભભૂકી ઊઠયો. કોઇની મગદૂર નહોતી કે એનો સામનો કરી શકે કે એને શમાવી શકે. કાં તો એની સાથે ભભૂકવું રહ્યું, કાં તો એમાં ભસ્મ થવું રહ્યું.

લેનિન હોય ત્યાં ગૉર્કી હોય જ. ૧૯૧૭ના એ રશિયન રાજ્યપલટા તરફ એણે સહૃદય સહાનુભૂતિ આપી. ક્રાંતિ પૂરી થઇ, ઝારશાહી નાબૂદ થઇ ને બોલ્શેવિક રાજ્યતંત્ર સ્થપાયું. ગૉર્કી તેમાં શિક્ષણ ને સંસ્કારિતાનો મુખ્યાધિકારી નીમાયો.

પણ એની તબિયત હવે રશિયાની ઠંડી હવા સહી શકે તેવી રહી નહોતી. એની ઘણી આનાકાની અને વિરોધ છતાં લેનિને એને આગ્રહપૂર્વક એની તબિયતને ખાતર રશિયાની બહાર વસવાટ કરવા મોકલ્યો. થોડો સમય ફિન્લૅન્ડમાં ને ત્રણ ચાર માસ જર્મનીના બ્લૅક ફૉરેસ્ટમાં ગાળી અંતે ૧૯૨૨માં તે ઇટાલીના કૅપો ડી સૉરેન્ટો ગામે આવી વસ્યો, અને એ જ આજ આઠ વર્ષથી એનું કાયમી વતન થઇ રહ્યું છે. વચ્ચેવચ્ચે જરૂર પડયે તે સારી ઋતુમાં રશિયા આંટો મારી આવે છે.

ગૉર્કીના સાહિત્યપ્રવૃત્તિના ત્રણ સ્પષ્ટ વિભાગ પડી આવ્યા છે. શરૂઆતનાં વર્ષોમાં તેણે નવલિકાઓ લખી જેણે એને કીર્તિમાળ આરોપાવી. એ વાર્તાઓનાં મુખ્ય પાત્રો ભટકેલ રખડુઓ અને સમાજે તરછોડેલી વ્યક્તિઓનાં છે. પણ ગૉર્કીએ સહૃદય સહાનુભાવથી એમનાં જીવનનાં જે ઉઠાવદાર ચિત્રો આલેખ્યાં છે ને એમાં રહેલી રંગીલા જીવનની ભભક વર્ણવી છે તેને લીધે એ રશિયનોમાં અતિ પ્રિય થઈ પડયો. 'ચેલકાશ ને બીજી વાતો', 'જે પ્રાણીઓ એકદા માનવી હતાં' તથા 'એક નવલકથાની કથા ને બીજી વાતો' એ ત્રણ એના ટૂંકી વાર્તાઓના સંગ્રહ છે.

૧૮૯૯ પછી એણે લાંબી નવલો ને નાટકો લખવાં શરૂ કર્યાં અને એમાં રશિયન પ્રજાજીવનનું વિશાળ દષ્ટિબિંદુ લઇને તેના બળતા પ્રશ્નો છણ્યા. 'પાતાળાગાર' (લોઅર ડેપ્ટ્સ) નામનું એનું નાટક જગ-પ્રસિદ્ધિ પામ્યું છે. બર્લિનમાં તે લાગટ બે વર્ષ સુધી ભજવાએલું. બીજું એક એનું નાટક 'રાતવાસો' (નાઈટ્સ લૉજિંગ) નામનું છે. લાંબી નવલકથાઓમાં રશિયા-અને દુનિયા-ના આમવર્ગે જેને અંતરથી વધાવી છે તે 'જનેતા' (મધર) નામની કથા. આમજીવનનું પ્રતિબિંબ પાડતી એ સમાજવાદી નવલનો અનુવાદ ચાલુ વાર્તા તરીકે ગુજરાતી માસિક 'નવયુગ'માં આવે છે. 'અસ્ત' (ડીકેડન્સ), 'જાસૂસ', 'મારું બાળપણ' અને 'દુનિયામાં' એ ચાર એનાં બીજાં નવલો છે. એમાંનાં છેલ્લાં બે એની આત્મકથા જેવાં છે, અને એના પ્રકાશન સાથે એની સાહિત્યપ્રવૃત્તિનો ત્રીજો —અને વધારે ઉજ્જ્વલ—ટપ્પો શરૂ થયો છે. પછી તો એણે 'મારી વિદ્યાપીઠો'માં પોતાની યુવાવસ્થાનાં સ્મરણો આલેખ્યાં અને 'સંસ્મરણો' નામના પુસ્તકના એક ભાગરૂપે 'ટૉલ્સ્ટૉયનાં સંસ્મરણો' જે આલેખ્યાં તે તો બહુ જ આદર અને પ્રસિદ્ધિ પામ્યાં. 'મારી રોજનિશિમાંના થોડા ફકરા' એ પણ એનું એટલું જ આદરપાત્ર—ને છેલ્લું—પુસ્તક છે.

રશિયનોના જીવનનું વેધક ચિત્ર આલેખવામાં ગૉર્કીને હજી કોઇ આંટી શકયું નથી. એનું પાત્રાલેખન જેટલું ઉઠાવદાર અને સજીવ છે તેટલું જ વિશાળક્ષેત્રી છે.

વાંચનનો જુવાનીનો શૉખ એનો હજી ઓસર્યો નથી. 'પુસ્તક તો—' એ લખે છે કે 'હાથમાં લઉં છું ને મને રોમાંચ થાય છે ને પ્રેરણાના ઓઘ છૂટે છે. મારામાં જે કાંઇ સારું માનવ તત્ત્વ હશે તે બધું ગ્રંથવાચનને પ્રતાપે છે.' નૉર્વેજિયન લેખક નટ હૅમસન, ફ્રેન્ચ લેખક રોમાં રોલાંદ અને જર્મન સાહિત્યકાર ટૉમસ માન—જે હમણાં છેલ્લું નોબેલ ઈનામ જીત્યો—એના પ્રિય લેખકો છે. (સંકલિત)

સર ઑરેલ સ્ટીન મધ્ય એશિયાની શોધખોળે

મધ્ય એશિયાના 'લૉપ'ના રણની સૂકી રેતીમાં માનવજાતિનો જે ભૂંસાઈ જતો ઇતિહાસ છુપાએલો છે તેને પ્રકટ કરવા અને તેનું રહસ્ય જગતની પ્રજા સમક્ષ રજુ કરવા માટે હંગરીના પેલા ૬૮ વર્ષના વૃદ્ધ જુવાન સર ઑરેલ સ્ટીને એક વખત ફરીથી પ્રયાસ આદર્યો છે. સર ઑરેલ સ્ટીન એટલે બ્રિટિશ હિંદનો દીર્ઘ કાળનો વિશ્વાસપાત્ર, સાહસિક ને વિદ્વાન સેવક; સંસ્કારિતા અને જ્ઞાનનો રૂપભંડાર. તેનો કીર્તિસૌરભ હિંદ બહારના પ્રદેશોમાં પણ મહેકે છે. આજ ૬૮ વર્ષની

પાકટ વયે પણ આવું ભગીરથ કાર્ય ઉપાડવામાં રહેલો એનો અડગ નિશ્ચય, જુવાનોને પાણી ચડાવે તેવી કાર્યશક્તિ, અદમ્ય ઉત્સાહ અને ધ્યેયની સાધના પાછળની એની શુદ્ધ નિષ્ઠા એ બધા ગુણો નિર્બળમાં પણ શક્તિ ભરે તેવા છે. તેની આ વખતની મુસાફરીનું ખર્ચ અમેરિકાની હાર્વર્ડ યૂનિવર્સિટી અને બ્રિટિશ મ્યૂઝિયમે માથે લીધું છે, અને એ નીડર ને અડગ મુસાફરે પોતાના રસાલા સામે દૂરનાં એ મોહક અને કષ્ટસાધ્ય ચીનાઈ તુર્કસ્તાનના એ રણમાં ક્યારની મુસાફરી શરૂ કરી દીધી છે.

મધ્ય એશિયાના એ રણનો ઇતિહાસ જાણવા જેવો છે. એક વખત આ રણ એશિયા ખંડની મધ્યમાં ભૂમધ્યસમુદ્ર સરખો મહાસમુદ્ર હતો અને તે દ્વારા ચીન તથા પૂર્વ યુરોપ એકબીજા સાથે વેપારથી જોડાએલાં હતાં. આજે તેની આસપાસ ઊંચા પર્વતોની હારમાળા આવેલી છે: દક્ષિણે કારાકોરમ, ક્વેન-લુન અને આલ્ટીન ટાઘ તથા ઉત્તરે ટીએન-શાન. એ પર્વતોમાંથી વહી આવતી નદીઓ આ વિશાળ રણના મેદાનમાં પડે છે. પણ એ પર્વતો પવન ને હવામાનથી સદાકાળ અને બહુ ઝડપથી ઘસાતા રહેતા હોવાથી ત્યાં રેતીનાં મોટાં તોફાનો સતત થયા જ કરે છે; એટલે ત્યાં વસ્તી ઘણી થોડી છે. આમ પર્વતો ઘસાતા જાય છે અને તોફાની પવનોનાં સતત ઝાપટાંઓ પર ઊડીઊડીને રેતીના ઢગના ઢગ રોજરોજ એ એક વખતના મહાસાગરનું તળ પૂરતા જાય છે. અગાઉની નદીઓ પણ બધી આજે પૂરાઇને માત્ર વોંકળા જેવાં ઝરણાં રહ્યાં છે. સમુદ્ર પૂરાતાં પૂરાતાં બાકી રહેલું લૉબનોર નામનું સરોવર પણ હવે તો એવું પૂરાઇ જવા આવ્યું છે કે વર્ષાઋતુ સિવાય વર્ષના બાકીના ભાગમાં તે લીલું ઘાસ ઊગેલું ભેજવાળું ખારા પાણીનાં ખાબોચિયાંના સમૂહ જેવું જ માત્ર જણાય છે. શો કુદરતનો કેર છે? એક વખત આ જ ભૂમિ પર આજની પ્રજાઓની જનેતા, હજારો વર્ષ પહેલાંની પ્રથમ માનવપ્રજા ઊછરી હતી. ત્યાંથી ફેલાતીફેલાતી એ પ્રજાની પરંપરાએ આજે જ્યારે જગતભરના દેશોમાં પોતાનો કુલવિસ્તાર કર્યો છે ત્યારે માનવજાતિ અને સંસ્કૃતિનું એ ઉદ્‌ભવસ્થાન કુદરતી પ્રલયના ભયંકર પંજામાં સપડાયું છે!

અગાઉ એક વખત આ ભૂમિ ઉપર સર ઑરેલ સ્ટીન જઇ આવ્યા છે ને તે વખતની શોધખોળને પરિણામે ખાતરીપૂર્વક સાબિત કરેલું છે કે ૨૦૦૦ વર્ષો પહેલાં આ ભૂમિ પર થઇને વેપારીઓની વણઝારો ચીનની પેદાશ યુરોપમાં અને યુરોપની પેદાશ એશિયાના દેશોમાં લાવતી લઇ જતી. સાડા છ સૈકાઓ પહેલાં વિખ્યાત મુસાફર માર્કો પોલોએ ઇરાન અને ચીન વચ્ચે મુસાફરી કરેલી તે પણ આ જ માર્ગે થઇને, અને તેનું તેણે આબેહૂબ વર્ણન કર્યું છે.

સર ઑરેલ સ્ટીન પૂર્વની ભાષાઓના તલસ્પર્શી જાણકાર છે; તેમને તમામ જાતનાં વાહનોની મુસાફરીનો બહોળો અનુભવ છે; તેમની નિરીક્ષણશક્તિ અદ્‌ભુત છે અને પુરાણ ઇતિહાસ તથા પુરાતત્ત્વનું તેમનું જ્ઞાન અદ્વિતીય છે. એટલે આ શોધખોળ માટે એ જ સુયોગ્ય માણસ છે. એમનો રસાલો બે ભાગમાં વહેંચાએલો છે. આખો રસાલો હિંદુકુશ અને કારાકોરમના ઊંચા પર્વતો વચ્ચેના ઘાટમાંથી પસાર થશે. એક ભાગ સ્વાતના રાજ્યમાં થઇને અફઘાનિસ્તાનની પ્રદક્ષિણા કરીને જશે અને બીજો ભાગ કાશ્મીરથી ઉપડશે તે સિંધુને તીરેતીરે થઇને છેક ઉત્તરના ભાગમાં તેને મળશે. ત્યાંથી બંને સાથે ઉપડીને પામીરના ઉચ્ચ પ્રદેશ પર થઇ ચીનાઇ તુર્કસ્તાનના કાશગર શહેરને રસ્તે વણઝાર મારફત એ પ્રદેશમાં પહોંચશે.

આ મુસાફરી વર્ષોની જહેમત માગે છે. પણ તેને અંતે સર ઑરેલ સ્ટીન એ જૂની દુનિયાનાં ઇતિહાસરહસ્ય ઉકેલી તેને આ નૂતન પ્રજાના ઇતિહાસ સાથે જોડી દે એવું ઇચ્છનારો એકેએક માણસ આતુરતાપૂર્વક આ શોધખોળની પ્રતીક્ષા કરતો રહેશે, અને એ વિદ્વાન સાહસિકની લાંબી ને જ્વલંત કારકીર્દિ પર આવા ઉજ્જ્વલ કાર્યની સિદ્ધિનો સુવર્ણકળશ ચડે એવી શુભેચ્છાઓ પ્રાર્થશે. (અંગ્રેજી ઉપરથી)--મોહિનીચંદ્ર

કાચાં ફળોને પકવવાની કૃત્રિમ રીત

અમેરિકાના કૃષિ-નિષ્ણાતોએ કાચાં ફળોને કૃત્રિમ ઉપાયથી પકવવાની રીત શોધી કાઢી છે. અજાયબીભરી બીના તો એ છે કે જે ફળોને કુદરતી રીતે પાકતાં કેટલાંક અઠવાડિયાં લાગે છે તે જ આ કૃત્રિમ ઉપાયથી તેટલા કલાકમાં પાકી જાય છે! કાચાં ફળોને 'એથેલિન' ગૅસ ભરેલી પેટીમાં રાખવાથી તે ઝટ પરિપક્વ થાય છે. આ ગૅસથી ફળોનો રંગ ઉજ્જ્વળ બને છે અને તેમાં રહેલી મિઠાશ પણ વૃદ્ધિ પામે છે.

ફિલિપાઇન ટાપુઓ પાસે પાસિફિક મહાસાગરની ઊંડાઇ પૃથ્વીપર સૌથી વધારેમાં વધારે—૩૨૦૮૯ ફીટ છે. એ ઊંડાઇ એટલે જગતનું ઊંચામાં ઊંચું હિમાલયનું ગૌરીશંકર—માઉંટ એવરેસ્ટ—શિખર તેમાં ડૂબી જાય ને તેની ઉપર પાછું ૩૦૦૦ ફીટ પાણી ફરી વળે!

卐

૧૯૨૮ના એપ્રિલમાં 'લેવીઅથેન' સ્ટીમરના હવા ખાવાના તૂતક ઉપર જેવું મોજું પડયું હતું તેવડું મોટું મોજું આજ લગી કોઇ સ્ટીમર પર કદી પડયું નોંધાયું નથી. આ મોજું પડવાને પરિણામે પાણીથી ૧૪૦ ફીટ ઊંચે આવેલી સ્ટીમરની સર્ચલાઈટ બૂઝાઇ ગઇ હતી!

卐

મેકિસકોના અખાતમાં એક એવો ટાપુ આવેલો છે જેના કિનારા ઉપરનો રંગ વારંવાર બદલાયા કરે છે. ભરતી વખતે પાણીનો રંગ સોનેરી હોય છે અને ઓટ વખતે રેતીનો રંગ ગેરુ જેવો થઇ જાય છે.

'સ્વરાજ થશે ત્યારે રાષ્ટ્ર-સરકારમાં તમે કયો હોદ્દો પસંદ કરશો? વડાપ્રધાન થશો કે પરરાષ્ટ્ર-મંત્રી?' મિત્રે પૂછેલા આ પ્રશ્નના ઉત્તરમાં લોકમાન્યે જણાવેલું 'ના રે ભાઇ! સ્વરાજ થશે કે હું તો મારે કોઇ કૉલેજમાં ગણિતનો અધ્યાપક બની બેસી જઈશ. એ રાજખટપટ મને નથી પસંદ. મારે તો હજી ડિફરેન્શ્યલ કૅલ્ક્યુલસ પર પુસ્તક લખવું છે. આ તો દેશ પર પારતંત્ર્યનું સંકટ છે એટલે આપદ્-ધર્મ તરીકે રાજકારણમાં પડ્યો છું.'

જાહેર ખબરો તથા એવા જ બીજા પ્રયોગોમાં કેટલાક 'જોઇએ છીએ' શબ્દ વાપરે છે તે ખોટું છે એ તો 'જોવું' ક્રિયા-પદનું પહેલા પુરુષ બહુવચનનું રૂપ થયું. ખરો શબ્દ 'જોઇએ છે' હોવો જોઇએ.

ઘર ધોળાયા પછી ફર્નિચર અને બારીબારણાં પર પડેલા ચૂનાના ડાઘ પાણી વડે સાફ કર્યા છતાં પણ સફેદ ધાબાં રહી જાય છે. તેલ ને પાણી સરખે ભાગે ભેગાં કરી બીજી વખત તેનો હાથ મારવાથી ચકચકિત થઇ જશે.

તાજાં બટેટાંની છાલ સખત બ્રશથી તરત ઉખડી જાય છે; પણ આપણે ત્યાં તો વણ ભરેલો ખાટલો કે માચી પણ ચાલે.

ઘસિયું મીઠું ને સુરકો સરખે ભાગે લઈ ઘસવાથી ઇનામલનાં વાસણોમાંથી ગમે તેવા જૂના રીઢા ડાઘ નીકળી જશે.

માટલામાં ચોંટી ગએલું મીઠું ઉખેડતાં મુશ્કેલી પડે છે. એક રાત અંદર બેએક રીંગણાં રાખી મૂકો અથવા માટલાને ભીનું કપડું વીંટી રાખો: છૂટું પડી આવશે.

હિંદમાં કુલ ૧૫ લાખ માણસો સરકારી નોકરી કરે છે; તેમાં ૧૨ હજાર અંગ્રેજો છે.

છબી તથા બારીબારણાંના કાચ થોડી ગળીવાળા પાણી વડે ધોવાથી વધારે ચોખ્ખા થશે, ને જલદી નહિ બગડે.

કીડીને ગંધકની વાસ નથી ગમતી, તેમ ઉંદર કપૂરની વાસથી નાસી જાય છે.

કળથીની રાબ પીવાથી હરસ મટે છે.

ઉમર કહી દો: ૧૯મી સદીમાં જન્મેલા માણસને કહો: 'તમારા જન્મના વરસનો ત્રીજો આંકડો લ્યો. તેને પાંચે ગુણો. તેમાં બે ઉમેરો. તેને બેએ ગુણો. તેમાં તમારા જન્મના વરસનો છેલ્લો આંકડો ઉમેરો. શું આવ્યું?' એ જે રકમ કહે તે રકમ ૧૩૪માંથી બાદ કરતાં જે વધે તેટલાં વરસ તેને ૧૯૩૦માં થયાં.




ચોપડીઓને જીવાત લાગતી અટકાવવા માટે ચોપડીઓની પાછળ ઉગ્ર ટરપેન્ટાઇનમાં બોળેલું પોતું રાખવું.

જાડી મીણબત્તી કરકસરથી બાળવી હોય તો તેના પર સફેદ વારનીશનો હાથ મારી સૂકવી રાખવી. આથી મીણબત્તી બળશે ત્યારે ઓગળેલું મીણ વારનીશના પડની પાળમાં રોકાઇને બળશે ને બહાર રેલા ઊતરી આવી ટળશે નહિ.

લીલી તુવેરના દાણાની પોટીસ બાંધવાથી સોજો ઊતરી જાય છે.

તમારી પથારી ભીંતથી દૂર રાખશો તો વધારે ચોકખી હવા મળી શકશે.



ઉપર, મોટા ચાંદલાઓ વચ્ચેનો ચાંદલો ને નાનાઓ વચ્ચેનો ચાંદલો બંનેમાં ફરક લાગે છે ખરૂં? પણ એ દૃષ્ટિભ્રમ છે. માપી જોશો તો બંને સરખા જ છે.

ઘરનાં આંગણાંમાં સૂરજમુખી ફૂલો ઉગાડવાથી ભેજ ઓછો થશે ને મૅલેરિયાના મચ્છરોને તે દૂર રાખશે.

'કોઇ માણસ પોતાની કાકીના મામાના ફુવાની દીકરીની ભાણેજની ભત્રીજીને પરણે તો તે એનો શો સગો થાય?'

'આપણને ગમ નથી પડતી, ભાઇ.'

'કેમ વળી? એનો વર.'

નીસરણીનું પગથિયું પૂરૂં થતું હોય ત્યાં આગળની જમીન પર તદ્દન ધોળા કે કાળા રંગનું ચોરસું જડવાથી (અથવા ચીતરવાથી) ઉતરનારને સરળતા થશે.

ચણોઠીનાં બીજનું સૂક્ષ્મ ચૂર્ણ સુંઘવાથી શરદીને લીધે થએલો માથાનો દુખાવો મટશે.

દાક્તરની સલાહથી ગરમ પાણી પીવાની જરૂર પડે તો પાણીને એક પ્યાલામાંથી બીજા પ્યાલામાં ઊંચેથી વીસ પચીસ વાર રેડો. અંદર હવા પસાર થશે એટલે તે ઓછું બેસ્વાદ લાગશે.

ભૂલથી ચોડાએલી કે વગર બગડેલી ટિકિટ કાગળ પરથી ઉખેડવા માટે બાજુના ચિત્રમાં બતાવ્યા મુજબ ટિકિટને નીચે સપાટ દબાવીને કાળજીથી કાગળને ખેંચી લેજો; ટિકિટ નહિ ફાટે. ગમે તે ચોંટેલો કાગળ આ રીતે ઉખેડી શકાશે.

